


# શ્રી દેવીમા પ્રેરિત
# શ્રી ઉપાસના







વર્ષ-૬ અંક (૫) ૩૫ જાન્યુઆરી-ફેબ્રુઆરી : ૯૯



# "શ્રીદેવીબા પ્રેરિત શ્રીઉપાસના"

**આનંદધામ, ૨૪, આનંદપાર્ક, કડી-૩૮૨ ૭૧૫**
**ફોન : (કોડ નં.૦૨૭૬૪) ૪૨૦૬૭, ૬૩૨૩૫**

**આદ્યસ્થાપક :** શ્રીદેવીબા - શ્રી શિવગુરુજી

**તંત્રી** : શ્રી જીવણભાઈ એમ. પટેલ
**સહતંત્રી** : શ્રી રમેશભાઈ ત્રિવેદી
**સહતંત્રી** : શ્રી ચંદ્રકાન્ત એમ. જાની

વર્ષ : ૬ અંક : ૫ સળંગ અંક : ૩૫ જાન્યુઆરી-ફેબ્રુઆરી : ૧૯૯૯



: સંપાદક મંડળ :

**સંપાદક** : ડૉ.શ્રી અશોકભાઈ પી. નાયક
શ્રી મણિલાલ આ. નાયક

**સહસંપાદક :** શ્રી રસિકભાઈ મ. નાયક
શ્રી ગોરધનભાઈ એસ. ત્રિવેદી
શાસ્ત્રી શ્રી ચંદ્રશંકર પંડ્યા
શ્રી કિરીટભાઈ વ્હોરા
ડૉ. શ્રી પંકજ પટેલ

**સંપાદન સલાહકાર :**
શ્રી ડૉ. અરૂણોદયભાઈ જાની
શ્રી પ્રો. રતિલાલ સાં. નાયક
શ્રી યશવંત કડીકર
ડૉ. પ્રજ્ઞાબેન શાહ

**આવરણ :** શ્રી બાબુભાઈ પટેલ

**લવાજમ : (ભારત)**
રૂા. ૧૦૦/- (વાર્ષિક)
રૂા. ૧૦૦૦/- (આજીવન)

| | | |
|---|---|---|
| વાર્ષિક | પાઉન્ડ | ૧૦ |
| | ડોલર | ૧૫ |
| પાંચ વર્ષ | પાઉન્ડ | ૪૦ |
| | ડોલર | ૬૦ |
| આજીવન | પાઉન્ડ | ૧૦૦ |
| | ડોલર | ૧૫૦ |

છૂટક નકલ રૂા. ૨૦/-
લવાજમ રોકડા / ચેક-ડ્રાફ્ટ તથા એમ.ઓ.થી. સ્વીકારાય છે.

**: માલિક અને પ્રકાશક :**
**મેનેજીંગ ટ્રસ્ટી**
**શ્રીવિદ્યા ઉપાસક, ચેરીટેબલ ટ્રસ્ટ,**
આનંદધામ, ૨૪-આનંદપાર્ક સોસાયટી, કડી.

**મુદ્રક : શ્રી ભદ્રેશ આર. પટેલ**
**સાબર પ્રિન્ટર્સ**
અમદાવાદ ફોન : ૫૬૨૨૫૯૬


## મંગલાચરણ...

**.... : શ્રી ચંદ્રકાન્ત એમ. જાની**

### પ્રેમ અને સ્નેહનું મિલન

પ્રેમ અને સ્નેહ સમાન અર્થધારક જેવા લાગતા હોવા છતાં તેની ગહનતા (ઊંડાણ)માં અર્થભેદ સમજવા જેવો છે. પંડિત શ્રી કપિલનારાયણ મિશ્ર, ભોજપુર (બિહાર), આ બાબતે સ્પષ્ટતા કરતાં જણાવે છે કે -

"પ્રેમ"માં કોઈ શરત (બદલાની ભાવના) નથી. વિશુદ્ધ અને મર્યાદિત કામના અર્થાત્ 'પ્રેમ' અને 'સ્નેહ'નું મિલન એટલે બ્રહ્મ અને સત્યના મિલનની વાસના (તત્પરતા)થી યુક્ત સમર્પણની ઈચ્છા. 'સ્નેહ'માં સમર્પણની ભાવના મમત્વને કારણે હોય છે. નિરંતર 'સ્નેહ' - દૃષ્ટિ પડતી રહેવાને કારણે (પરોક્ષ-અપરોક્ષરૂપે) પ્રેમીના મનમાં 'પ્રેમ'ની ભાવના અંકૂરિત થાય છે અને ઉત્તરોત્તર તીવ્ર થતી જાય છે. પરિણામે બન્નેના મનમાં એકબીજા પ્રત્યે આદર અને સન્માનનો ભાવ વિકસે છે જેની અંતિમ પરિણતિ કોઈપણ શરત વગરના સમર્પણ પ્રત્યે દોરી જાય છે. પ્રેમ, સ્નેહની સાથે મળીને એકાકાર બની પોતાનું અસ્તિત્વ મિટાવી દે છે જ્યારે સ્નેહ પોતાનું અસ્તિત્વ ચાલુ રાખે છે. 'સ્નેહ' મમત્વ-પ્રેરક હોવાને કારણે સ્ત્રિયોચિત (પ્રાકૃતિક - માતૃત્વના ગુણવાળું) છે. 'પ્રેમ' પુરૂષપ્રધાન ગુણવાળું છે.

**'સ્નેહ' એ સીમા વગરનો સાગર છે જેમાં પ્રેમરૂપી સઘળી નદીઓ તેમાં મળીને પોતાનું અસ્તિત્વ મિટાવીને એકરૂપ બની જાય છે.** પ્રેમ સ્નેહમાં સમાઈ જાય છે. આમ એકાકાર - સમર્પણ - "एकोऽहं बहुस्याम्" ની ઈચ્છા ઉત્પન્ન કરે છે.

સ્નેહને વશ થઈને ત્રિ-દેવ (બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ) બાળકરૂપ ધારણ કરીને પારણામાં ઝૂલવા વિવશ બને છે.

સ્નેહમાં સેવાભાવ રહેલો છે અને પ્રેમમાં સ્નેહાધિન ભક્તિને કારણે દાસ-ભાવ (બોધ) આવી જાય છે. સેવા, નિષ્કામ અને સ્નેહાધિન ભક્તિયુક્ત દાસ-ભાવ સકામ છે. સ્નેહ નિરાકાર છે જ્યારે પ્રેમ સાકાર છે. બન્નેનું એકબીજામાં સમર્પણ એ ભાવાતિત અવસ્થા છે. આ ભાવાતિત અવસ્થાથી જ અનંત તત્ત્વોનો સૃષ્ટિ-સ્થિતિ અને સંહારક્રમ થતો રહે છે. **આ પ્રેમ અને સ્નેહભાવની પરિણતિરૂપ શિવ-પાર્વતી સંવાદરૂપે અગમ-નિગમની રચના આવિર્ભાવ પામી."**

સદ્ગુરૂદેવ શ્રીદેવીબા-શિવગુરૂ મુમુક્ષુ ઉપાસકોને રાજરાજેશ્વરી પીઠમ્, કડીમાં આ અગમ-નિગમનું જ્ઞાન પ્રદાન કરે છે.

— અસ્તુ

## અનુક્રમણિકા


| ક્રમ | કૃતિ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧. | મંગલાચરણ | શ્રી ચંદ્રકાન્ત એમ. જાની | ૧ |
| ૨. | સત્સંગ સુધા | શ્રી રસિકલાલ મ. નાયક | ૩ |
| ૩. | સુભાષિત | શ્રી ચંદ્રશંકર પંડયા | ૪ |
| ૪. | શ્રીલલિતામ્બા ત્રિશતીનામ | શ્રી ગોરધનભાઈ એસ. ત્રિવેદી | ૫ |
| ૫. | જીવનની સાર્થકતા | શ્રી બાબુભાઈ નાયક | ૬ |
| ૬. | મહત્વ સાત આંકડાનું.... | શ્રી યશવંત કડીકર | ૯ |
| ૭. | શ્રી લલિતા સહસ્રનામ | શ્રી ચંદ્રકાન્ત એમ. જાની | ૧૦ |
| ૮. | તીર્થ... | સ્વ. બાબુભાઈ જે. બારોટ | ૧૩ |
| ૯. | રામરોટી | શ્રી ભગવત સુથાર | ૧૪ |
| ૧૦. | ધૈર્યનું જીવનમાં અમૂલ્ય સ્થાન | સુ. શ્રી કિરણબેન એન. શાહ | ૧૬ |
| ૧૧. | પરામ્બા વિલાસ | શ્રી ચુનિભાઈ ભટ્ટ | ૧૭ |
| ૧૨. | શ્રી મોક્ષદાયીની મા જગદંબા | શ્રી શંકરલાલ મ. નાયક | ૧૯ |
| ૧૩. | તંત્રમાં ઉપચાર પધ્ધતિ | સુ.શ્રી ડૉ. પ્રજ્ઞાબેન શાહ<br>અનુવાદ : શ્રી પુરુષોત્તમભાઈ જોષી | ૨૧ |
| ૧૪. | ચેતવણી | શ્રી રતિલાલ મ. નાયક | ૨૫ |
| ૧૫. | યજુર્વેદ સંહિતા (સંક્ષિપ્ત) | શ્રી ભાનુશંકર દલપતરામ જાની | ૨૭ |
| ૧૬. | સાધન સમર અર્થાત્ દેવી માહાત્મ્ય | પ્રો. શ્રી ધીરેન ઉપાધ્યાય | ૨૯ |
| ૧૭. | કામાખ્યાતન્ત્રમ્ | સુ.શ્રી 'દુર્ગાબાળ' દમયંતી જાની | ૩૧ |
| ૧૮. | ॐ સર્વે વૈ દેવા: | પ્રા. શ્રી જનાર્દન દવે | ૩૪ |
| ૧૯. | યોગ વિશે મહર્ષિ અરવિંદ | શ્રી રામજીભાઈ કડિયા | ૩૭ |
| ૨૦. | PIMAGE (જીવનના રંગ) અંગ્રેજી | લેફ. કર્નલ શ્રી સી. સી. બક્ષી | ૩૯ |
| ૨૧. | સમજો અને અનુભવો | શ્રી રજનીકાંત મ. ભટ્ટ | ૪૨ |
| ૨૨. | સમજ | શ્રી મયંક શુકલ | ૪૩ |
| ૨૩. | **• બાળવિભાગ :** | | |
| | ગુરુભક્ત એકલવ્ય | શ્રી રમેશભાઈ ખમાર | ૪૪ |
| ૨૪. | **• કાવ્ય વિભાગ :** | | |
| | (૧) પૂજ્ય શ્રીદેવીબાની પૂર્વ જીવનગાથા | શ્રી મણિભાઈ આ. નાયક | ૪૫ |
| | (૨) ભજને ભીંજનારી | કુ. કનીનિકા જાની | ૪૬ |
| | (૩) ઉમીયા માતાજીનો ગરબો | 'બહુચર બાળ'- બાબુ | ૪૬ |
| | (૪) રુકમ્બાસ્તવન | સુ.શ્રી શોભના આર. નાયક | ૪૭ |
| ૨૫. | સંસ્થા સમાચાર | ડૉ. શ્રી અશોકભાઈ પી. નાયક | ૪૮ |
| ૨૬. | કુંડલિની જાગરણ | શ્રી આત્મારામ ભારદ્વાજ | (ત્રીજું કવર પેજ) |


***

## સત્સંગ સુધા...

....✍ શ્રી રસીકલાલ મ. નાયક

*"નિઃસીમને દૂરથી સમજવાનો પ્રયાસ હમેશાં નિષ્ફળ જશે; નિઃસીમના આલિંગનમાં જ એનું યથાર્થ રહસ્યોદ્દઘાટન થાય છે."* [- અમૃતમ્

વિષ્ણુનું જે પાલનરૂપી કાર્ય છે તે તેમની શક્તિ મહાલક્ષ્મી દ્વારા થાય છે. આ શક્તિ પાલનકાર્યને અનુરૂપ યોગ્ય એવા સુવર્ણના જેવા વર્ણવાળા છે. તેમનું પાલન અંગેનું કાર્ય ન કેવળ પાલન પૂરતું સિમિત છે પરંતુ પોષણ અને વૃદ્ધિને કરવાવાળું પણ છે. તેથી પાલનનું કાર્ય સંપન્ન કરીને તે બાબત બ્રહ્માના હાથમાં સોંપીને મહાલક્ષ્મીજી કહે છે, ભાઈજી ! મેં મારા પતિનું કાર્ય સંપન્ન કર્યું. હવે તમે તેને હાથમાં લો અને નવી ચીજોને ઉત્પન્ન કરવાનું એટલે કે પોષણ અને વૃધ્ધિ પામવાના કાર્યને શરૂ કરો.

બ્રહ્માજીના કાર્યક્ષેત્રમાં નવી ચીજોનો આવિષ્કાર એટલે કે સૃષ્ટિની વૃદ્ધિનું કાર્ય આવે છે. આ કાર્ય તેમના શક્તિ મહાસરસ્વતી હાથ ધરે છે અને તેને અનુરૂપ સફેદ વર્ણવાળા છે. પોષણ અને વૃદ્ધિનું એટલું જ કામ તેઓ નથી કરતા પરંતુ તેના માર્ગમાં અવરોધક અનિષ્ટ પદાર્થ - તત્વોને દૂર કરવાનું કાર્ય પણ કરે છે. પોતાનું આ કાર્ય સંપન્ન કરીને વૃદ્ધિગત પામેલી વસ્તુને રુદ્રના હાથમાં સોંપે છે અને કહે છે, ભાઈજી ! મેં મારા પતિ શ્રી હિરણ્યગર્ભ - બ્રહ્માજીની શક્તિની હેસિયતથી આનું પોષણ તેમજ વર્ધન કર્યું છે, હવે તમે તેમાં રહેલી ખરાબી તેમજ ઉણપોને દૂર કરો. તેની ત્રૃટિઓને દૂર કરો / સંહાર કરો.

આ પ્રમાણે પરમકૃપાળુ પરમાત્મા જગદીશ્વર મહાપ્રભુ સૃષ્ટિ (સર્જન), સ્થિત (પાલન) અને સંવરણ (સંહાર)નું, આમ ત્રણે પ્રકારનું કાર્યચક્ર બ્રહ્મા, વિષ્ણુ અને રુદ્ર એ ત્રણ નામોથી પ્રવર્તાવી રહ્યા છે અને આ ત્રણે દેવોના કાર્ય કરવાવાળાં જગન્માતા ભગવતી મહામહિમામયી મહામાયાની અંદર જે સૃષ્ટિ શક્તિ, પાલનશક્તિ અને સંહારશક્તિ છે તેના જ નામ અગાઉ વર્ણવ્યા પ્રમાણે મહાકાલી, મહાલક્ષ્મી અને મહાસરસ્વતી છે.

**પંચીકરણ અને ત્રિવૃત્કરણ :**

કોઈપણ કામમાં બધા પદાર્થોનો સમાવેશ રહેલો હોય છે. જેમકે આકાશ, વાયુ, અગ્નિ, જળ અને પૃથ્વી. આ પાંચ મહાભૂતોમાંથી કોઈપણ એકની સાથે અન્ય બીજાં ચાર જોડાઈ રહેલાં હોય છે અને આમ સત્વગુણ, રજોગુણ તથા તમોગુણ - આ ત્રણ ગુણમાંના કોઈપણ એકની સાથે અન્ય બે સંકળાયેલાં રહેલાં હોય છે. આથી વ્યવહારૂ ભાષામાં કોઈ એક ભૂત (તત્ત્વ) કે ગુણ (સત્ત્વ, રજ આદિ)નું નામ લેવાથી એ જ ભાવ હોય છે કે પ્રાકૃત પદાર્થોમાં એ તત્ત્વ કે ગુણરૂપે બિરાજમાન છે. તેથી જ વેદાંત સૂત્રોમાં ભગવાન વેદવ્યાસજીએ કહ્યું છે કે, — वैशेष्यात्तद्वादस्तद्वादः। એટલે કે આ પ્રમાણે દરેક કાર્યમાં બાકીના કામોનો પણ સમાવેશ થયેલો છે અને એક સાધનાની સાથે બાકીની સાધનાની પણ આવશ્યકતા બની રહેતી હોય છે, તો પણ વ્યવહારની ભાષામાં તો દરેક કામ કે ઉપાયની સાથે એ જ બાબતનો નિર્દેષ કરવામાં આવતો હોય છે જેનો તેમાં અધિક માત્રામાં સમાવેશ થયો હોય.

(તેથી) એમ માનવું જોઈએ કે ત્રણે શક્તિઓમાં તેમની શક્તિઓ અને સાધન (ઉપાય - કાર્યાધિષ્ઠાન)

પણ છે. પરંતુ ઉપર બતાવેલ ભગવાન વેદવ્યાસના સૂત્ર અનુસાર, શાસ્ત્રનો એ સિધ્ધાંત પણ ઠીક છે કે સંહાર, પાલન અને સૃષ્ટિ (રચના) માટે ભયંકર અસીમ - બળ, પૂરતું સુવર્ણ (ધન રાશિ) અને સ્વચ્છ વિદ્યા એ મુખ્ય બાબત છે. તેથી મહાકાળી, મહાલક્ષ્મી અને મહાસરસ્વતીને શક્તિ, સુવર્ણ અને વિદ્યાની અધિષ્ઠાત્રી દેવી તરીકે તેમનો રંગ (વર્ણ) પણ કાળો, પીળો અને સફેદ બતાવાયો છે.

જ્ઞાનકાંડ પણ "मातरिश्वा अपो ददाति" એમ કહે છે. એટલે કે ઈશ્વર સાચા સ્વરૂપમાં નિષ્ક્રિય છે અને ગતિમાન વાયુરૂપી સંકલ્પ-વિકલ્પની પરિપૂર્તિ માટે (અમલમાં લાવવા માટે) શક્તિ સબલિત થઈને જ ઔપાધિક સક્રિયતાને ધારણ કરે છે. તેથી ઉપાસનાકાંડમાં સ્પષ્ટ કહ્યું છે કે, **શક્તિ અને શિવને અલગ ધારીને આપણે તેમાંથી કોઈ એકની ઉપાસના કરવી ન જોઈએ.** ઈશાવાસ્ય ઉપનિષદ્‌ના 'सम्भूति' અને 'असम्भूति' સંબંધી મંત્રોથી પણ એ જ તાત્પર્ય નીકળે છે કે ઉપાસના કાંડના ગ્રંથોમાં પણ ભગવતી અને ભગવાનની અલગ અલગ ઉપાસના બાબત સ્પષ્ટ ના કહી છે.

આવતા અંકે ભગવાન વિનાના ભગવતિ, ભગવતિ વિનાના ભગવાન અને દક્ષયજ્ઞના દૃષ્ટાંત સાથે જ્ઞાનના સાચા ઉપદેશક ગુરૂ કોણ ? એ બાબતે સત્સંગ સુધા રસપાન કરીશું.

★ ★ ★

*"ભગવાનના ગુણો ગાઈએ છીએ તે તેમની ખુશામત માટે નહી, પરંતુ આપણે તેમના જેવા બની શકીએ તેટલા માટે !''-*

*સ્વ. શ્રીબાબુભાઈ જે. બારોટના લખાણમાંથી.*

# સુભાષિત...

....✍ : શ્રી ચંદ્રશંકર પંડયા

**सुखस्य दुःखस्य न कोऽपि दाता**
**परो ददातीति कुबुध्धिरेषा ।**
**अहं करोमीति वृथाभिमानः**
**स्वकर्मसूत्रग्रथितो हि लोकः ॥**

(અનુવાદ)

"આપી શકે ના સુખદુઃખ કોઈ યે
'દિયે બીજો' તે જ દુર્બુદ્ધિ છે ખરે,
'કરું બધું હું' અભિમાન એ વૃથા
સ્વકર્મસૂત્રે જગ છે ગૂંથાયું આ.

પોતાને મનગમતી વાત થતાં મનુષ્ય રાજીનો રેડ થઈ જાય છે અને પ્રતિકૂળ વાત થતાં જ બીજાને દોષ દેવા મંડી જાય છે. અમુકે મને લાભ કરી આપ્યો અને અમુકે મને દુઃખ આપ્યું. આવો મિથ્યા પ્રલાપ ચાલુ થઈ જાય છે. પ્રસ્તુત સુભાષિત મનુષ્યની સામાન્ય રીતે પ્રચલિત માન્યતા ઉપર કુહાડો ઝીંકે છે અને સત્ય તરફ લઈ જાય છે. હકીકત તો એ છે કે **કોઈ કોઈને સુખ કે દુઃખ આપી શકતું જ નથી.** એમ કરવાની કોઈની શક્તિ પણ નથી. મનુષ્યને સુખ કે દુઃખ જે કાંઈ પ્રાપ્ત થાય છે તે તેની પોતાની જ કરણીનું ફળ છે! તે પોતે જે વાવે તે જ પોતે લણતો હોય છે! પછી બીજાની વાત જ ક્યાં આવી ? **પોતે જ પોતાનો ભાગ્ય વિધાતા હોઈ મનુષ્ય પોતાનાં જ કર્મ પ્રમાણે ફળ પ્રાપ્ત કરતો હોય છે, બીજા તો માત્ર નિમિત્ત જ બનતા હોય છે.** સુભાષિતકારે બીજીપણ એક સૂક્ષ્મવાત કહી છે અને તે છે 'અહમ્' ઓગાળી નાંખવાની. 'આ બધું હું કરું છું' તેના જેવું બીજું કોઈ અજ્ઞાન નથી. ('હું કરું હું કરું એ જ અજ્ઞાનતા' - નરસિંહ મહેતા) જગતમાં કર્મનો કાયદો એવો પ્રચલિત છે કે કર્મને કારણે જે જે પ્રેરણા થાય છે તે પ્રમાણે મનુષ્ય કરે છે. તેને કરવું પડે છે. આ એક નક્કર સત્ય છે. અને તેથી મનુષ્યે તો માત્ર 'દૃષ્ટા' બનીને આવી પડેલું કર્તવ્ય પૂરું કરવા સિવાય બીજો કોઈ વિચાર કરવાની જરૂર રહેતી નથી. આપણે તો આપણો ધર્મ સંભાળીએ - બીજી નાહકની પળોજણથી બચીએ - એમાં જ આપણું શ્રેય છે. **કર્મનો મર્મ સમજનાર જ ફાવે છે, બીજા તો વ્યર્થ ફાંફાં મારે છે!**

★ ★ ★

# શ્રી લલિતામ્બા ત્રિશતીનામ્

લેખાંક : ૧૨

....✍ : શ્રી ગોરધનભાઈ એસ. ત્રિવેદી

*"ચિત્તમાં બહુ જ ઓછા સંકલ્પો હોય છે. પરંતુ જ્યારે સાધનમાં તત્પર થાય છે ત્યારે સિનેમાની ફિલ્મની પેઠે છૂપાઈ રહેલા સંકલ્પોની પરંપરા દષ્ટિગોચર થાય છે." - શ્રી રંગ અવધૂત*

પંચદશીમંત્રના બીજાકૂટથી શરૂ તથા ઈ-કાર બીજના ક્રમ ૪૧ થી ૪૭ સુધીના શ્રીમાતાના નામનું યત્કિંચિત આચમન કર્યું. હવે તે અનુસંધાને ક્રમ ૪૮થી આગળ અમૃતપાન કરીએ.

**ईक्षिणी क्षण - सृष्टाण्ड - कोटिरीश्वर - वल्लभा ।**

**ईडिता चेश्वरार्द्धाङ्ग - शरीरेशाधि - देवता ॥ ११ ॥**

(૪૮) **'ईक्षित्री'** - શ્રીમાતા ફક્ત આપવાવાળાં છે. કોઈની પાસેથી કાંઈ મેળવવાની અપેક્ષાવાળા નથી. અર્થાત્ પરિપૂર્ણ છે. પૂર્ણા સ્વરૂપા છે. વળી તટસ્થા છે. એટલે સાક્ષીભૂતા છે. ભાવ-અભાવ, ગમો-અણગમો, સ્વીકાર - અસ્વીકાર, સારું - નરસું એ બધા દ્વંદ્વોથી પર છે. 'શ્વેતાશ્વર ઉપનિષદ્' (૬-૧૧) માં જણાવ્યું છે, 'साक्षि चेताः सन्निहित गुहायाम्' એટલે કે સાક્ષીરૂપ ચૈતન્યબ્રહ્મ જેમના હૃદયરૂપી ગુફામાં રહેલું છે તેવા તટસ્થા (આ માતા) છે.

(૪૯) **''ईक्षण-सृष्टाण्ड - कोटि'** – શ્રીમાતા ઇચ્છા માત્રથી અનેક કોટિ બ્રહ્માંડોની રચના કરવાવાળાં છે. अण्ड = બ્રહ્માંડ - જગત. 'अण्ड - कोटि' = કરોડો બ્રહ્માંડો. વળી શ્રી માતાનું વૈશિષ્ઠય એ છે કે ભૂત (અગાઉ રચાયેલાં અને કાળના ગર્ભમાં વિલિન થયેલા), વર્તમાન (અત્યારે દશ્ય જગતમાં આવિર્ભાવને પામેલા) અને ભવિષ્ય (હવે પછીના કાળમાં નવિન સર્જન થનારાં) કાળના બ્રહ્માંડોના સ્રષ્ટા છે. ભગવતી માતાની ભાવના (ઇચ્છા) માત્રથી બ્રહ્માંડો આવિર્ભાવને પામે છે. 'શ્રુતિ' (ભગવતી-માતા)નું 'तदैक्षत' बहु स्यां प्रजायते ' એવું વચન છે. અર્થાત્ પરબ્રહ્મે એવું વિચાર્યું (સંકલ્પ કર્યો) કે તે વિવિધરૂપે અવતરણ કરે. "ઐતરેય ઉપનિષદ", (૧-૧) માં વર્ણવ્યું છે કે, स इच्छां चक्रे, आत्मा वा इदमेकमग्र, आसीत्, नान्यत् किञ्चन मिषत्, स ऐक्षत लोकानुसृज इति, स इमान् लोकानसृजत् । દૈવે (પરબ્રહ્મે) ઈચ્છાચક્રના માધ્યમથી સૃષ્ટિ-લોકનું સર્જન કર્યું.

(૫૦) **'ईश्वर-वल्लभा'** – ભગવાન કામેશ્વરના વલ્લભા (અર્ધાંગના) શ્રી ભગવતી માતા- બ્રહ્મા, વિષ્ણુ અને રુદ્ર આદિથી વધારે ઉચ્ચ સત્તાવાળાં (સામર્થ્યવાળાં) છે. આ ત્રિદેવ (બ્રહ્મા, વિષ્ણુ અને રુદ્ર) પોતાના સામર્થ્યનું સઘળું શ્રેય શ્રીમાતાને જ આપે છે. તેથી તેઓ સર્વે શ્રીમાતાને પૂજે છે.

(૫૧) **'ईडिता'**- ईड = પ્રસંશા કરવી. તેથી શ્રીમાતાનો મહિમા પ્રસંશનિય છે. 'છાંદોગ્ય ઉપનિષદ' –(૬-૪-૨) માં વર્ણવ્યું છે, 'एष नित्यो महिमा ब्राह्मणस्य' અર્થાત્ શ્રીમાતા વેદાંતનું લક્ષ્યબિંદુ છે. જ્ઞાનીનો મહિમા પાપ-પૂણ્ય, ભાવ-અભાવથી પર હોય છે, તેમાં કોઈ ચઢાવ-ઉતાર આવતો નથી. તેથી શ્રીમા પરમ જ્ઞાનરૂપા છે.

(૫૨) **'ईश्वरार्धाङ्ग - शरीरा'** - જેમનું અડધું શરીર (ભાગ) શિવસ્વરૂપ અને અડધું આનંદ - સચ્ચિદાનંદ સ્વરૂપ (અર્ધ-નારીશ્વર) છે. શાસ્ત્રજ્ઞોએ - सच्चिन्मयः शिवः साक्षात्, तस्यानन्द-मयी शिवा' એમ કહ્યું છે. અર્થાત્ ભગવાન શિવ સાક્ષાત્ સત્-ચિન્મય (શાશ્વત) છે અને તેના આનંદસ્વરૂપ અંગભૂત એવા શિવા (શક્તિ) છે. ભગવતિ શિવા શિવના ડાબા અંગ સમાન છે. ह = શિવ, ई = શક્તિ, ह्रीं = પરદેવતા (અર્ધનારીશ્વર - ભગવાન કામેશ્વર - કામેશ્વરીરૂપે એકાંગી છે.

(૫૩) **''ईशाधि - देवता** - શ્રીમાતાના આસન (મંચ-શૈય્યા - પલંગ) ના ચાર પગો (ચરણમાં) બ્રહ્મા, વિષ્ણુ, રુદ્ર અને ઈશ્વર આવેલાં (રહેલાં) છે. 'ईश' શબ્દથી ઈશ્વર બાબતનો બોધ (સૂચન) છે.

(- ક્રમશઃ)

★★★

# જીવનની સાર્થકતા...

લેખાંક : ૧૬

....✍ : શ્રી બાબુભાઈ નાયક

**ધૈર્ય અને ખંત :**

જીવની સાફલ્યતા માટે જીવનને સુયોગ્ય રીતે કંડારવાના સોળમા સોપાન વિષે આજે આપણે વિચારીશું. જીવન એ આપણો દેહ નથી. જેમ ટેબલ પર પડેલું ટેલિફોનનું ભૂંગળું કંઈ સંદેશા લાવતું નથી. તેમાં જ્યારે વીજળી કામ કરે છે ત્યારે તે ભૂંગળામાંથી અવાજ સંભળાય છે. તેમ આ શરીર તો કામ કરવાનું સાધન છે. તેમાં વીજળી રૂપી સદ્‌ગુણો પ્રવેશે તો જ તે મનુષ્યજીવનની સાર્થકતા છે. **સદ્‌ગુણો સહજ આવતા નથી. તેને મેળવવા, કેળવવા અને આચરવા સતત અભ્યાસની જરૂર છે.** તે અભ્યાસ કરવાની તૈયારી હોય તે જ જીવનને સાર્થક કરી શકે છે.

જીવનને સાર્થક કરનાર સોળમો સદ્‌ગુણ- **'ધૈર્ય અને ખંત'**- જે આપણા જીવન માટે અનિવાર્ય છે તે વિષે વિશદપણે વિચારીએ. આ સદ્‌ગુણ વિષે વિચારતાં પહેલાં આપણે એ બંને શબ્દોને સમજીએ. 'ધૈર્ય' એટલે ધીરજ. ખૂબ સહેલો શબ્દ છે. આપણે આપણી જાતનું નિરીક્ષણ કરીએ ત્યારે ડહાપણથી એમ સમજી પણ લઈએ કે મારામાં ધીરજ છે ? જ્યારે તમે એમ માનો કે 'મારામાં ધીરજ છે ત્યારે સમજી લેજો કે તમારામાં ધીરજ નથી ! માટે જ શ્રીતુલસીદાસ ગોસ્વામીજીને લખવું પડ્યું કે : **'ધીરજ, ધર્મ, મિત્ર અરુ નારી, આપત કાલ પહચાનિયે ચારી!'** મારામાં 'ધીરજ' છે એવું કહેનાર માથે જ્યારે આપત્તિનાં વાદળ ઘેરાંય, નાસવાનો રસ્તો પણ ન મળે. અરે! પોતાનાં કુટુંબનાં પણ સગાં ન થાય તેવે વખતે તે માણસ જો પોતાનું કર્તવ્ય સારા સમયે જેમ નિભાવતો હતો તેમ નિભાવે જ જાય તો માનવું કે તેનામાં ખરેખર ધીરજ છે. **આપત્તિના કાળે જ ધીરજની આકરી કસોટી થાય.** આપત્તિ આવવા દો. પછી કેટલી ધીરજ રાખો છો તે તમને સમજાશે.

ગાંધીજીના આશ્રમમાં ગાયનો એક વાછરડો રોગથી ખૂબ પીડાય. ગાંધીજીને લાગ્યું કે કોઈ સંજોગોમાં આ વાછરડો બચે તેમ નથી અને તેનું દુઃખ તેમનાથી જોયું જાય તેમ ન હતું. અંતે તેમણે નિર્ણય લીધો કે વાછરડો આમેય મરવાનો તો છે, તો તેને ગોળીથી મારી નાખીએ તો રિબાતો તો રહે. એટલે તેમણે વાછરડાને ગોળીથી મારી નંખાવ્યો. હવે આ તો મહાપુરુષ. તેમણે કરેલી આ હિંસા તો છાપરે ચડી. લોકો આશ્રમમાં આવતાં બંધ થઈ ગયા. આશ્રમ તો લોકમદદથી ચાલતો હતો. એક દિવસ એવો આવ્યો કે બીજા દિવસે આશ્રમવાસીઓને ખાવાના પણ સાંસા પડે. ગાંધીજીને પૂરેપૂરી ખાત્રી હતી કે આવે વખતે જ ધીરજની આકરી કસોટી લેવાય છે. ખાવાનાં ફાંફાં એટલે મહાન દુઃખ. તે જ વખતે એક શ્રીમંતની મોટરનું હૉર્ન આશ્રમમાં સંભળાયું. શેઠે આવી દસ હજારની ભેટ ગાંધીજીની આગળ રજુ કરી દીધી. આવે વખતે જ ધીરજની કસોટી થાય ને! આનું નામ ધીરજ.

ધીરજ સાથે ખંત હોય તો વિકાસ થતાં જરાએ વાર ન લાગે. હવે ખંત એટલે શું તે સમજીએ. ધીરજ તો સમજાય તેવો શબ્દ છે. 'ખંત' બોલી નાખીએ છીએ, પણ તેની વ્યાખ્યા કરવાની હોય, સમજાવવાનો હોય તો કહીએ કે 'ખંત' એટલે ખંત વળી. અહીં 'ખંત' શબ્દને સંપૂર્ણ રીતે સમજીએ. **'ખંત' એટલે સતત અભ્યાસ.** અભ્યાસ એટલે ચોપડીઓ વાંચવી નહિ, પણ **જે વસ્તુ આપણે કરવાની છે, તે પૂરેપૂરી ન થાય ત્યાં સુધી એને વળગી રહેવું તેનું નામ 'ખંત'.**

જે મનુષ્યમાં 'ખંત'નો સદ્‌ગુણ છે તે હિમાલય જેવાં મહાન કાર્યો પાર પાડવાનું બળ ધરાવે છે. વળી જે માણસ ખંતપૂર્વક કામ કરે છે તેને દૈવી મદદ અનાયાસ મળી આવે છે. જે જે માણસો જીવનમાં સફળ થયાં છે તે બધાનાં જીવનચરિત્રો વાંચો તો તેમનામાં સતત ખંતના ગુણનું દર્શન થશે.

ખંતથી વિરુધ્ધ ગુણ 'મનની ચંચળતા' છે. એક શિષ્યે ગુરુને પ્રશ્ન પૂછ્યો, "ગુરુજી! ભગવાનની પ્રાપ્તિ કરવા શું કરવું ?" ગુરુએ કહ્યું એક અઠવાડિયા પછી તેનો જવાબ આપીશ. પેલો શિષ્ય રોજ ગુરુ પાસે જાય, બેસે, પણ ગુરુ તો સહજ રીતે તેની સાથે જેવો વર્તાવ કરતા હતા તેમજ વર્તે. પેલા શિષ્યના પ્રશ્નને તો સંભાળે પણ નહિ. એક દિવસ ગુરુએ શિષ્યને આજ્ઞા કરી "ભાઈ! આશ્રમને કૂવાની જરૂરિયાત ઊભી થઈ છે તમે કૂવો ખોદવા આવશો ?" પેલા શિષ્યે ગુરુને તરત જ કહ્યું, "હા, જી. જરૂર આવીશ".

બીજે દિવસે શિષ્ય આશ્રમમાં ગયો. ગુરુજીએ તેને ખોદવાનાં સાધનો આપ્યાં. શિષ્યે ખોદવાની શરૂઆત કરી. પાંચ-છ ફૂટ ખોદ્યું હશે ત્યાં ગુરુએ કહ્યું : "અહીં કંઈ પાણી નીકળે તેવું લાગતું નથી, અહીં ખોદો. શિષ્યે બીજી જગાએ ખોદવાનું શરૂ કર્યું. પાંચ છ ફૂટ ખોદ્યું એટલામાં ગુરુજી આવ્યા ને કહ્યું, "અહીંથી પણ કંઈ પાણી નીકળે તેમ નથી તેને બદલે અહીં ખોદ" કહી ખોદવાની ત્રીજી જગા બતાવી. આ રીતે પાંચ-છ વાર કૂવો ખોદવાની જગા ગુરુએ બદલી એટલે શિષ્યે કહ્યું, "ગુરુજી! આમ જુદી જુદી જગાએ ખોદવાની આપશ્રીએ આજ્ઞા કરી તેને બદલે એક જ જગાએ ખોદાવ્યું હોય તો કૂવો ખોદાઈને તેમાંથી પાણી નીકળત". શિષ્યના આ **'એક જ જગાએ ખોદાવ્યું હોત તો પાણી નીકળત'**, તે શબ્દોને પકડી ગુરુએ શિષ્યને સમજ પાડી કે "એક જ કાર્યને સતત વળગી રહીએ તો સફળતા મળે. તારે પ્રભુ-પ્રાપ્તિ માટે પણ એક જ દેવને વળગી તેમની ભક્તિમાં લાગી જવું જોઈએ. સતત આવું કરીશ તો તને જરૂર પ્રભુ-પ્રાપ્તિ થશે".

આનું નામ 'ખંત' **એક જ ધ્યેયને સતત વળગી તેને પરિપૂર્ણ કરવા જો માણસ કામે લાગી જાય તો તે ધ્યેયને પ્રાપ્ત કરી શકે છે.** આમાં ધ્યેયને સાતત્ય લાગ્યું. કીટભ્રમર ન્યાયે ભમરી કોઈ પુષ્પ પરથી એક કીડો પકડી લાવી તેના દરમાં પૂરી દે છે. પછી કીડાની આજુબાજુ સતત ગણગણાટ કરે જાય છે ત્યારે દરમાં રહેલો કીડો ભમરી બની જાય છે ! આ ખંતનું રૂડું રૂપાળું દૃષ્ટાંત છે.

ખંતમાં ધૈર્ય અને શ્રધ્ધા બંને સમાઈ જાય છે. કોઈ પણ કાર્ય સફળ કરવા માટે સાતત્યની સાથે ધીરજ ન હોય તો તમે કાર્ય શરૂ કરો ને થોડા વખતમાં તેમાં સફળતા ન મળે તો તમે તેને છોડી દેવાના. થોડા વખતમાં સફળતા ન મળી અને કાર્ય છોડી દીધું તે ધૈર્યની ઉણપ બતાવે છે. ભલે સફળતા હજુ સુધી નથી મળી, પણ મારે તો તે કાર્ય ચાલુ જ રાખવું છે. મે નક્કી કર્યું છે તે સિધ્ધિ મને મળશે જ. તેમાં શ્રધ્ધા પણ સમાઈ ગઈ. એટલે તમે ખંતપૂર્વક કોઈપણ કામ કરતા જ રહો તો શ્રધ્ધા અને ધીરજને લીધે સફળતા મળે જ મળે.

કવિશ્રી દલપતરામભાઈએ કરોળિયાની કવિતા દ્વારા ખંતના ગુણને જ સમજાવ્યો છે. 'કરતાં જાળ કરોળિયો' કવિતામાં કરોળિયો જાળ બાંધે ને પડી જાય. તેણે આઠ દસ વખત જાળ બાંધી-વારંવાર તે જાળ બાંધતા બાંધતા પડી જાય, પણ તે હાર્યો થાક્યો નહિ તો અંતે તે જાળ બાંધવામાં સફળ થયો અને ભીંત પર ચડી ગયો. જો તેણે પ્રયત્ન છોડી દીધો હોત તો લોકોના પગ તળે કચરાઈને મરી જાત.

એક નાનું સરખું જંતુ જો ખંતથી સફળ થયું તો માણસ જે સમજદાર પ્રાણી છે તે શું ન સફળ થાય ? એક મહાપુરુષે શિખામણ આપી છે કે. "કામ કરનારે કામને આગળને આગળ ધકેલે જ રાખવું. દરેક સારું કામ શરૂઆતમાં મુશ્કેલ જ હોય છે, અશક્ય જેવું લાગે છે, પણ વિશ્વાસ અને શ્રધ્ધાપૂર્વક સતત કરે રાખવાથી મુશ્કેલીઓ દૂર થતી જશે અને શરૂઆતમાં લાગતી મુશ્કેલીઓ પણ ધીમે ધીમે અદશ્ય થતી જશે અને સફળતાનો પ્રકાશ દેખાશે. આ પ્રકાશ દેખાવાનું કારણ ખંતનો બદલો છે.

ખંતને નુકસાન પહોંચાડનાર મહાન દુશ્મન આળસ છે. **આળસુ માણસ કદી ખંતપૂર્વક કામ નહિ કરે.**

તેને તો તરત જ સફળતાનાં ફળ મળે તેવી ઈચ્છા હોય છે. તેથી આળસુ માણસમાં ખંતની ઉણપ રહેવાની જ. એક બાપને પાંચ દીકરા પાંચે આળસુ. બાપનો અંતસમય આવ્યો ત્યારે તેણે બધા દીકરાઓને બોલાવ્યા અને કહ્યું, "છોકરાઓ! મારી પાસે એટલું બધું ધન હતું કે સત્તર પેઢી સુધી ચાલે. તમે ન કમાઓ તો પણ ચાલે એટલું ધન છે; પણ તે બધુ મેં ખેતરમાં દાટ્યું છે. હવે ક્યાં દાટ્યુ છે તે મને યાદ નથી આવતુ માટે તમે ખેતર ખોદીને કહાડી લેજો". આટલું બોલીને બાપુનું પ્રાણ પંખેરું તો ઊડી ગયું.

આળસુ છોકરાઓને ધનની લાલચ દેખાડી પિતા તો સ્વર્ગવાસી થયા. પેલી ધનની લાલચે પિતાની ક્રિયા કર્યા પછી છોકરાઓએ ખેતર ખોદવાની શરૂઆત કરી. તેમણે તો મહિનાઓનાં મહિનાઓ સુધી ખેતર ખોદે જ રાખ્યું, પણ ધન હોય તો નીકળે ને ? ખેતર ખોદવા છતાં ધન ન મળવાથી નિરાશ થયેલા છોકરાઓએ વિચાર્યું કે ખેતરમાંથી ધન તો નથી નીકળ્યું, પણ ખેતર સરસ રીતે ખેડાઈ ગયું છે તો લાવો તેમાં ઘઉં વાવી દઈએ. સુંદર રીતે ખેડાયેલા ખેતરમાંથી મબલક પાક પાક્યો. છોકરાઓને થયું કે જો આ રીતે અમે ખંતપૂર્વક ખેતર ખેડીને વાવણી કરીએ તો પુષ્કળ ધન મળતું રહેશે. આળસને ખંખેરી તેમણે દર વર્ષે ખેતરને સારી ખેડ કરી વાવવાનું ખંતપૂર્વક ચાલુ રાખ્યું તો થોડા વર્ષોમાં તેઓ ધનાઢ્ય બની ગયા.

આ દૃષ્ટાંત સમજાવે છે કે માણસ આળસ ખંખેરી શ્રધ્ધા અને ખંતપૂર્વક કામ કરે તો જીવનમાં સફળતાના સોપાન સર કરે. તાતી જરૂર છે ખંતપૂર્વક સાધનાની. જે વાત લૌકિકમાં સત્ય છે તે જ વાત સાધનામાં સત્ય સમજવી. **"આધ્યાત્મનો માર્ગ સહેલો નથી. તે માર્ગે જનારને પણ પ્રભુપ્રાપ્તિ માટે ખંતપૂર્વક સાધના કરવી પડે છે, ત્યારે જ તે પ્રભુપ્રાપ્તિ કરી શકે."** ભક્તિ કંઈ સુરતનું ભુંસું ફાંકવા જેવુ સહેલું કામ નથી.

**ખંતમાં આપણે જોયું કે શ્રધ્ધા, ધીરજ અને ઉદ્યમીની જરૂર છે તેમ વિવેકની પણ એટલી જ જરૂર છે.** તમે તમારી શક્તિ છે કે નહિ તેનો વિચાર કર્યા વગર કામમાં મંડ્યા રહો તો પણ નિષ્ફળ જાઓ. એટલે પોતાની શક્તિનો વિવેક કરી કામ હાથ પર લેવાથી જ સફળતા પ્રાપ્ત થાય. વિવેક સાથે હિંમત પણ જરૂરી છે. કામ શરૂ કરતા પહેલાં વિવેકથી વિચારવું આ કાર્ય કરવા મારી શક્તિ છે ? તે નક્કી કરી ખંતપૂર્વક કામ શરૂ કરો. તે વખતે નાની મોટી મુશ્કેલીઓ પણ આવશે. તે વખતે હિંમત હારી કામ છોડી દેશો તો પણ નિષ્ફળ જશો.

એક અંગ્રેજ કવિ લોંગફેલો લખે છે કે : HIGHTS BY GREAT MEN REACHED AND KEPT WERE NOT ATTAINED BY SUDDEN FLIGHT. જે પુરુષો ઉન્નતિને શિખરે પહોંચ્યા છે તેઓ કંઈ કૂદકો મારીને કે ઊડીને તે સ્થાને નથી પહોંચ્યા; પરંતુ રાત્રિએ જ્યારે તેમના મિત્રો કે સહકાર્યકરો ઉંઘતા હતા ત્યારે તેઓ તો સખત મહેનત કરતા જ હતા. સખત મહેનત ખંતપૂર્વક કરવાથી જ ઉન્નતિના શિખરે પહોંચી શકાય છે. પછી તે **શિખર આધ્યાત્મિકમાર્ગનું હોય કે લૌકિક ઉન્નતિનું હોય, પણ તે બધે સ્થળે સફળ થવા માટે ધૈર્ય અને ખંતની સંપૂર્ણ આવશ્યકતા છે.**

જે મનુષ્યને પ્રભુએ આપેલી મનુષ્ય-જીવનની સાર્થકતા પ્રાપ્ત કરવી છે તેણે તો ધૈર્ય અને ખંતથી પોતાના ધ્યેયને વળગીને કામ કરે જ જવું જોઈએ. જો તેમ કરે તો સફળતા મનુષ્યનાં પગ ચૂમતી આવશે. **સફળતા ખંત અને ધૈર્યનું સુંદર મધુરું ફળ છે.** મનુષ્ય-જીવનની સાર્થકતા માટે ચાલો ત્યારે આપણે પણ ખંત અને ધીરજથી આપણે નક્કી કરેલાં ધ્યેયને પહોંચવા પ્રયત્ન શરૂ કરીએ. **હજારો કંઈ નિરાશામાં અમર આશા છુપાઈ છે** - તે ન્યાયે આપણે પણ જીવનને સાર્થક કરીએ.

(-ક્રમશઃ)

★ ★ ★

# "મહત્વ સાતના આંકડાનું"

....✍ : શ્રી યશવંત કડીકર

મારા મિત્રના સ્કૂટરનો નંબર ૦૭૭૭ છે. થોડા દિવસ પહેલાં બજારમાં એમની મુલાકાત એક સદ્‌ગૃહસ્થ સાથે થઈ, જે એમની મોટરસાયકલનો નંબર સ્કૂટરના નંબર સાથે બદલવા માગતા હતા. આ માટે મારા મિત્રને તેઓ એક હજાર રૂપિયા આપવા તૈયાર થઈ ગયા હતા. મિત્રે પૂછતાં પેલા સદ્‌ગૃહસ્થે કહ્યું કે નંબર સાત એમના માટે ખૂબ જ શુકનિયાળ છે.

જ્યોતિષમાં હસ્તરેખા વિજ્ઞાન, નક્ષત્ર વિજ્ઞાન, સામુદ્રિક જ્ઞાનની સાથે સાથે અંક વિજ્ઞાનની માન્યતા પણ ખૂબ વધી ગઈ છે. અંક વિજ્ઞાનમાં અંગ્રેજી ભાષાના દરેક અક્ષરને અંક આપવામાં આવ્યા છે. આ અંક માનવીના નામના અંક અક્ષરોના અંકોને જોડીને કાઢવામાં આવે છે. એકથી નવ સુધીનાં અંક માનવીના ભવિષ્ય અને એના વ્યક્તિત્વ પર અસર પાડે છે. અંક વિદ્યાથી માનવીના ભવિષ્યની જાણકારી પણ મેળવી શકાય છે.

ઘણા દેશોમાં ૧૩ નો આંકડો અપશુકનિયાળ માનવામાં આવે છે. ચંડીગઢનગરના એન્જિનિયર કાર્બાજોરે ચંડીગઢ ને સેકટરોમાં વહેંચ્યું, તો એમણે કોઈ સેકટરને ૧૩ નંબર ના આપ્યો. આજે પણ ચંડીગઢમાં તેર નંબરનું સેકટર નથી.

નંબર સાતને ભાગ્યશાળી, સુખ- સમૃધ્ધિ, સફળતા આપનારો માનવામાં આવે છે. સ્કૂટર, ગાડી કે વાહનો માટે સાત નંબર લેવો અને નવું કામ મહિનાની સાત તારીખે શરૂ કરવું. શુભ અને સફળતા સૂચવનારું માનવામાં આવે છે. એનું કારણ બનતા સુધી એ હશે કે દુનિયાની અનેક મહત્વપૂર્ણ અને ખ્યાતનામ હકીકતોની સાથે સાતનો અંક જોડાયેલો છે.

આપણી પૃથ્વી પર સાગરોની સંખ્યા સાત છે. દુનિયામાં સાત અજાયબીઓ છે. ખુશી વ્યક્ત કરતાં માનવી બોલી ઊઠે છે કે તે સાતમા આસમાને પહોંચી ગયો છે. વરસાદના દિવસોમાં ધરતી અને આકાશનું મિલન કરાવતા મેઘધનુષના રંગ પણ સાત હોય છે. વૈજ્ઞાનિકોના કહેવા પ્રમાણે માનવીની આંખો સાત રંગોને જ ઓળખી શકે છે. ઈસાઈ ધર્મમાં પણ સાતના આંકડાનું મહત્વનું સ્થાન છે. મધર મેરીના દુઃખોની સંખ્યા સાતની હતી. યશુ મસીહની ઓળખ કરનારા યૂનાનના સંતો સાત હતા. યશુ મસીહ છેલ્લા શબ્દો સાત બોલ્યા હતા. આકાશમાં મહત્વના તારાઓનું ઝુમખું સાત તારાઓનું બનેલું છે, જેને સપ્તઋષિ કહેવામાં આવે છે.

હિન્દુ લગ્ન વર-કન્યાના અગ્નિની ચારે બાજુ સાત ફેરા ફર્યા પછી જ પૂર્ણ થયેલું માનવામાં આવે છે. લગ્ન સમયે કન્યા વર પાસે સાત વચન માગે છે. પતિ-પત્નીનો સાથ સાત જન્મનો માનવામાં આવે છે. દુનિયામાં સાત મુખ્ય ધર્મો અને એના ગ્રંથો છે. હિંદુઓના વેદ, જૈનોના અંગ, બુધ્ધોના ત્રિપિટક, ઈસાઈઓનું બાઈબલ, મુસલમાનોનું કુરાન, ચીનાઓના પાંચ રાજા અને સ્કેન્ડેનેવિયાના લોકોનું એડર.

બાઈબલની એક જાણીતી વાર્તા સેમ્સનનાં લગ્નનો કાર્યક્રમ સાત દિવસ સુધી ચાલતો રહ્યો હતો. સેમ્સને પોતાની અપાર શારીરિક શક્તિનું રહસ્ય એની પત્નીને સાતમા દિવસે બતાવ્યું હતું. સેમ્સનના વાળ કાપતા પહેલાં સાત ડાયનોએ જકડી રાખ્યા હતા. સેમ્સનના વાળના સાત ગુચ્છા કાપવામાં આવ્યા. જેથી એની અપાર શક્તિ નાશ પામી હતી.

બૌધ્ધ ધર્મમાં માનવીના જીવનને દુઃખોનું ઘર કહેવામાં આવ્યું છે. મહાત્મા બૌધ્ધે સંખ્યા સાત બતાવી છે. પ્રાચીન ગ્રંથ પંચતંત્ર પ્રમાણે દુનિયામાં સાત પ્રકારની બુરાઈઓ છે. ભારતમાં પવિત્ર નગરોની સંખ્યા સાત છે. આ સાત નગરોની યાત્રા કરતાં મનની શાંતિ, દૈવી આનંદ અને મૃત્યુ પછી માનવીને સ્વર્ગમાં સ્થાન મલે છે.

આ સાત પવિત્ર નગરો છે : અયોધ્યા, કાશી, મથુરા, ગયા, રામેશ્વરમ્, ઉજ્જૈન અને દ્વારિકા.

અઠવાડિયાના સાત દિવસો હોય છે. ધરતી બનાવતાં ભગવાનને સાત દિવસ લાગ્યા હતા. ભગવાનના સિંહાસનને સાત પવિત્ર આત્માઓએ ઘેર્યું છે અને ભગવાનની પ્રાર્થનાના સાત ભાગ છે. જાપાનના લોકો માને છે કે પ્રસન્નતા અને સૌભાગ્ય માટે સાત દેવતા છે. સ્કોટલેન્ડમાં માન્યતા છે કે સાતમું બાળક જો છોકરી હોય તો તે ખૂબ જ શક્તિશાળી હોય છે. જેની તાકાતથી તે મોટામાં મોટી અને ભયાનક માંદગીનો ઈલાજ કરી શકે છે.

સાહિત્યના ક્ષેત્રમાં પણ સાતના આંકનું મહત્વ છે. એ પુસ્તકો જેની સાથે સાતનો અંક જોડાયેલો છે, તે ખૂબ જ પ્રસિધ્ધ પામ્યાં છે. એના સંદર્ભમાં 'સાતમો આદમી' અને 'અમે સાત'નું નામ લઈ શકાય છે. ઈઆન ફલેમિંગની વિશ્વવિખ્યાત જાસૂસી નવલકથાઓના નાયક જેમ્સ બોન્ડને ૦૦૭ ના નામે ઓળખવામાં આવતો હતો.

સંસ્કૃતના કવિ કાલીદાસે ફક્ત સાત જ રચનાઓ કરી. આ કૃતિઓ છે - શાકુંતલ, માલવિકાગ્નિમિત્ર, રઘુવંશ, વિક્રમોર્વશી, કુમાર સમ્ભવ, ઋતુસંહાર અને મેઘદૂત. જૉન રશિકને "આર્કિટેકટના સાત લેમ્પ" લખ્યા, તો કવિ વડ્ઝવર્થે પોતાની જગવિખ્યાત કવિતાનું નામ "અમે સાત" રાખ્યું હતું. હિન્દી ફિલ્મોના નિર્માતાઓ પણ સાતનો પ્રયોગ કરવામાં પાછળ નથી રહ્યા. સાતજન્મના ફેરા, સત્તા પર સત્તો, એ સાત દિવસ, સાતમું આકાશ અને સાતરંગનાં સ્વપ્નો ફિલ્મો બનાવી હતી.

કેટલાંક લોકો પોતાના વાહન માટે સાત નંબર લેવા માટે પૈસા ખર્ચવા પણ તૈયાર થાય છે. કોઈ મહત્વનાં કામે જતાં, જો એમને એવું કોઈ વાહન મલી જાય, જેનો નંબર સાત હોય અથવા એનો ટોટલ ૧૪ કે ૨૧ હોય, તો એને સારા શુકન માનવામાં આવે છે. વિશ્વાસ કે શ્રધ્ધા, આમે કોઈ યુક્તિને નથી માનતાં.

★ ★ ★

# શ્રી લલિતા સહસ્રનામ્...

લેખાંક : ૭

....✍ - **શ્રી ચંદ્રકાન્ત એમ. જાની**

ગતાંકમાં આપણે શ્રી લલિતાસહસ્રનામના પ્રથમ શ્લોકમાં શ્રીમાતાના નામથી તેમના મહિમાનું વર્ણન જાણવા યત્કિંચિત પ્રયત્ન કર્યો. આ જ શ્લોકમાં આવતા બીજા ચાર નામો બાબતે ક્રમશઃ અવલોકન કરીશું. શ્રી ગુરુદેવનો મહિમા અપાર છે. તેમની કૃપા વગર આ લેખમાળા શરૂ થઈ શકી ન હોત. તેઓશ્રીના કૃપાપ્રસાદનું જ આપણે સર્વે ઉપસકો રસપાન કરી રહ્યાં છીએ. શ્રી જ્ઞાનેશ્વર મહારાજ ગુરુવંદનામાં અધ્યાય ૩ની એવી ૨૦ દ્વારા સ્તુતિ કરતાં લખે છે,

देवा तुज ऐसा निजगुरू ।
आजि अतिघणी कां न करू ।
एथ भीड कवणाची धरू ।
तूं माय अमुची ॥ २० ॥

**અર્થ :** હે દેવ ! આજે મને તમારા જેવા ગુરુ મળ્યા છે ત્યારે મારી આરતની તૃપ્તિ કેમ ન કરું ? તું મારી મા છે પછી ભય-સંકોચ કોનો ?

**ભાવ :** જેમ માની પાસે પુત્રનાં ભય, સંકોચ અને લજ્જા ટકી શકતાં નથી, તેવી જ રીતે નિજ ગુરુદેવ સાથેના અખિલ (દૈવી) પ્રેમમાં, સખ્યનું અનિરૂધ્ધ માધુર્ય સહજ બની જાય છે. બધા ઉપાસકો અને દીક્ષિત-અદીક્ષિત માટે પૂ. બા - શિવગુરૂ (ગુરૂદેવ) કેટલા સહજ અને સરળ છે તે વર્ણવવું પડે તેમ નથી.

શ્રી લલિતાસહસ્રનામમાં શ્રીમાતાનું ઐશ્વર્ય દર્શાવતું **શ્રી મહારાજ્ઞી** એવું નામ બીજા ક્રમે આવે છે, માટે હવે તે બાબતે વિગતે સમજવા પ્રયત્ન કરીએ.

(૨) **श्रीमहाराज्ञी** : સમસ્ત બ્રહ્માંડના નિયંત્રક, એવા તેમણે (શ્રીમાતાએ) તેની રચના કરી અને વળી તેમાં જ પોતે નિવાસ કર્યો છે. શ્રીવિદ્યામાં મુખ્ય ત્રણ બીજ (કૂટ) ગુપ્ત રીતે રહેલાં છે. તેમાંના એક ને ભગવતી ષોડશીની (૧૬મી અને અંતિમ) કળા કહે છે. એમ કહેવાય છે કે ૧૬મી કળાનું જ્ઞાન એવા શિષ્યને આપવું જોઈએ જેની ગુરૂદેવ પ્રત્યે અસીમ નિષ્ઠા હોય. આજના કહેવાતા આધુનિક શિષ્યોએ આ ગુપ્તમંત્રને ગુરૂમુખે ગ્રહણ કર્યો હોતો નથી (તેમને તે ફળતો નથી). (તેમ છતાં) સૌંદર્યલહરીની લોલ્લા દ્વારા કરેલી જે ટીકા (ભાષ્ય) છે, તેમાં (આ રહસ્ય) કહી દીધું છે અને સ્પષ્ટ કર્યું છે કે ચર્તુલક્ષ્મીના મંત્રોમાં આ (૧૬મી અંતિમ કળા) મુખ્ય છે. અન્ય બે અક્ષર પ્રકાશ અને વિમર્શ કહેવાય છે. સાંકેતિક પધ્ધતિ પ્રમાણે - બધા અક્ષરોમાં પ્રથમ 'अ' છે જે પ્રકાશ અને સર્વોચ્ચ શિવ છે (તે ગુપ્ત છે). **'ह'** અંતિમ વર્ણમાતૃકા છે અને 'કલા' દેવીના પ્રતીકરૂપે છે. તેને જ વિમર્શ કહેવાય છે. આ બન્ને (પ્રકાશ અને વિમર્શ) અત્યંત ગોપનીય (ગુપ્ત રાખવા જેવા) છે. તેમની પ્રકૃતિ બાબતનું વર્ણન 'યોગિની હૃદય'માં આવે છે. પરંતુ તે પણ આવરણવાળું છે અને તેને 'વિયત' અને 'કળા' ('अ' અને 'ह' તથા અન્ય - શબ્દ આકાર ક્રમશઃ બીજા બિંદુમાં છે અને વિસર્ગ ને છેડે છે.) તે સર્વોચ્ચ અને વિહ્વળ છે એટલે કે અભિવ્યક્ત - દૃશ્યમાન - થવાની સ્થિતિમાં છે. શ્રી ભાષ્કરરાયે આ શ્રી લલિતાસહસ્રનું ભાષ્ય લખ્યા પછી યોગિની હૃદય ઉપર પણ વિસ્તૃત ભાષ્ય (ટીકા) લખી છે. તેને 'सेतुबन्ध' ના નામે ઓળખવામાં (કહેવામાં) આવે છે. ઉપરોક્ત શ્લોકની ટીકા કરતાં તેમણે લખ્યું છે કે બિંદુ ચાર છે. જેને તુરીય અથવા કામકલા (શિવશક્તિનું સાયુજ્ય) કામ બિંદુ કે મધ્યબિંદુ ('अ' - સ્વયં શિવ), વિસર્ગ ('ह' - દેવી) અને ચોથી હાર્દ કલા ( = अः).

એક અન્ય સ્થાને 'राज्ञी' શબ્દનો એક ભાગ એક મંત્ર છે. જેને 'महाराज्ञी' કહેવાયો છે અથવા 'राज्ञी' શબ્દ 'मायाराज्ञी' મંત્રનું જ એક અંગ છે એમ સૂચવેલ છે.

બીજા એક મત પ્રમાણે કરોડો દેવતા અને દેવીઓ પોતાની શક્તિ અને સત્તા આ પરમભટ્ટારિકા મહાશક્તિ (શ્રી महाराज्ञी) દ્વારા પ્રાપ્ત કરે છે અને તેમના નામનો સથવારો (સહાય) લઈને કાર્ય કરે છે. **તેમની શક્તિ અનંત છે અને તેમના નામ-રૂપ પણ અનંત છે.**

(૩) **श्रीमत् - सिंहासनेश्वरी** : રાજા-મહારાજા જે આસન ઉપર બેસે છે તેને સિંહાસન કહેવાય છે. આ સર્વોત્તમ આસન (સ્થાન) હોય છે. આ આસન સામાન્ય રીતે સુવર્ણના સિંહની આકૃતિની શોભાવાળું બનાવાયું હોય છે. જેમાં આ સિંહ બે બાજુ પર દૃશ્યમાન થતા હોય છે. શ્રીદેવીમાતાનું વાહન સિંહ હોવાથી તેનો અર્થ સ્પષ્ટ છે કે તેઓ તેના પર આસીત (બેઠેલા) છે, દેવી પુરાણમાં શ્રીમાતાના નામોની વ્યાખ્યાની સ્પષ્ટતા કરતાં એવો ઉલ્લેખ આવે છે કે શ્રીમાતાએ પોતાની બાલ્યાવસ્થા અથવા કૌમાર્યાવસ્થામાં સિંહ ઉપર સવાર થઈને મહિષાસુરનો વધ કર્યો હતો. તેથી તેમને મહિષાસુરમર્દિની કહે છે, અને તેથી એમ કહેવાય છે કે તેમનું આસન સિંહ છે. સિંહ શબ્દ હિંસાનો વાચક છે. વ્યાકરણશાસ્રીઓનો એવો મત છે કે સિંહ શબ્દ હિંસાર્થક છે. (તેથી) આ (સિંહ) શિવનું મૂળ સ્વરૂપ વિનાશકારી છે એમ માનવામાં આવે છે. જેનો અર્થ વાસના (ઈચ્છા) પણ છે. બે શબ્દોને ઉલટાવી દેવાથી એવો શબ્દ બને છે જેમકે હંસઃ - સોહં (સોહં (સિંહ) - હંસઃ) 'पश्यक' થી 'कश्यप' બને છે તેમ. આસનનો અર્થ છે બહાર આવવું

તથા ઈશ્વરીનો અર્થ છે શક્તિશાળી. એટલે કે એ જગતની સંહારિણી શક્તિ પણ છે જેની અભિવ્યક્તિ તેનાથી હંસ:(સિંહ-શિવ)થી બની છે. શ્રુતિ ભગવતિનું કથન છે - 'તે જ્યારે પોતાનું મૃત્યુ થતાં લય પામી જાય છે.'

માઁ એટલે પાંચ. મ-કાર પણ પાંચ હોય છે. ચૈતન્ય ભૈરવીથી શરૂ કરી સમ્પતપ્રદા સુધીના આઠ મંત્ર છે, જેને સિંહાસન સ્વરૂપ કહી શકાય છે. તેમાં છ મંત્રોના ત્રણ જોડકા છે. તથા બે મંત્ર બાકી બચે છે તેને જોડીને સંખ્યા પાંચની બને છે. તે ચાર કોણો (ત્રિકોણ)માં વસેલાં છે. તથા પાંચમું કેન્દ્રસ્થ છે. 'જ્ઞાનાર્ણવ તંત્ર' માં 'નિયંતા' એવો ઉલ્લેખ છે. હવે (મને) એ સમજાવો કે દેવી ત્રિપુરા પાંચ સિંહાસનો પર કેવી રીતે આરૂઢ થયાં અને આ સિંહાસનોનું અસ્તિત્વ કઈ રીતે નિર્માણ થયું ? શિવજીએ આ પ્રશ્નનો ઉત્તર આપતાં કહ્યું, 'દેવતાઓના અધિપતિ ઈન્દ્ર ! સાંભળો, બ્રહ્માએ જ્યારે રચનાનો અરંભ કર્યો ત્યારે તેમનામાં જ્ઞાનનો અભાવ હતો. તેમણે ત્રિપુરસુંદરીની આરાધના કરી અને (તેમને કૃપાથી) સ્રષ્ટા બની ગયા. ઈન્દ્ર બ્રહ્માની આરાધનારૂપી કઠિન તપ કર્યુ અને તે દેવાધિપતિ બની ગયા. અને પૂર્વ તરફના કોણ (ખૂણા- દિશા)ની રક્ષાનો ભાર પણ તેમને મળ્યો. ત્રિપુરામાતા આથી ઘણાં પ્રસન્ન થયાં અને તેમને સિંહાસનના દક્ષિણ ભાગમાં સ્થાન આપ્યુ. તેથી એ મંત્ર જેમાં છે તેને સિંહાસન મંત્ર કહે છે. શ્રી ભટ્ટ નારાયણનું કહેવું છે કે, અનેક લક્ષ્મી દેવીઓ દેવીમાતાના સિંહાસને ઘેરીને રહેલાં છે.

આ પ્રમાણે ઉપરોક્ત ત્રણ નામોથી બ્રહ્મના ત્રણ લક્ષ્ય નક્કી થાય છે કે, સૃષ્ટિ, સ્થિતિ અને લય. શ્રી લલિતાસહસ્ર નામમાં ચોથા નામથી ૯૯૯ નામો સુધી જગત-જનનીના જન્મ (પ્રાકટ્ય) આદિના દિગ્દર્શન (સુચન) રૂપ છે. **પુરાણોના કથન અનુસાર (આ નામનું કથન - પારાયણ કરવાથી) બે અન્ય ભાવ કે લક્ષ્ય 'તિરોધાન' અને 'અનુગ્રહ' સિધ્ધ થાય છે (મળે છે), જેથી બધા પ્રકારના બંધનોમાંથી મુક્તિ મળે છે.**

આ ઉપરાંત એક વિશેષભાવે એમ પણ સમજી શકાય કે, મૂલાધાર, સ્વાધિષ્ઠાન, મણિપુર, અનાહત, વિશુધ્ધિ અને આજ્ઞાચક્રોના બ્રહ્મા આદિ દેવતાઓની મૂર્તિઓથી (ષટ્ ચક્ર)ના છ આધાર કમળના મધ્યમાં અર્થાત કર્ણિકાઓમાં (સુષુમ્ણા રૂપે) ઉન્નત બ્રહ્મરન્ધ્રમાં રહેલા સહસ્રદળ કમળની કર્ણિકાના મધ્યભાગમાં રહેલા મહાત્રિકોણરૂપી આસનના ઉપર - શ્રી મહારાજ્ઞી માતા બિરાજમાન છે.

પૂજ્યભાઈ, શ્રીમહારાજ્ઞી માતાની અનુભૂતિ અભિવ્યક્ત કરતાં અમૃતમ્‌ની વાણીમાં કહે છે, ***"હે ભગવાન ! હે દીનબંધો ! હે કરૂણૈકસિંધો ! તું દીનબંધુ છો. કરુણાનો સાગર છો. તારામાં ડૂબી જવાથી અમે અમર બનીશું. કારણ કે તું અમૃતનો સાગર છો. મરણમાંથી મુક્ત કરનાર મૃતસંજીવની છો. પ્રભો ! સમસ્ત સંસાર તારાથી સભર છે. એની દરેક ક્રિયા તારી શક્તિની અભિવ્યક્તિ છે. અમારું સંપૂર્ણ અસ્તિત્ત્વ તારી બૃહત ચેતનાનો એક અતિ અલ્પ તરંગ છે.***

***ભગવન્ ! અવિદ્યાને અંગે તારાથી અમે વિમુખ બન્યા, સાચી દૃષ્ટિ ખોઈ અને અમારું સાચું સ્વરૂપ ભૂલ્યા. પરંતુ તારી કૃપાનું બળ અગાધ છે. એના સહારે અમે ફરી તારા તરફ વળીશું, તારી પ્રાપ્તિ કરીશું અને તારામાં જીવીશું. તારો શાશ્વત આનંદ ફરી મેળવીને તારી કૃપાનાં અમર યશોગાન ગાઈશું."***

(- ક્રમશઃ)

★★★

# તીર્થ ...

....✍ : સ્વ.: શ્રી બાબુભાઈ જે. બારોટ
રજૂઆત : શ્રી ભરતભાઈ બી. બારોટ

તીર્થ એટલે સર્વ દુ:ખોને દૂર કરીને સુખની પ્રાપ્તિ કરાવનાર. આચાર્યને પણ તીર્થ કહે છે. એમ અષ્ટાધ્યાયીના ચતુર્થ અધ્યાયના ચતુર્થ પાદના સૂત્ર ૧૦૮ મા ઉપરથી સમજાય છે. કારણ કે તે વેદાદિ શાસ્ત્રો ભણાવીને શિષ્યને જ્ઞાન આપે છે. અને તેથી શિષ્ય જન્મ-મરણરૂપી દુ:ખ સાગરને તરી જાય છે. માટે આચાર્યને તીર્થ કહે છે. વળી તેનો પ્રયોગ સમજાવવાને ઉદાહરણ આપવામાં આવે છે કે सतीर्थ्यो ब्रह्मचारी । તે બ્રહ્મચારી કે જે આચાર્યકુલમાં રહેલો છે તેને તીર્થ્ય કહે છે.

तीर्थम् एव प्रापणी - જે પ્રાપણીય યજ્ઞના અંતર્ગત અતિરાત્ર નામક વ્રત હોય છે તેને સમાપ્ત કરીને જે સ્નાન કરવામાં આવે છે તેને તીર્થ કહે છે. (तीर्थम् एव हि प्रस्नानि) આ તીર્થ વડે જ સ્નાન કરીને લોક ખરેખર શુદ્ધ થાય છે. (तीर्थम् एव उदयनीयः अतिरात्रः तीर्थेन हिउत्स्नान्ति) તથા ઉદયની યાપ્ય યજ્ઞ સંબંધી કર્મ કરીને જે સ્નાન કરવામાં આવે છે તેને પણ તીર્થ કહે છે. આ સ્નાન દુ:ખમાંથી તારનાર હોવાથી એને તીર્થ કહે છે. વેદાદિ જ્ઞાનગ્રંથોને પણ તીર્થ કહે છે. કારણ તેના પઠનથી આત્મા શુદ્ધ થઈને દુ:ખથી મુક્ત થાય છે. **સદ્‌શાસ્ત્ર એ જ ખરાં તીર્થ છે. તેમાં સદ્‌ગુરુની સહાયથી જે સ્નાન કરે છે, તે જ શુદ્ધ થાય છે.** શાસ્ત્રો, આચાર્ય, ગુરૂ, માતાપિતા, અતિથિ આ સર્વ જ્ઞાનદાન આપીને પાપમૂલક અજ્ઞાનનો નાશ કરનારા હોવાથી તે પણ તીર્થ જ છે. એમની સેવા કરવી તેને તીર્થસ્નાન કહે છે.

ખરા તીર્થમાં સ્નાન કરનાર જે છે તે વિદ્યાસ્નાતક - જે ઉત્તમ નિયમોનું પાલન કરીને પૂર્ણ વિદ્યા શીખે છે તે વિદ્યારૂપી તીર્થમાં સ્નાન કરનાર છે. વિદ્યા તથા વિજ્ઞાન એ જ જેમના બે હાથ છે. ઉપદેશ દ્વારા સર્વ સંશયોને દૂર કરનારા છે તે જ ખરા તીર્થમાં સ્નાન કરેલા કહેવાય છે. **જ્ઞાનસમુદ્રમાં સ્નાન અને વિદ્વત્સમાગમ એ જ ખરાં તીર્થ સ્નાન છે. જ્ઞાનથી જ આત્મા અને મન શુદ્ધ થાય છે !**

યોગ સાધનામાં ઈડા, પિંગળા, સુષુમ્ણા જે શરીરની નાડીઓનું વર્ણન કરવામાં આવેલું છે અને તેમને જ ગંગા, યમુના વગેરે નામો આપેલાં છે. (ઈડા અને પિંગલા જ્યાં મળે છે તેને ગંગા- યમુના સંગમ પણ કહ્યા છે.) આ સંગમમાં જે સ્નાન કરે છે અર્થાત્ ત્યાં જે પરમાત્માનું ધ્યાન કરે છે તે દુ:ખ મુક્ત થઈને મોક્ષ પામે છે. માટે સુખની ઈચ્છા રાખનાર પ્રત્યેક ધાર્મિક મનુષ્યે પ્રાણાયામ દ્વારા આ ખરા સંગમ ઉપર સ્નાન કરવાની ઈચ્છા રાખવી. સાધકે એવો પ્રયત્ન કરવો જોઈએ કે જેથી પ્રત્યેક દિવસ લાભ અને સુખ આપનાર નિવડે. આપણામાં સદૈવ સર્વ શુભ વિદ્યાઓનો પ્રકાશ કરનાર, સદ્‌વ્યવહારના પ્રકાશક સદ્‌ગુણોની વૃદ્ધિ કરનાર, મધુર, સત્ સ્વભાવયુક્ત, જ્ઞાનયુક્ત ઈષ્ટાનન્દ દાતા પરમાત્મા અને વિદ્વાનો જ શુદ્ધ તીર્થો છે.

★ ★ ★

મંત્ર, તંત્ર તથા ચમત્કારોની વાતો બે-મર્યાદ રીતે પ્રસિધ્ધ થાય છે અને સારી રીતે માનવના મનમાં અંધશ્રધ્ધા અને ચમત્કારનું ઝેર ભરપેટ પીરસવામાં આવે છે. સાચા વિજ્ઞાનને સમજાવાતું નથી. **-સ્વ. શ્રી બાબુભાઈ જે. બારોટ**

# રામરોટી...

....✍ : શ્રી ભગવત સુથાર

સવારે, બપોરે કે સાંજે પણ દિવસમાં એકવાર તો આખીયે શેરીમાં રામરોટી શબ્દ ગૂંજી ઊઠતો. માથું ફાડી નાંખે તેવો ઉનાળો, દાંત કકડાવી નાંખે તેવો શિયાળો કે મુસળધારે વરસતું ચોમાસું પણ આ રોમરોટીની નિયમિતતાને ખંડિત કરી શક્યાં નથી.

બસ, લગાતાર એ જ રટણ, એ જ બુલંદ લલકાર...

*રામરોટી રે ભાઈ! રામરોટી,*
*પ્રેમે દિયો મારા રામને રોટી.*

ક્યારેક માત્ર મંજીરાના તાલથી, ક્યારેક એકતારાથી, તો ક્યારેક ખુલ્લા મૂકેલા ગળાથી ગવાતું આ ગીત હવે તો પોળનાં છોકરાં પણ ગાવા લાગ્યાં છે. દૂરથી પોળને છેડે રામભક્ત દેખાયા નથી કે તરત જ છોકરાં પેલું ગીત ઉત્સાહથી નાચતાં, કૂદતાં, ઊછળતાં ગાવા લાગી જાય છે. પ્રારંભમાં તો ભગત આખી શેરી માટે એક આશ્ચર્ય હતા. તેમની વેશભૂષા વિચિત્ર લાગતી, કોઈ તેમની મશ્કરી કરતુ. કોઈ તેમને ગોદડીયો ભગત કહેતું, તો કોઈ તેમને લઘરો ભગત કહેતું. ગમે તે નામે, ગમે તે રીતે બોલો, પણ સેવામંત્રને વરેલા ભગત તો એકધારા, અખંડ જ્યોતની જેમ પોતાનો પ્રેમપ્રકાશ પાથરીને સૌને આનંદની ઉજાણી કરાવતા હતા.

બાળકો જ ઘરમાં દોડી જઈને રોટલી, રોટલો, ભાખરી કે પૂરી લઈને દોડી આવે છે. ભગતની ઝોળી છલકાઈ જાય છે.

હવે ભગત ઘરનું માણસ બનતા જાય છે. સૌની સાથે હળેમળે છે. સૌના સુખદુઃખની વાતો સાંભળે છે, કોઈ દુઃખી બેનની આંખનાં આંસુ લૂછીને તેને હૈયાધારણ આપે છે. **જે માનવી પોતાનું દુઃખ ભૂલીને પારકાના દુઃખમાં ભાગીદાર બને છે તેનું સુખ અલૌકિક હોય છે.** ભગતના ચહેરા પર અવર્ણનીય સુખસાગરની જેમ સેલેરા મારતું દેખાય છે!

ભગતની કાંઈ મોટી ઉંમર નથી. દેખાવ પણ આંખને ગમે તેવો છે. ચહેરાનો ઘાટ જોતાં કોઈનાયે હૈયાને સ્પર્શવાની શક્તિ તેમનામાં હશે એમ લાગે છે. ભગતે આવુ કામ કેમ માથે લીધુ હશે ? કોઈ યુવતીએ તેમના હૈયાને ઠોકર મારી હશે ? આટલી મોટી બે ઝોળીઓ ભરીને રોટલા ભેગા કરીને ભગત શું કરતા હશે ? આટલા બધા રોટલા કોને વાસ્તે લઈ જતા હશે ?

કેટલાક માણસો તો ભગતની સાથે ક્યારેક ગયા છે. ભગત ગામથી દૂર દૂર ચાલયા જાય છે. ત્યાં એક મહાદેવનું મંદિર છે, મોટી પડાળી છે, પાસે કૂવો છે. ભગત ત્યાં રહે છે. શરૂશરૂમાં ભગતની સાથે ગયેલા માણસોએ શું જોયું ? ભગતે રામ..રામ..રામ.. ઓ રામ.. કહીને બૂમો મારી અને કેટલાંક કૂતરાં દોડતાં દોડતાં ભગતને વીંટળાઈ ગયાં. ભગતે પેલી ઝોળીમાંથી રોટલાના ટુકડા નાંખવા માંડયા, કૂતરાં ધરાઈને પાછા વળ્યાં. કેવી ભગતની જીવદયા ! ક્યારેક ડૉક્ટર પાસેથી કેટલીક દવાઓ પણ તે લે છે. અરે, એક દિવસ તો એક માણસે શું જોયેલું ?

ગામના તળાવને કિનારે એક ગંદો, ગોબરો, દુઃખી, રોગથી પીડાતો માનવી પડયો છે. ગામલોકો પસાર થાય છે. પેલો 'પાણી પાણી'ના પોકારો વીંઝે છે. પણ કોઈએ પાણીનું ટીપુંય તેના મોંમાં મૂકવાની હિંમત ન કરી. ગામમાંથી ઝોળી ભરીને રોટલા સાથે આવતા ભગતથી આ દશ્ય ન જીરવાયું. અરે રે ! પોતાનો રામ આમ દુઃખી થાય તે વાત ભગતથી સહન કેમ થાય ? પેલા માનવી પાસે ઝોળી મૂકીને ખોબામાં પાણી લાવીને ભગતે એ દુઃખીના મોંમાં મૂક્યું. બે ઘૂંટ પાણી. જાણે અમૃતસિંચન થયું હોય તેમ દુઃખી માનવીએ આંખ ખોલી. ભગતને જોતાં જ બોલી ઊઠયો:

"વાહ ! પ્રભુ ! શી તારી માયા ! મારા પર આટલી અસીમ કૃપા કોણે કરી ? આ પાપી, હત્યારા, ખૂની પર આટલી બધી દયા !!"

"ભાઈ, ખૂબ દુ:ખી છો. ચાલો મારે ઘેર."

"તમારે ઘેર !?" પેલો ખડખડાટ હસી પડયો.

"હા ! રામને ઘેર રામ પધારે..."

"મને ઓળખો છો ? હું કોણ છું ? હું તો આ ગામનું ઘોર અધમ કલંક છું, પણ તમે મને લઈ જઈને શું કરશો ? હું તો ખોટો રૂપિયો છું."

"ભાઈ, સાચા રૂપિયાનું તો સૌ સગું થાય. ખોટાના સગા થઈએ ત્યારે જ સાચું ને ! રામની સેવા રામ કરશે. ચાલો ત્યાં તમારા આત્માને કળ વળશે."

પેલા માનવીને ટેકે ટેકે ચલાવીને ભગત રામદ્વારે લઈ ગયા. તે તો આભો બની ગયો. ત્યાં બીજા અનેક દુ:ખી માનવીઓ હતા. ખાસ કરીને રક્તપિત્તિયા વધારે હતા. કોઈનું નાક બૂચું છે. કોઈનાં આંગળાં ઠૂંઠાં થઈ ગયા છે, કોઈના શરીરે લાલ પીળાં ચાઠાં છે. ચકામાં છે, કોઈને ચાંદીઓ પડી છે, તો વળી બે ત્રણ આંધળા છે, લૂલા પણ છે. બધા નિરાધાર છે. ત્યાં સ્ત્રીઓ છે, પુરુષો છે, બાળકો છે. હિન્દુ છે, મુસલમાન છે. ત્યાં માનવી છે. અરે ! પણ ભગતના જાણે બધાએ રામ છે !! ભગત તો રામસેવા કરતા હોય તેમ સૌનાં દર્શન કરે છે, ઘા ધૂએ છે, દવા ચોપડે છે, દવાઓ લાવીને ખવડાવે છે.

પેલો માનવ તો આ દશ્યને જોતાં જ આભો બની ગયો. બે ચાર દિવસમાં તે સાજા થઈ ગયો. તેનું શરીર નહીં પણ મન સાજું થઈ ગયું. તેના મનનો મેલ જતો રહ્યો. જાણે જેસલનું પેલું પદ 'પાપ તારાં પરકાશ જાડેજા' ની માફક પોતાના કરેલાં પાપોનું પ્રાયશ્ચિત કરતો હોય તેમ તે આ દુ:ખી માનવોની સેવા કરવા લાગ્યો.

સેવા કરતાં તે બોલતો : "આ હાથોએ ખૂબ પાપ કર્યા છે, ખૂન કર્યા છે, ગળાં દાબ્યાં છે, ખિસ્સાં કાતર્યા છે, સ્ત્રીઓનાં શિયળ વેચ્યાં છે, લૂંટયા છે. આંખોએ ન જોવાનાં દશ્ય જોયાં છે, જીભે જૂઠાણું જ આચર્યું છે, કાને ગાળો સિવાય કાંઈ સાંભળ્યું નથી. હૈયું તો નરકનું જીવતું જાગતું ધામ હતું, તે હાથે સેવા કરીને પરુ ધોઈને, સાફ કરીને પવિત્ર બન્યું છે, આંખો રામદર્શન કરીને ધન્ય બને છે, હૈયું રામનું સિંહાસન બન્યું છે.."

પેલા પાપીની આ કબૂલાતથી ગામમાં ભગત માટે મોટો સદ્‌ભાવ જન્મ્યો. સૌના મનમાં સપ્તર્ષિ જેવડો મોટો પ્રશ્ન જાગ્યો. ભગતને હૈયાની આટઆટલી અમીરાત, દીનદુ:ખિયાંની આંખનાં આંસુ લૂછવામાં પ્રભુભક્તિનું સાર્થક્ય ભગતને ક્યાંથી જડયું હશે ? ભગતની નોંધપોથીનું રોજનીશીનું એક પાનુ પેલાના વાંચવામાં આવી ગયું :

"હું ભણેલો છું બી.એ. સુધી. થોડો વખત નોકરી કરી છે. મારી માતા નાનપણથી મેં જોઈ નથી. કદાચ બે ચાર વર્ષનો હોઈશ અને મારી માતા મને મૂકીને ક્યાંક ચાલી ગઈ છે. અમે બે ભાઈ છીએ. મોટાભાઈ તો શેઠ બન્યા છે. મોટો થયા પછી મને સગેવહાલેથી ભાળ મળી કે માને તો મારા બાપાએ સગે હાથે અંધારી રાતે ઘરમાંથી કાઢી મૂકી છે. કેમ ? કેમકે મારી માને અંગે અંગે રક્તપિત્ત થયાનાં ચિહ્નનો દેખાયા હતા. પિતા વાઘ જેવા ક્રૂર નીકળ્યા. માતાને-એક દુ:ખિયારી નિર્દોષને-ઘરમાંથી કાઢી મૂકી !! શી ખબર ? મારી મા ક્યાં હશે ? દુ:ખી માની સેવા તો ન કરી શક્યો પણ આ દુ:ખી અને ત્રસ્ત માનવીઓની સેવા કરતાં કરતાં, આવા કુષ્ઠરોગનાં દર્દીઓને શોધતાં શોધતાં **ક્યાંક મારી મા મળી જાય તો !** આવી અવિચલ શ્રદ્ધા, આશાની મશાલ અને દીવો લઈને આ કુષ્ઠરોગીઓની સેવા કરું છું. **મા ! મારી મા ! તારું ઋણ આમ પણ ચૂકવાય તો શું ખોટું ?"**

★ ★ ★

## ધૈર્યનું જીવનમાં અમૂલ્ય સ્થાન...

....✍ : સુ.શ્રી કિરણબેન એન. શાહ

ભક્તે તો જીવનના અંત સુધી પ્રભુની સેવા, સ્મરણ કરવાં. ગમે તેટલાં દુઃખો પડે પણ હિંમત ન હારવી. રામકૃષ્ણ પરમહંસને યાદ કરવા. કેન્સર જેવું દર્દ હોવા છતાં ક્યારેય તેઓ અપ્રસન્ન બન્યા નથી. આનંદથી પ્રભુમય જીવન જીવ્યા છે. **સુખ તો આપણી અંદર જ રહેલું છે. સુખને શોધવા માટે ધૈર્યની જરૂર છે.** ધૈર્ય એટલે આપણે આગળના અંકોમાં ત્રણ પ્રકારનાં દુઃખ જોયાં તેને સહન કરવાં ને અંતરમાં રહેલા પ્રભુને શોધવા, અંતઃકરણમાં રહેલા પ્રભુને પ્રાપ્ત કરવા તે જ સાચુ સુખ, સાચો આનંદ છે.

**અંતઃકરણનો એક મહાન અવગુણ બધા ઉત્તમ ગુણોને ધોઈ નાંખે છે ને તે છે અભિમાન. આ દુર્ગુણ મનુષ્યને પ્રભુ સુધી પહોંચવા દેતો નથી.**

ચાંગદેવે અનેક સિદ્ધિઓ પ્રાપ્ત કરી હતી. તેમણે પ્રાપ્ત કરેલ યોગસિદ્ધિના બળે તેઓ ૧૪૦૦ વર્ષ જીવ્યા હતા. મૃત્યુને ચૌદ વખત તેઓએ પાછું ઠેલ્યું હતું. તેઓ સિદ્ધિઓમાં ફસાયેલા હતા. તેમને પ્રતિષ્ઠાનો મોહ હતો. તેમણે મેળવેલી સિદ્ધિઓનું તેમને અભિમાન હતું. તેમણે જ્ઞાનેશ્વરની કીર્તિ સાંભળી. જ્ઞાનેશ્વર મારા કરતાં નાના ને તેમની પ્રતિષ્ઠા વધુ કેમ હોય ! ચાંગદેવને તેમની ઈર્ષ્યા આવવા લાગી. જ્ઞાનેશ્વરને પત્ર લખવા બેઠા. પણ સંબોધન શું કરવું તે વિચારવા લાગ્યા. જ્ઞાનેશ્વર ઉંમરમાં પોતાનાથી નાના, માત્ર સોળ વર્ષના હતા. એટલે પૂજ્ય તો કેમ લખાય ? આવા મહાજ્ઞાની પુરુષને ચિરંજીવી એમ પણ ન લખાય, નિર્ણય શું લખવું તે ન કરી શક્યા તેથી તેમણે કોરો પત્ર જ્ઞાનેશ્વર પર મોકલ્યો. સંતોની ભાષા સંતો જાણી શકે છે. **સંતો કોરો પત્ર પણ વાંચી શકે છે.**

મુક્તાબાઈએ પત્રનો જવાબ લખ્યો. ૧૪૦૦ વર્ષની તમારી ઉંમર થઈ, પરંતુ ૧૪૦૦ વર્ષે પણ તમે કોરા જ રહ્યા. ચાંગદેવે વિચાર્યું જ્ઞાનેશ્વર જેવા સંતને તો મળવું જ જોઈએ. પોતાની સિદ્ધિઓ બતાવવા તેમણે વાઘ પર સવારી કરી અને સર્પની લગામ બનાવી. જ્ઞાનેશ્વરને મળવા ચાલ્યા.

જ્ઞાનેશ્વરને ખબર પડી કે ચાંગદેવ તેમને મળવા આવે છે. તેઓ સમજતા હતા કે ચાંગદેવને સિદ્ધિઓ જે તેમણે પ્રાપ્ત કરી છે તેનું અભિમાન છે. તેમણે બોધપાઠ આપવા જ્ઞાનેશ્વરે વિચાર્યું. ચાંગદેવ તેમને મળવા આવ્યા ત્યારે તેઓ ઓટલા પર બેઠેલા હતા. તેમણે ઓટલાને ચાલવા કહ્યું. પથ્થરનો ઓટલો ચાલવા લાગ્યો. ઓટલાને સામેથી આવતો જોઈ ચાંગદેવનું અભિમાન પીગળી ગયું.

ચાંગદેવે કહ્યું, મેં તો હિંસ્ર પશુઓને જ વશ કર્યા છે, ત્યારે **આ જ્ઞાનેશ્વરમાં તો એવી શક્તિ છે કે તે જડને પણ ચેતન બનાવી શકે છે.**

અભિમાનનો તો ભક્તે ત્યાગ કરવો જોઈએ. ભગવાન જે સંજોગોમાં મૂકે તે રીતે ભક્તે રહેવું. મીરાંબાઈ કહે છે, "રામ રાખે તેમ રહીયે ઉદ્ધવજી રામ રાખે તેમ રહીયે." મીરાંબાઈએ જીવનમાં કેટલાં બધા દુઃખો સહન કર્યાં હતાં. છતાં પણ તેમણે પ્રભુનું નામ છોડ્યું નથી. તેઓ તો મુખથી બોલે, "મેરે તો ગિરિધર ગોપાલ, દૂસરા ન કોઈ."

નરસિંહ મહેતા, ધ્રુવ, પ્રહલાદ જેવા ભક્તોએ ક્યાં ઓછા કષ્ટો સહન કર્યા છે ? દુઃખમાં પણ તેમના જીવન પાંગર્યા છે. રામબાણ વાગવા હોય તેટલા વાગવા દો, વીરની જેમ સામે પગલે આપત્તિની સામે જાવ, દુઃખથી હારો નહીં. દુઃખને પણ પ્રેમથી વધાવી લો.

એમ કહેવાય છે કે સુખમાં બધા સાથીદાર હોય છે. સુખ હોય, ધનસંપત્તિ આંગણે રેલાતી હોય ત્યારે આંગણે ઘણા મિત્રો આવીને ઊભા રહે છે. પણ દુઃખમાં કોઈ સાથીદાર બનતું નથી. પણ ભક્ત તો જો ધીરજ રાખે તો દુઃખમાં ભગવાન તો તેની સામે આવીને ઊભા જ રહે છે. **દુઃખમાંથી છોડાવનાર પ્રભુ જ છે.**

**(-ક્રમશઃ)**

★ ★ ★

# પરામ્બા વિલાસ...

લેખાંક-૪

મૂળ લેખક : શ્રી ચૂનિભાઈ ભટ્ટ

પ્રસ્તુતિ : શ્રી આત્મારામ ભારદ્વાજ

(પરમ આદરણિય લેખક મહોદય શ્રી ચૂનિભાઈ ભટ્ટ દ્વારા પ્રકાશિત **'પરામ્બા વિલાસ'** નામના ગ્રંથમાંથી શ્રીવિદ્યા ઉપાસકોના લાભાર્થે અત્રે સાભાર પ્રસ્તુત કરેલ છે.)

**આત્મોપાસના :**

**શ્રીવિદ્યા એ આત્માના ઉન્નતીકરણની ઉપાસના છે.** આપણે આગળ કહ્યું તેમ તમામ ભૌતિક-સુખ પ્રારંભે જ આપી દેનારી આ શક્તિની સાચી અને સમજપૂર્વક ક્રમિક પગલાં પ્રમાણે ઉપાસના કરવામાં આવે તો, દુન્યવી સુખ પછી દૈવી અને અધ્યાત્મિક સુખ પણ તેનાં આગલાં ચક્રોની ઉપાસનાથી પ્રાપ્ત થતાં જાય છે. એટલે આધિભૌતિક, આધિદૈવિક અને આધ્યાત્મિક એ ત્રણે સુખ શ્રીદ્વારા પ્રાપ્ત થાય છે. એટલે તે સાચા અર્થમાં આત્મોન્નતિ માટે હોવાથી શ્રીવિદ્યા એ આત્મોન્નતિ ઉપાસના છે. આત્મશક્તિ ઉપાસના છે.

આત્મશક્તિની ઉપાસના ચાર સ્વરૂપે હોય છે. સ્થૂલ, સૂક્ષ્મ, સૂક્ષ્મતર અને પરા અથવા (સૂક્ષ્મતમ) તે ચારેય પ્રકાર શ્રીવિદ્યામાં ક્રમિક રીતે ગોઠવાયા છે. તે આચાર સમયાચાર પદ્ધતિના છે.

(૧) **સ્થૂલ ઉપાસના :** હાથ, પગ અને આંખ-નાકવાળાં દેવીના સ્વરૂપને આપણે પૂજીએ છીએ. પૂજા કરતી વખતે દેવીના પગ ને સ્થૂલ હાથે આપણે વંદન કરી શકીએ છીએ, ને તેના અંગ ઉપર પૂજા-દ્રવ્ય ચડાવીને આનંદ લઈએ છીએ. તે સ્થૂલ ઉપાસના છે.

(૨) **(સૂક્ષ્મ) આકૃતિ ઉપાસના :** આ સ્થૂલ સ્વરૂપને મૂર્તિ સ્વરૂપને બદલે ભૌમિતિક આકૃતિરૂપે મૂકીને તેની ઉપાસના થાય છે. યંત્ર દ્વારા આઠ આરા, નવ દ્વાર (નવકોણ) દેવપુરી અયોધ્યા સ્વરૂપે દેહ અને શ્રીચક્રની ઉપાસના એ આ પ્રકારમાં આત્માની ઉન્નતિનું બીજું પગલું સૂચવે છે.

(૩) **(સૂક્ષ્મતર) અક્ષરોપાસના :** એ ચક્રમાં કે અન્ય મંત્ર સ્વરૂપે વિવિધ અક્ષરોને અક્ષરબ્રહ્મ તરીકે મૂકીને પણ ઉપાસના થાય છે. યંત્રોમાં અક્ષરો મૂકીને જે ઉપાસના થાય છે તે ઉપાસના ત્રીજા પગલાંની સૂક્ષ્મતર ઉપાસના છે. એકલો મંત્રજપ પણ આ ત્રીજી કક્ષામાં આવે.

(૪) **(સૂક્ષ્મતમ) પરોપાસના :** એ પ્રત્યેક **અક્ષર** અમુક સ્વરૂપનો છે, તે ચૈતન્યમય છે. તે બ્રહ્મના તેજસ તત્ત્વની ઝાંખીરૂપે રેખા સ્વરૂપે સૂક્ષ્મતમ આંદોલનરૂપે છે, તેમાં અણુનું સૂક્ષ્મ ચૈતન્ય ભર્યું છે. **તે ચૈતન્ય દ્વારા આત્મચૈતન્ય જાગ્રત થાય છે, તેમ માનીને શબ્દ કે અક્ષરબ્રહ્મના ચકમકથી દેહના લોહતત્ત્વને ઘસીને ચૈતન્યની ચિનગારી પ્રગટાવી શકાય છે.** તે પ્રગટાવે તેવી શક્તિ અને જ્ઞાન પ્રાપ્ત કરે તેને આત્મચૈતન્યો- પાસનાની ચોથી કક્ષા કે પરા ઉપાસના કહે છે.

**શ્રીવિદ્યાની ઉપાસનામાં સાધક સ્થૂલ ઉપાસનાથી પરા ઉપાસના સુધી આગળ વધે તેવું આયોજન કરવામાં આવ્યું છે.**

**વિવિધ સ્વરૂપની શ્રીવિદ્યા :**

આગળ વાત થઈ કે સૂક્ષ્મ ચૈતન્ય તો પ્રત્યેક આત્મા સાથે સંકળાયેલું છે, પણ પ્રત્યેક આત્માને અમુક આવરણ હોવાથી તે ચૈતન્ય પ્રાપ્ત કરવા અને આવરણ દૂર કરવા ઉપાસના જરૂરી છે. તે માટે અનેક ઉપાસકોએ પોતાની રીતે શ્રીવિદ્યા વિકસાવી છે, તે નીચે મુજબ ટૂંકમાં વર્ણવી શકાય.

मनुश्चद्र कुबेरश्च लोपामुद्राच मन्मथः ।
अगस्ति, रग्निः, सूर्यश्च, इन्द्र, स्कंद शिवस्तथा ॥
क्रोधभट्टारको देव्या द्वादशानी उपासकाः ।

મનુ, ચંદ્ર, કુબેર, લોપામુદ્રા, કામદેવ, અગસ્ત્ય, અગ્નિ, સૂર્ય, ઈન્દ્ર, કાર્તિકસ્વામી, શિવ અને દુર્વાસા એ બાર શ્રીવિદ્યાના મુખ્ય ઉપાસકો છે. તેમના નામે

શ્રીવિદ્યાના મુખ્ય બાર સંપ્રદાયો વિકસ્યા છે. ★★★

**કામરાજી વિદ્યા :**

આપણે મુખ્ય બાર પ્રવર્તકોનાં નામ આપ્યાં. તેમણે સાધના કરીને પોતાના અનુભવોનો ઉમેરો કરીને નવો મંત્ર વિકસાવી આપ્યો છે. આ સંપ્રદાયો ઉપરાંત પણ એ વિદ્યાના અનેક મંત્રો પણ પાંગર્યા હોવા છતાં, **મુખ્યત્વે તો હયગ્રીવ ભગવાને આપેલી વિદ્યા કાદિમંત્ર મુખ્ય ગણાય છે.**

વેદની એ વિદ્યા પંદર અક્ષરોની બનેલી છે. તે વિદ્યાનો એક મંત્ર નીચે પ્રમાણે છે :-

कामो योनि कमला वज्रपाणि र्गुहाहसा, मातरिश्वा भ्रमिन्द्रः ।
पुनर्गुहा सकला मायया च पुरूश्चषा विश्वमाता दिविद्योम ॥

આ મંત્રમાંથી વિદ્યામંત્ર બને છે. તેને કામરાજી વિદ્યા, કામરાજ મંત્ર, પંચદશીકાદિમંત્ર, વગેરે તરીકે ઓળખાય છે. વેદમાં અન્ય સ્થળે "चत्वारि ईं बिभिर्ति" જેવા મંત્રમાં પણ આ મંત્રની યાદી આપી છે. ત્યાં પણ પંદર અક્ષરોની વાત કરવામાં આવી છે.

આ વિદ્યા પછીનું નામ લોપામુદ્રા મંત્રનું આવે છે. તેમાં પણ પંદર અક્ષરો છે. લોપામુદ્રાએ પોતાના પતિના અગસ્ત્ય મંત્ર (કામરાજી પંચદશી) ના પ્રથમ કૂટમાં ફેરફાર કરીને એટલે કે બે અક્ષરો બદલીને બાકીના અક્ષરો ને કૂટો એના એ જ રાખીને લોપામુદ્રા મંત્ર બનાવ્યો છે. તેથી તે પસંદગીમંત્ર બીજા ક્રમે આવે છે. અન્ય ઘણા મંત્રો હોવા છતાં આ બે મંત્રો અગ્રસ્થાને છે, અને કામકલાવિલાસ જેવા અગત્યના ગ્રંથોની પ્રખ્યાત ટીકામાં પણ આ બે વિદ્યાને અગ્રતા આપી છે.

**વેદગંગાવતરણ** (વેદજ્ઞાન વંચિતોની વિદ્યા) : આપણે કહ્યું કે **શ્રીવિદ્યા એ વેદોક્ત વિદ્યા છે;** પણ અનેક વેદમંત્રો અમુક રીતે ઉચ્ચારાય છે. તેમાં સ્વરભાર તથા હ્રસ્વ તથા દીર્ઘ અને પ્લુત ઉચ્ચારણોનું પણ મહત્વ છે. એટલે એવું ન કરી શકે તેવા માટે વેદજ્ઞાન નવનીત સરળતમ રીતે આ પંચદશી દ્વારા તૈયાર કરી આપવા મહર્ષિઓએ પ્રયત્ન કર્યો અને **વેદજ્ઞાન વંચિત સમાજ માટે સરળ માર્ગ બાંધી આપ્યો. મૂળમાં છે તે આ વિદ્યામાં થોડાક જ અક્ષરોમાં ઠાંસી ઠાંસીને ભરીને ઉપાસકો માટે તૈયાર રસથાળ પીરસી આપ્યો છે.** વેદ એ **નિગમ** છે ને તે સમજાવતું અન્ય જ્ઞાન એ **આગમ** કહેવાય છે. પરંતુ તે બન્નેમાં ભેદ નથી. "आगमश्चैव वेदश्च द्वौर्बाहु मम पुष्कलौ । द्वाभ्यांमेव वृतं त्रैलोक्यं भूर्भुवादिकम् ॥" એટલે કે જગતનો ભાર ઉપાડવા અને સ્વર્ગ, અંતરિક્ષ અને પૃથ્વીને ધારણ કરવા આગમ અને વેદ એ મારા બે હાથ છે. બે હાથનું કામ એકસરખું છે. એટલે **વેદનું ગંગાજળ આગમમાં શ્રીવિદ્યાના ચરણામૃત રૂપે પીરસવામાં આવ્યું છે.** આગમ-નિગમ બન્નેનું જ્ઞાન તો એક જ જ્ઞાન છે. વેદનું એ અદ્વૈતાવસ્થાનું જ્ઞાન શ્રીવિદ્યામાં મંત્ર, યંત્ર અને તેવાં ઉપકરણોને માનસિક વિકાસની રીતે ગોઠવીને શ્રીવિદ્યા આગમ તરીકે ઘણું મોટું અને ઉપકારક કામ કરી શકે છે.

**મુખ્ય સ્વરૂપ :** શ્રીવિદ્યાનાં અનેક નામ આપણે જોયાં. અહીં આપણે પૂજામાં વપરાતાં મુખ્ય સ્વરૂપની રીતે વાત કરીએ તો એ વિદ્યા મુખ્ય ત્રણ સ્વરૂપે પૂજાય છે : (૧) બાલા, (૨) પંચદશી લલિતા અને (૩) ષોડશી.

**(ક) બાલા :** એ દેવીનું બાલા સ્વરૂપ છે. પૂજામાં પણ તે પહેલાં આવે છે. તેનો વિદ્યામંત્ર પણ ટૂંકો ને માત્ર ત્રણ અક્ષરોનો છે; પણ તે ત્રણ અક્ષરો મૂળ છે. **વૃક્ષનો વિકાસ મૂળ ઉપર આધાર રાખે છે. તેમ શ્રીવિદ્યાની મંત્રરૂપે ને યંત્રરૂપે ઉપાસનામાં બાલા એ પાયાનું કે મૂળનું કામ કરે છે. તેના ઉપર સમસ્ત શ્રીવિદ્યાની ઈમારત ઊભી છે.** બાલાનો એકાક્ષરી મંત્ર પણ છે. બાલા, લલિતા, ષોડશી વગેરે પહેલાં આ ઉપાસના આવશ્યક બને છે. ને તે તે મુખ્ય પૂજામાં પણ આ બાલામંત્રો જ વપરાય છે.

**(ખ) પંચદશી લલિતા :-** પરમેશ્વર સાથેનું અભિન્ન ત્રિપુરસુંદરી સ્વરૂપ ઘનીભૂત, શુધ્ધ, શાંત સ્વરૂપમાં સૌંદર્યના અને લાલિત્યના ભાવો વધારે હોવાથી, તે દેવીને લલિતા કહે છે. તેની ઉપાસનાના પંદર અક્ષરોનો મંત્ર પંચદશી કે લલિતાપંચદશી ગણાય છે. તે **દેવીમાં પરાશક્તિનું લલિત લાવણ્ય પૂજાય છે, તે ત્રિપુરાવિદ્યા કે પંચદશી શ્રીવિદ્યા પણ ગણાય છે.**

**(ગ) મહાલલિતા ષોડશી (પરામ્બા) :-** પૂજામાં અને યંત્રમાં આ ત્રીજી અવસ્થા આવે છે. બાલા એ

પ્રાથમિક, પંચદશી એ માધ્યમિક, અને ષોડશી એ ત્રીજી અવસ્થા છે. ષોડશી ઉપાસનાની દેવી ૧૬ અક્ષરોથી પૂજાય છે. તે **સદાકાળ નિત્ય યૌવના શક્તિરૂપે પૂજાતી હોવાથી તેને મહાનિત્યા, મહાષોડશી, પરામ્બા, મહાત્રિપુરસુંદરી વગેરે નામે પૂજાય છે અને પોતાના નામને સાર્થક કરે છે.**

**યોગમાર્ગ અને શ્રીવિદ્યા :-** યમ-૧૦, નિયમ-૧૦, મુખ્ય આસન-૮, પ્રાણાયામ-૩, પ્રત્યાહાર-૫, ધારણા-૫, ધ્યાન-૨ મળીને ૪૩ ભાગ થાય છે. **શ્રીચક્રનાં પણ ૪૩ શક્તિચક્રો સાધકોએ ગોઠવ્યાં છે. સમાધિ અવસ્થા એ બિંદુ ચક્ર છે; અને તેમાં શિવશક્તિ સંયુક્ત છે.** એ રીતે યોગવિદ્યાનો પણ આડકતરો સમાવેશ શ્રીવિદ્યામાં કરવામાં આવ્યો છે.

**કાદિ- હાદિ- સાદિ :** ત્રણ પ્રકારની પૂજા પદ્ધતિને બદલે માત્ર પ્રથમાક્ષરો ઉપરથી પણ એ વિદ્યા ઓળખાય છે.

જે વિદ્યાનો પ્રથમાક્ષર "ક" હોય તે "કાદિ" વિદ્યા ગણાય છે.

જે વિદ્યાનો પ્રથમાક્ષર "હ" હોય તે "હાદિ" વિદ્યા ગણાય છે.

જે વિદ્યાનો પ્રથમાક્ષર "સ" હોય તે "સાદિ" વિદ્યા ગણાય છે.

(કાદિ વિદ્યાને અગસ્ત્ય વિદ્યા ને હાદિ વિદ્યાને લોપામુદ્રા વિદ્યા પણ કહે છે.)

(- ક્રમશઃ)

★ ★ ★

આત્માદિ અસ્તિત્વનાં,
જેહ નિરૂપક શાસ્ત્ર;
પ્રત્યક્ષ સદ્ગુરૂ યોગ નહિ,
ત્યાં આધાર સુપાત્ર. (૧૩)

**– શ્રીમદ્ રાજચંદ્ર**

# શ્રી મોક્ષદાયની મા જગદંબા...

....✍ **: શ્રી શંકરલાલ મણીલાલ નાયક**

આપણા હિન્દુ ધર્મમાં અનેક દેવદેવીઓનીપૂજા થાય છે. નિત્ય નમસ્કાર તેમજ અનેક પ્રકારનાં પૂજન અર્ચન અને વિધિઓ પણ થતી હોય છે. પરંતુ **પ્રત્યેક દેવ અને દેવીનો અંતે સરવાળો શિવશક્તિમાં જ થાય છે.**

જ્યારે આપણે રાજરાજેશ્વરી પીઠમમાં બાના સાનિધ્યમાં સતસંગમાં બેસીએ છીએ ત્યારે તેમના મુખેથી વારંવાર સાંભળવામાં આવ્યુ છે કે ભક્તિ એવી કરો કે પ્રથમ તમારા ઉપાષક તરીકે એકજ ઈષ્ટદેવ હોવા જોઈએ અને તેનું શરણ સ્વીકારી આરાધના કરો જેથી તે ફળદાયી નિવડે અને તે સત્ય હકીકત છે. અનેકવિધ દેવોની ભક્તિ તેને વ્યભિચારી ભક્તિના અર્થમાં ગણવામાં આવેલ છે અને તે આજીવન પર્યંત કરવા છતાં પણ ફળદાયી નિવડતી નથી. **નમન કરવા માટે સર્વે દેવો પૂજનિય છે. પરંતુ આરાધના માટે તો એક જ શરણ અનિવાર્ય છે.**

રાજરાજેશ્વરી પંચાગ-સને ૧૯૯૮-૯૯નું વાંચતાં મને ખૂબ જ આનંદ થયો કે જેમાં બાએ આશિષ વચન અર્થાત્ આશીર્વાદ આપતાં લખ્યું છે કે, **"જન્મ જન્માંતર બાદ માનવદેહ ભાગ્યશાળીને જ મળે છે. સંસારમાં રહીને સદ્કાર્ય તથા સદ્વર્તનથી ધર્મ, અર્થ, કામ અને મોક્ષને મેળવવાના હોય છે. આત્મામાં રહેલ અખૂટ શક્તિને ઓળખવાની છે તથા આત્મચક્ષુથી જગદંબાનાં દર્શન કરવાનાં છે. ખુબજ ધૈર્ય અને દૃઢ શ્રદ્ધાથી ભક્તિ કરો, ઈષ્ટપ્રાપ્તિની આડે આવતા અંતરાય એ તો આપણા કર્મ છે. માટે ગમે તે સંજોગોમાં નિરાશ ન બનતાં શ્રી રાજરાજેશ્વરી મહાત્રિપુરસુંદરી લલિતાંબાની આરાધના કરો તથા નિર્મળ વિચારો પ્રાપ્ત કરી મુક્તિ પામો તેવા આશીર્વાદ."**

ઉપરોક્ત આશીર્વાદને માથે ચઢાવતાં મા જગદંબાની પ્રેરણાથી મારા મનનો એક સંશય દૂર થયો અને તે મુક્તિ અને મોક્ષની વાત.

"કથમ્ તરે યં ભવસિન્ધુ મેતત્
કાવાર ગતિ મેં કત મોક્ષ ઉપાયં."

આત્મા એ જ પરમાત્મા છે. પણ ક્યારે કે જ્યારે તેને માણસ સંપૂર્ણ રીતે ઓળખવા પ્રયત્ન કરે છે. અર્થાત્ આત્માને ઓળખે છે ત્યારે તેને સ્વયં પરમાત્માનાં દર્શન થાય છે. અને જ્યારે આત્માને પરમાત્માની અનુભૂતી થતાં જ જીવાત્મા પ્રથમ ચરણમાં પોતાના ઈષ્ટ આરાધ્ય દેવને વિનંતી કરી પોતાને આ સંસારરૂપી સાગરમાંથી પાર થવાનો માર્ગ પૂછે છે ? - કે હે દેવ! હું મારૂં અસલ સ્વરૂપ એ જ આપ છો તે જાણી શકું છું. પરંતુ હવે આટલેથી જ મને શાંત્વન મળતું નથી. હવે મને વધુ જીજ્ઞાસા એ છે કે ? કે હે દેવ! આપ મને પ્રાપ્ત થવાની અર્થાત્ આપને જાણ્યા પછી મને મારા મૂળ સ્વરૂપની અનુભૂતિ થઈ છે. જેના કારણે હું સંસારરૂપી મોહમાયાના બંધનથી મુક્ત થયો છું. એટલે કે હે પ્રભુ આપ મળ્યા જેથી મને મુક્તિ મળી છે. પરંતુ મુક્તિ મળતાં હું પાંગળો બની ગયો છું, તો હવે શુ કરવુ.

"આશા નામ મનુષ્યાનં, કાચ્છિત આશ્ચર્ય શૃખલાં,
અયા બધ્ધા પ્રધાવન્તિ, મક્તિ તિષ્ઠતિ પંગુવત્."

જેમ કે દેહના ગુણધર્મો જેવાં કે કામ, ક્રોધ, લોભ, મદ, મત્સર, મમતા અને અભિમાન જેવા રાક્ષસો જે આ દેહમાં પડેલા હતા, તે આપને ઓળખવાથી એટલે કે પામવાથી અર્થાત્ આત્મામાં પરમાત્માનું દર્શન થવાથી નાશ પામ્યા છે. અને આ તમામ રાક્ષસોનું જીવન મનથી ઉદ્‌ભવ થતી આશાની સાથે બંધાયેલ હતુ જે આશારૂપી સાંકળ તૂટી જતાં હવે આ જીવાત્મા મુક્ત થયો છે. એટલે કે આપનાં દર્શનથી મુક્તિ મળી છે. પરંતુ "મોક્ષ" ક્યારે મળશે.

ત્યારે પરમાત્મા કહે છે કે, હે જીવ! તું મારો અંશી છે. કારણકે હું પણ એક અંશ છું. અને મા જગદંબા આદ્યશક્તિ લલિતાંબામાંની પ્રેરણાથી પરમાત્મા સ્વરૂપે પ્રગટ થયો છું. મહાકવી તુલસીદાસજીએ એક ચોપાઈમાં લખ્યું છે કે -

"ઈશ્વર અંશ જીવ અવિનાસી;
મન ચૈતન્ય સહજ સુખરાશી."

આ ઉપરથી જાણી શકાય છે કે, જીવાત્માની માફક પરમાત્મા પણ એક મા જગદંબાનો અંશ છે. એટલે **જીવથી જે પર છે તે પરમાત્મા 'મુક્તિ' આપે છે અને મોક્ષની પ્રાપ્તિ માટે મા જગદંબાના શરણનો આદેશ કરે છે.** (વડલો કહે વનરાય સળગી - એ રાગ)

**ભજન**

હે... ભગત કહે છે. ભગવતી મળીયાં, ત્યજી દીયો જગ માયા.
ભજી લ્યો માનવ બુદ્ધિવાળાં .... ભજી. (૨)
હે... ભક્તિમાની જગમાં મોટી, ન ભજે મુઢમતિવાળાં,
કાળનું ચક્કર શિર પર ફરતું, ન છોડે સુખી જન કાયા ... ભજી લ્યો.
હે... માને પ્રતાપે જનમ ધરિયો, ધનધન જગની માતા,
માને ભૂલીને જગજન મહાલે, એ અધમ માનવ કાયા... ભજી લ્યો.
હે... યોગી ભાવે જે કોઈ ભજે તને; મલે તેને યોગમાયા
માનવ જન્મમાં ભજે જગદંબા, પુનઃ ન જન્મે એ કાયા.... ભજી લ્યો.
હે... રામ સમાએ સેવી મા અંબા, કિષ્કંધામાં નવ દહાડા
"શંકર" ભક્તિથી ભેટી જાસે, બાળક જગદંબે માતા... ભજી લ્યો.

★★★

*હે ગુરુદેવ!*

*જ્યાં સુધી આપની કરુણા હોય છે ત્યાં સુધી દેવોનો સમુદાય, બ્રહ્મા, વિષ્ણુ અને રુદ્ર સંજ્ઞાથી ઓળખાતા ત્રણ ગુણના અધિપતિઓ, ઉત્તમ સિધ્ધલોક, ગન્ધર્વ, મુનિઓ, મનુષ્ય, દૈત્યો તથા યક્ષાદિ સર્વ દિશામાં અનુકૂળ રહે છે. (૨૧)*

**– સદ્‌ગુરોર્મહિમ્નઃ સ્તોત્રઃ**
**શ્રી નગીનવર્મણા રચિતમ્**

# તંત્રમાં ઉપચાર પદ્ધતિ...

લેખિકા : સુ.શ્રી ડૉ. પ્રજ્ઞા શાહ
અનુવાદ : શ્રી પુરૂષોત્તમ જોષી

**(અ) ૧. તંત્ર સાધનાનાં મૂળ તત્ત્વો :**

તાંત્રિક સાધના પદ્ધતિ એક એવો દરિયો છે કે જેમાં વિવિધ પદ્ધતિઓના પ્રવાહો ભળતા હોય છે. સાગરને જેમ ઘડામાં સમાવાનું શક્ય નથી તેમ એક જ પ્રકરણમાં બધી જ વિગતોનો સમાવેશ કરવાનું શક્ય નથી. આથી અમે અમારા આ કાર્યને તાંત્રિક સાધનાની મૂળભૂત ગતિવિધિઓની થોડીક પ્રારંભિક માહિતી આપવા પૂરતું મર્યાદિત રાખીએ છીએ. ભૌતિક કે આધ્યાત્મિક પ્રકારનાં પરિણામો જે પેદા કરી શકે છે તેને સાધના કહેવાય છે. પરિણામ ગમે તે આવે પરંતુ **તાંત્રિક સાધનાનું મૂળભૂત દૃષ્ટિબિંદુ બાહ્ય તેમજ આંતરિક વિશુદ્ધિનું છે. તંત્ર સાધનાનું મધ્યબિંદુ દેવતા બનીને દેવતાનું પૂજન કરવાનું છે.** તાંત્રિક માન્યતા પ્રમાણે આનો અર્થ એવો થાય છે કે **મનુષ્ય જેનું પૂજન કરે છે તે તત્ત્વ કંઈ બહારનું તત્ત્વ નથી પરંતુ તેની પોતાની ચેતના જ છે.** તાંત્રિક સાધનાના ઘણા પ્રકારો હોવા છતાં અહીં અમે જે પ્રકારોને સર્વસ્વીકૃતિ મળી છે તેવી માન્યતાઓનો જ ઉલ્લેખ કરીશું. અહીં એમ **સર્વ પ્રથમ શરૂઆત તાંત્રિક સાધનામાં ગુરુના અત્યાવશ્યક સ્થાનથી કરીશું.**

**(ક) આધ્યાત્મિક ભોમિયો :**

તાંત્રિક સાધનામાં ગુરુ ખૂબ મહત્ત્વનું સ્થાન ધરાવે છે. સાંપ્રત કાળમાં ગુરુના સાચા અર્થના અજ્ઞાનને લઈને ગુરુઓ બિલાડીના ટોપની જેમ ફૂટી નીકળ્યા છે પરંતુ કુલાર્ણવ તંત્ર જેવા ગ્રંથ કે જેમાં આ માન્યતાનું મૂળ સમાયેલું છે તેમાં જણાવ્યું છે કે કહેવાતા ગુરુઓ તો ઘણા છે પરંતુ સાચા ગુરુ મળવા મુશ્કેલ છે. ખોટા અને સાચા ગુરુ વચ્ચેની ભેદરેખા કેમ પારખવી ? કુલાર્ણવ તંત્રે સાચા અને કહેવાતા કે બની બેઠેલા ગુરુઓ વચ્ચેનો ભેદ પારખવા કેટલાંક ગુણાત્મક વર્ણનો કર્યાં છે. એ વર્ણનો કયા ? આપણે એ વર્ણનો જોઈએ તે પહેલાં ગુરુ શબ્દનો અર્થ શો થાય છે તે પ્રથમ જોઈએ.

વિવિધ ગ્રંથોમાં ગુરુ શબ્દની ઘણી વ્યાખ્યાઓ આપવામાં આવેલી છે પરંતુ કુલાર્ણવ તંત્ર જણાવે છે કે : **ગુરુ શબ્દમાં 'ગુ' અક્ષર અંધકાર દર્શાવે છે, જ્યારે 'રુ' અક્ષર નાશ માટે વપરાય છે. આથી ગુરુ એ છે કે જે અજ્ઞાનના અંધકારનો નાશ કરે.**

અજ્ઞાન શેનું ? અન્ય દાર્શનિક પધ્ધતિઓની જેમ **તંત્ર** પણ **જીવાત્મા અને વિશ્વાત્મા કે પરમાત્મા વચ્ચેના તાદાત્મ્યના સંબંધને સ્વીકારે છે, આ તથ્યનું અજ્ઞાન એ સાધનાના માર્ગનો અવરોધ છે. એકમાત્ર સાક્ષાત્કારી ગુરુ કે જે પોતે શિવ બની ચૂકેલ છે કે જે એવી વ્યક્તિ છે કે જેણે પોતાના અંતરાત્મામાં શિવનો સાક્ષાત્કાર કર્યો છે, તે આ અવરોધને હઠાવી શકે છે અને એટલે જ તંત્રમાં ગુરુ અને શિવમાં ભેદ ગણવામાં આવતો નથી.**

જો ગુરુ અને શિવ બન્ને એક જ હોય તો ઈશ્વર ગુરુના માધ્યમથી પ્રગટ થવાનું શા માટે સ્વીકારે છે ? ઈશ્વર પોતે જ સીધેસીધા કેમ પ્રગટ થતા નથી ? કોઈને આવા પ્રશ્નો ઊભા થાય એવો સંભવ છે. આવો એક પ્રશ્ન કુલાર્ણવ તંત્રમાં પાર્વતીજીએ ભગવાન શીવ સમક્ષ ઉપસ્થિત કર્યો છે. એના જવાબમાં ભગવાન શિવે કહ્યું છે, કે પોતે સૂક્ષ્મ તેમ જ નિરાકાર હોવાથી તેમની કલ્પના કે તેમનું દર્શન કરવું અઘરું છે. તો પછી તેમની (ભગવાન શીવની પૂજા કેમ કરવી ? આથી (સાધક પર કૃપા કરવાની દૃષ્ટિથી ભગવન શિવ ગુરુનું રૂપ ધારણ કરે છે. ભગવાન શિવનું પૂજન મોક્ષદાયક તેમજ સિધ્ધિદાયક છે. આથી જ આ કુલાર્ણવ તંત્રે જાહેર કર્યું છે કે, ગુરુ એ ત્રણ

નેત્રો વગરના સાક્ષાત્ શિવ છે, ચાર ભુજાઓ વગરના સાક્ષાત વિષ્ણુ અને ચાર મુખો વગરના સાક્ષાત બ્રહ્મા છે. ઉચ્ચતર વાસ્તવિકતા એ છે કે સત્ય કે બ્રહ્મને જાણવાની વિવિધ પદ્ધતિઓનાં આ પ્રતિકાત્મક વર્ણનો છે.

આવા પૂજનીય ગુરુનાં લક્ષણો કયાં ? લગભગ બધા જ તંત્રોમાં આની સમજણ આપવામાં આવી છે. ગુરુમાં લક્ષણોની આ યાદી એટલી લાંબી છે કે કુલાર્ણવ તંત્રમાં તેને માટે બે પ્રકરણો લખાયેલ છે. આથી અત્રે તેમનું વિસ્તૃત વર્ણન કરવું અશક્ય છે. પરંતુ એમાનાં થોડાંક લક્ષણોનો અત્રે ઉલ્લેખ કરવો ઉચિત જણાય છે કે જેથી **સામાન્ય વ્યક્તિ જાણી શકે કે સાચો તાંત્રિક ગુરુ કોણ થઈ શકે. ગુરુની સર્વ પ્રથમ લાક્ષણિકતા એ છે કે તે પોતે સાક્ષાત્કારી હોવો જોઈએ.** આવા જ ગુરુ અન્ય વ્યક્તિને દીક્ષા આપી શકે. આવા ગુરુ ભૂત, ભવિષ્ય અને વર્તમાનને જાણનાર ત્રિકાળજ્ઞાની હોવા જોઈએ. મંત્રશાસ્ત્ર અને યંત્રશાસ્ત્રના આવા ગુરુ જાણકાર હોવા જોઈએ. શિષ્યની હરેક પ્રકારની અશુધ્ધિઓને વિશુદ્ધ કરવાની ગુરુમાં શક્તિ હોવી જોઈએ. આ અને આવા બીજા ઘણા ગુણોનું તંત્રમાં વર્ણન કરાયું છે. આ યુગમાં આવા ગુણો ભાગ્યે જ કોઈ વ્યક્તિમાં જોવા મળે. પરંતુ ધારો કે આ જાતનું વ્યક્તિત્વ કોઈને લાધે તો તેને જરૂરથી પરમાત્માનું કે ઉચ્ચતર વાસ્તવિકતા કે બ્રહ્મનું દર્શન થઈ શકે છે. આ લાક્ષણિકતાને લીધે જ એવું સન્માનજન્ય વર્ણન કરાયું છે કે ગુરુ હરિ રૂઠે તો પણ રક્ષા કરી શકે છે, પરંતુ ગુરુ રૂઠે તો કોઈપણ બચાવી શકતું નથી. "हरिं रूठे गुरूस्त्राता गुरू रूठे न कश्चन ॥" આવા અધિકારી ગુરુ જ શિષ્યને દીક્ષા આપી શકે છે. દીક્ષાનું મહત્ત્વ શું છે અને ગુરૂ શિષ્યને કેવી રીતે દીક્ષા આપે છે તે આપણે "દીક્ષા"ના મથાળા હેઠળ જોઈશું.

**(ખ) દીક્ષા :**

ગુરુની જેમ જ તંત્ર સાધનામાં દીક્ષાનો ખ્યાલ પણ ખૂબ જ અગત્યનો છે. કુલાર્ણવતંત્રે જણાવ્યું છે કે **દીક્ષા વગર મોક્ષ સંભવતો નથી અને ગુરુ વગર દીક્ષા સંભવતી નથી.** આથી માત્ર ગુરુ જ સાધના માટે શિષ્યની પાત્રતા જોઈને તેને દીક્ષા આપી શકે છે.

એમ પૂછી શકાય કે દીક્ષાની શી જરૂર છે ? આના જવાબમાં એમ કહી શકય કે આપણું મન એક બગીચા જેવું છે. બગીચામાં જેમ સારી કૂંપણોની સાથે વિષાક્ત કૂંપણો પણ ફૂટે છે તેમ મનમાં પણ ખરાબ વિચારો કે કામનાઓની વિષાક્ત કૂંપણો ફૂટે છે. દીક્ષા આપવાના પ્રસંગે શક્તિપાત દ્વારા ગુરૂ શિષ્યના મનમાંથી અનાવશ્યક ચીજોને હઠાવી દે છે. "દીક્ષા" શબ્દ આ વસ્તુનો પરિચાયક છે. **"દી" એટલે જે જ્ઞાન આપે અને "ક્ષા" એટલે જે પાશવિક કૂંપણો હરે.** વિશ્વસાર તંત્ર આ શબ્દની વ્યાખ્યા આપે છે. એ ગ્રંથ પ્રમાણે દીક્ષા એટલે જે પાપ હરીને દિવ્ય જ્ઞાન આપે તે દીક્ષા.

આ પ્રકારની પરિસ્થિતિ ગુરુ કેવી રીતે ઉત્પન્ન કરે છે અથવા તો બીજા શબ્દોમાં કહીએ તો ગુરુ કઈ રીતે દીક્ષા આપે છે ? તંત્ર સાધનામાં મહદ્અંશે ત્રણ પ્રકારની દીક્ષાઓને સ્વીકૃતિ મળેલી છે. પ્રથમ સ્પર્શ દીક્ષા છે જેમાં સાધક કે શિષ્યમાં ભૌતિક રીતે ભાવાત્મક તાદાત્મ્ય ઊભું થાય છે. (तव हृदयं मे हृदयं दधामि ॥ ઈ.) બીજી દીક્ષા દક્સંજ્ઞા એટલે કે દષ્ટિથી અપાતી દીક્ષા છે અને ત્રીજા પ્રકારની દીક્ષા માનસ દીક્ષા છે, જે વિચારથી અપાય છે. એ જ તંત્રમાં એટલે કે કુલાર્ણવ તંત્રમાં ગુરુ આ ત્રણ પ્રકારની દીક્ષાઓ કેવી રીતે આપે છે તેનું વર્ણન કરેલું છે. સ્પર્શ દીક્ષા એ પક્ષીની રીતે ધીમે ધીમે પોતાની પાંખોની ઉષ્મા વડે અપાતા પોષણ જેવી છે. દક્સંજ્ઞાની દીક્ષા માછલું જેમ પોતાના બચ્ચાને દષ્ટિપાતથી જ પોષણ આપે તેમ ગુરુ દ્વારા શિષ્યને અપાતી દીક્ષા છે. પરંતુ માનસ દીક્ષા એ કાચબી જેમ પોતાના બચ્ચાને વિચારથી જ પોષતી હોય તેવી દીક્ષા છે.

આવી દીક્ષા પધ્ધતિઓથી ગુરુ પ્રથમ તો શિષ્યમાંથી અશુદ્ધિઓ દૂર કરી પોતાની શક્તિ શિષ્યમાં રેડે છે. આથી શિષ્યમાંની સુષુપ્ત શક્તિ જાગૃત થાય છે. આને માટે અને આપણે ગુરુનાં લક્ષણોનાં વર્ણન વખતે જેમ જોયું તેમ ગુરુએ કુંડલિની શક્તિને જાગૃત કરી હોવી જોઈએ. અને માત્ર આવા જ સાક્ષાત્કારી આત્મા શિષ્યનાં શક્તિચક્રોને ખોલી શકે છે.

આ વસ્તુને વધારે સ્પષ્ટ કરવા માટે આપણે દીવાસળીનું રૂપક લઈ શકીએ છીએ. શિષ્યમાં શક્તિ તો જેમ દીવાસળીની પેટી પર ગંધકનું થર હોય તેમ હાજર તો હોય છે જ પરંતુ દીવાસળી સળગાવવા માટે બાહ્ય મદદની જરૂર પડે છે તેમ દીક્ષા વખતે ગુરુ તે પૂરી પાડે છે.

દીક્ષા સંપન્ન થયા પછી અંતર્બાહ્ય વિશુદ્ધિની પ્રક્રિયા શરૂ થાય છે. પ્રથમ તો શરીરની શુદ્ધિ (ભૂતશુદ્ધિ થાય છે અને પછી મનની શુદ્ધિ શરૂ થાય છે. હવે આપણે ભૂતશુદ્ધિ વિષે થોડુંક જોઈશું.

(ગ) **ભૂતશુદ્ધિ (શરીરની શુદ્ધિ) :**

ભૂતશુદ્ધિ એ તંત્ર સાધનાનું એક આગવું લક્ષણ છે. બધી જ જાતનાં કર્મકાંડો પહેલાં તે અનિવાર્ય રીતે આવશ્યક ગણાય છે. શુદ્ધિ એટલે શુદ્ધ કે પવિત્ર કરવું તે. તંત્ર સાધનામાં ખાસ કરીને પૂજન કરનારના પ્રત્યેક અંગને વિશુદ્ધ કરવાનું હોય છે. તે પછી જ તે દેવતાના પૂજન માટે યોગ્ય ગણાય છે. માત્ર શરીરની શુદ્ધિ નહિ પરંતુ કુલાર્ણવ તંત્રે વર્ણવ્યા પ્રમાણે પાંચ પ્રકારની શુદ્ધિઓની જરૂર પડે છે. **આ શુદ્ધિઓ છે : આત્મશુદ્ધિ, સ્થાનશુદ્ધિ, દ્રવ્યશુદ્ધિ, મંત્રશુદ્ધિ તથા દેવશુદ્ધિ.**

સૌથી પહેલાં તો પૂજાના સ્થાનને વાળી ઝૂડીને, ધોઈ કરીને અને પુષ્પ તથા ધૂપ-દીપ વડે શણગારીને વિશુદ્ધ કરવામાં આવે છે કે જેથી મન દેવતા પ્રત્યે એકાગ્ર થઈ શકે. દ્રવ્ય ઉપર પણ શુદ્ધ જલ સિંચન કરી તેને વિશુદ્ધ કરવામાં આવે છે. દેવ શુદ્ધિમાં દેવતાને પીઠાસન પર બેસાડી તેમાં પ્રાણપ્રતિષ્ઠા કરવામાં આવે છે. આપણે આત્મવિશુદ્ધિની વિગતો જોઈએ. આત્મા શરીરમાં વસે છે માટે સૌ પ્રથમ દેહશુદ્ધિ કરવાની જરૂર છે, જેને તંત્રમાં ભૂતશુદ્ધિ કહેવામાં આવે છે.

ભૂતશુદ્ધિ એટલે શરીરનાં તત્ત્વોની શુદ્ધિ. આ વિશુદ્ધિનો હેતુ સાધકના શરીરની આંતર્બાહ્ય શુદ્ધિ કરવાનો છે. બાહ્યશુદ્ધિ સ્નાન ઈત્યાદિથી થાય છે, જ્યારે આંતર્‌શુદ્ધિ ન્યાસ, પ્રાણાયામ વગેરેથી કરાય છે. શ્રી કપાલી શાસ્ત્રીના જણાવ્યા પ્રમાણે "અત્રે એ નોંધવું જોઈએ કે વિવિધ અંગોની બાહ્ય ભૌતિક શુદ્ધિ તથા મનની અંતરિક શુદ્ધિનો હેતુ માત્ર સંકોચ કરનારી તથા અવરોધક વૃત્તિઓને કે પ્રાથમિક તત્ત્વોની અસરોને તથા નિમ્ન પ્રકૃતિની વૈશ્વિક નબળાઈઓને દૂર કરવાનો નથી પરંતુ તેમની જગ્યાએ તેમનાથી વિરોધી સારી અસરો અને શુભ શક્તિઓ અને અતિભૌતિક કે પારભૌતિક શક્તિઓને સ્થાપિત કરવાનો છે." આ જ હેતુસર **વાસ્તવિક ભૂતશુદ્ધિમાં શરીરનું પ્રત્યેક અંગ કોઈ દેવતા કે દેવતાવૃંદને અર્પણ કરી ત્યાં એ દેવતા કે દેવતાવૃંદનું આહ્‌વાન કરી એ આધારમાં પ્રતિષ્ઠિત કરવામાં આવે છે. જેઓ સામાન્ય દેવો કે જેઓ ઈષ્ટ દેવતાના પરિવારના હોય છે.**

આ વિશુદ્ધિની પ્રક્રિયા શી છે ? આપણું શરીર પાંચ તત્ત્વોનું બનેલું છે. એમનાં નામ છેઃ પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ અને આકાશ. આ તત્ત્વોની વિશુદ્ધિ કે સંવાદિતા એ જ સાચી ભૂતશુદ્ધિ છે.

**તંત્ર સાધના પ્રમાણે આખીયે પ્રક્રિયા મનમાં કલ્પવાની હોય છે.** સૌથી પ્રથમ તો સાધકે શરીરના જે તે અંગમાં જે તે તત્ત્વનું આધિપત્ય હોય છે તેની કલ્પના કરવાની હોય છે. દાખલા તરીકે પૃથ્વી તત્ત્વ પગથી જાંઘ

સુધી, જળ તત્ત્વ જાંઘથી નભિ સુધી, અગ્નિ તત્ત્વ નાભિથી હૃદય સુધી, વાયુ તત્ત્વ હૃદયથી બન્ને આંખની પાંપણોના વચ્ચેના ભાગ સુધી અને આકાશ તત્ત્વ શરીરના સૌથી ઉપરના ભાગ ઉપર આધિપત્ય ધરાવે છે. સાધકે આ તત્ત્વો પર જે તે શરીરનાં અંગો પર એકાગ્રતા કરવાની રહે છે.

આમ કર્યા પછી સાધકે સ્થૂળ તત્ત્વને સૂક્ષ્મ તત્ત્વમાં વિલીન કરવાની કલ્પના કરવાની હોય છે. દા.ત., પૃથ્વી તત્ત્વની જળ તત્ત્વમાં, જળ તત્ત્વની અગ્નિ તત્ત્વમાં, અગ્નિ તત્ત્વની વાયુ તત્ત્વમાં, વાયુ તત્ત્વની આકાશ તત્ત્વમાં, આકાશ તત્ત્વની અહમ્ તત્ત્વમાં, અહમ્ - તત્ત્વની પ્રકૃતિમાં અને પ્રકૃતિની પુરૂષ તત્ત્વમાં વિલીન કરવાની કલ્પના કરવાની હોય છે. તંત્રના સિધ્ધાંત પ્રમાણે આમ કરતી વખતે સાધકે શરીરની અશુધ્ધિઓથી બનેલા એક પાપ પુરૂષની કલ્પના કરવાની હોય છે. પાપ પુરૂષ કે અશુદ્ધિયુક્ત માનવની કલ્પના એ વાતનો સ્વીકાર કરે છે કે વિશુદ્ધિની પ્રક્રિયા પૂર્વે પ્રત્યેક સાધક શારીરિક તથા માનસિક અશુદ્ધિઓથી ભરેલો છે. **દીક્ષા દ્વારા જ્યારે તે સાધક ભૂતશુદ્ધિ તરફ ગતિ કરે છે ત્યારે તે ધીમે ધીમે એક વિશુદ્ધ આત્માની સ્થિતિમાં સુદૃઢ રીતે સ્થાન જમાવે છે** અને આથી એનામાં રહેલી અશુદ્ધિઓ જે પાપોના પરિણામ સ્વરૂપની હોય છે તે ધીમે ધીમે દૂર થતી જાય છે. પારંપરિક ભાષામાં આ પ્રક્રિયા પ્રથમ તો સાધકને સૂકવવાની તથા પાછળથી તે અશુદ્ધ સાધકને અગ્નિમાં તપાવવાની પ્રક્રિયા છે જેનાથી એ જ સાધક વિશુદ્ધિ પછી નવા જ સ્વરૂપે રજૂ થાય છે એટલે કે આધ્યાત્મિક સ્વરૂપ ધારણ કરીને આધ્યાત્મિક શક્તિઓને ગ્રહણ કરી શકે તેવું પાત્ર બનીને આધ્યાત્મિક પુરુષ બને છે.

આ સૂકવવાની તથા બાળી નાંખવાની કે તપાવવાની પ્રક્રિયા વાયુના બીજમંત્ર યં તથા અગ્નિના બીજમંત્ર રંના જપથી કરવાની હોય છે. હવે પાપ પુરૂષનું આખું શરીર રાખમાં પરિવર્તિત થાય છે. પછી સહસ્રાર ચક્રમાંથી સતત વહેતા અમૃતની મદદથી સાધકે એક નવા વિશુદ્ધ શરીરની કલ્પના કરવાની રહે છે જેનો ક્રમ પુરુષથી પ્રકૃતિ, પ્રકૃતિથી બુદ્ધિ, બુદ્ધિથી અહમ્, અહમ્થી આકાશ, આકાશથી વાયુ, વાયુથી અગ્નિ, અગ્નિથી જળ, જળથી પૃથ્વી, પૃથ્વીથી ઔષધિ, ઔષધિથી અન્ન, અન્નથી વીર્ય અને વીર્યથી પુરુષ એટલે કે તે હું છું **सोऽहम्. આ "सोऽहम्" એ પ્રાકૃતિક અહંકાર નથી પરંતુ આત્મસાક્ષાત્કારની લાગણી છે.**

સાધકે માનસિક રીતે આમ કલ્પવાનું છે. આમ કર્યા પછી જ તે દેવતાના પૂજન માટે અધિકારી બને છે. અહીં આપણે તંત્ર સાધનાના સિદ્ધાંત (देवो भूत्वा यजेत् देवम् ॥ ) એટલે દેવ બનીને દેવની પૂજા કરવી, તેનું સાર્થક્ય જોઈ શકીએ છીએ. એથી **તંત્ર પોતાની ચેતનાને દિવ્ય ચેતના સુધી ઉન્નત કરવાનો માર્ગ છે.**

સાધકે આ પ્રક્રિયા દૈનિક પૂજનમાં કરવાની છે. ઉપચાર પદ્ધતિની રીતે તે શરીર પર અસર કરે છે. આયુર્વેદ પ્રમાણે વાત, પિત્ત અને કફનું સંતુલન આરોગ્યપ્રદ ગણાય છે. આ બીજું કંઈ નહિ પરંતુ પંચ મહાભૂતોનું સંયોજીકરણ છે. **આ પંચ તત્ત્વોની વિશુદ્ધિ અવશ્યમેવ નિરામયતામાં પરિણમે છે. અને આથી શરીર સર્વ પ્રકારના રોગો સામે લડવાની રોગ-પ્રતિકારક શક્તિ ધરાવતું થઈ જાય છે.**

શરીરના આ તત્ત્વોની વિશુદ્ધિ પછી એટલે કે ભૂતશુદ્ધિ પછી માનસિક વિશુદ્ધિ એટલે કે ચિત્તશુદ્ધિ આવે છે અને તે ન્યાસ મારફતે થાય છે હવે આપણે ન્યાસ કઈ રીતે કરાય છે તે જોઈશું.

**(-ક્રમશઃ)**

★★★

## ચેતવણી...

....✍ શ્રી રતિલાલ મ. નાયક

**"ક્યા આપ સત્યકો અપને જીવનમેં પુરા પ્રસ્તાપિત કરચૂકે હો ?"**

માનવ જીવન માટે અગર કોઈ સણસણતો પ્રશ્ન હોય તો તે આ છે. ધર્મ એ કોઈ સંસ્થા નથી. સંપ્રદાય નથી કે નથી કોઈ વ્યક્તિનો ઈજારો !

સંસારમાં એકમાત્ર સર્વ શક્તિમાન પરબ્રહ્મ પરમાત્મા છે જે ચરાચરમાં વ્યાપક છે. જેના થકી સંસાર સંભવે છે. જેના વડે જ જીવન જીવંત છે. જેના વડે જ પ્રકૃતિ છે. જેના વડે જ પ્રાણ છે તેવા પરમાત્મા જ સત્ય છે.

આ સનાતન સત્યને પામવા માટે માનવ જાતિએ નક્કી કરેલા નીતિ-નિયમો, ગુણો, વર્તનો, આચરણો, જેવાંકે સત્યનુ આચરણ કરવું. સાત્વિક જીવન વિતાવવું. જીવમાત્ર પર દયાભાવ રાખવો. આપણું જીવન બીજાને મદદરૂપ થાય તેવો પરમાર્થ કરવો. આપણી બુદ્ધિશક્તિ વડે વધારેમાં વધારે લોકહિતના કાર્ય થઈ શકે તેવું સદ્‌કાર્ય સદ્‌વિચાર કરવો. પોતાની જાતની ચિંતા કર્યા પહેલાં બીજાના સુખનો વિચાર કરવો પરમાત્મા એ જ સત્ય છે. માટે તે રાહપર જવા સત્યનું પાલન કરવું. સત્યનું આચરણ કરવું, સત્ય બોલવુ આ તમામ સુ-કાર્યો વિચારોનો ભંડારો એટલે ધર્મ.

ધર્મ કોઈ હિન્દુ નથી ધર્મ કોઈ મુસ્લિમ નથી કે નથી ઈસાઈ. ધર્મ તો શુદ્ધ પ્રેમ શુદ્ધ આનંદ તથા એકમાત્ર સનાતન સત્ય છે. માટેજ તેને માનવધર્મ કહ્યો છે. આ સનાતન સત્ય તરફ જવા માટે ના પર્યાયો છે, જેને માનવ સમાજે નિતિનિયમો તરીકે સ્વીકારી લીધા અને આત્માને પરમાત્મા તરફ જવાનો સેતુ સ્થાપ્યો.

માનવજીવનમાં જે કોઈ પણ જીવે આ નિયમોનું અક્ષરસઃ પાલન કર્યું તેને માનવ જાતિએ ભગવાન તરીકે સ્વીકાર્યા. કારણ સત્ય એ ઐશ્વર્યથી ભરેલો ધગધગતો લાવારસ છે જેમાં કોટિ કોટિ સૂર્યો જેટલો પ્રકાશપૂંજ ભરેલો છે.

જેનો અંશમાત્ર પણ જો કોઈ જીરવી શકે, પામી શકે, અગર માણી શકે તો તે નિશ્ચયે ઐશ્વર્યવાન બની જાય છે અને આ નક્કી કરેલા નિયમો માણસને ઐશ્વર્યવાન બનાવવા પુરતા છે. વળી જેણે જેણે આ નિયમો પાળી બતાવ્યા છે, સિદ્ધ કર્યા છે, હસ્તગત કર્યા છે, તે ચોક્કસ ઐશ્વર્યવાન પ્રસ્થાપિત થયેલા છે. માનવજાતિએ તેઓને ભગવાન સ્વરૂપે સ્વીકારેલા છે.

બ્રહ્મા, વિષ્ણુ, શંકર, કૃષ્ણ, રામ, બુદ્ધ, મહાવીર, ઈશુ, મહમદ તમામ પરમતત્વને પામનારા સાધકો જ હતા, કે જેઓએ જીવનમાં આ નિયમોનો જ ઉપયોગ કર્યો છે.

પરંતુ ફક્ત વાતો કરવાથી આ કામ પતી જતું નથી. ખુબજ કઠીન લગભગ અશક્ય જેવી આ બાબત છે કે સઘળા નિતિનિયમો કોઈ પાળી શકે.

આકાશ ગંગાના-સૌરમંડળના તારા ગણવા સહેલા છે. પૃથ્વી પરની ચીજવસ્તુઓ ગણવી સહેલી છે. દુનિયાભરનું રાજ્ય ચલાવવા બધાને એકત્રીત રાખવા સહેલા છે અરે કોઈના મનના ઊંડાણ માપવા સહેલા છે. પરંતુ આ નિતિનિયમો પાળવા ખૂબજ મુશ્કેલ છે, ખૂબજ કઠીન છે, અતિ આકરા છે, લગભગ અશક્ય છે અને છતાંય જેણે જેણે શક્ય કરી બતાવ્યા છે તેને આપણે યુગપુરૂષ કે મહાપુરૂષથી ઓળખ્યા છે. તેઓ એટલા માટે યુગે યુગે જન્મ પામ્યા છે અને ઘણા ઘણા વર્ષો, યુગો પછી એકબીજાએ જન્મ લીધા છે કારણકે સત્યના આ નિતિનિયમો કે જેને આપણે ધર્મ કહીએ છીએ તે પાળી બતાવવા કોઈ નાનો ખેલ નથી. સાથે સાથે ધર્મ પણ કોઈ આસાન વસ્તુ નથી. તેની રાહપર ચાલનારા

ઘણા યશસ્વી મહાપુરૂષો સત્ય સુધી પહોંચ્યા પહેલાં અડધે રસ્તેથી પાછા વળી ગયા છે જેને સમાજે સિદ્ધ પુરુષ અથવા મહાપુરૂષ તરીકે સ્વીકાર કરી, ભિષ્મપિતા, નરસિંહ મહેતા, જેવાને સ્વીકાર્યા છે. ઘણા એવા વિરલ વિરલાઓએ આ સનાતન સત્યને પામવા ધર્મનો સાથ લઈ ચાલવાની શરૂઆત કરી પરંતુ તે શરૂઆત ફક્ત શરૂઆત જ રહી ગઈ તેવા આજદીન સુધી તે પરમતત્વને, પરમ સત્યને પામવા માટે ધર્મને આધિન રહીને જે મથામણ કરી રહ્યા છે તેવી વ્યક્તિઓને સમાજે સંન્યાસી, ઋષિ, પયગંબર, મસીહા વિગેરે ઉદ્દબોધનોથી નવાજ્યા છે.

જેણે પણ ધર્મનો આ માર્ગ અપનાવ્યો છે, માણ્યો છે પણ માણ્યા પછી લોકસમુહ તરફ પાછા ફર્યા છે કે અસંમજસમાં, અજ્ઞાનમાં, અંધશ્રદ્ધામાં રાચતા અજ્ઞાની લોકોને એ સંદેશ પહોંચાડવા, કે અમે આ સનાતન સત્ય પરબ્રહ્મ પરમાત્માનો રસ્તો શોધ્યો છે ત્યાં કેવી રીતે જવાય, કેમ કરી જવાય, કોણ કેવી રીતે જઈ શકે તે તમામ બાબતોનું એક ચોક્કસ નીતિ-નિયમો નકશાવાળું માળખું આ શોધકોએ બનાવ્યું જેને આપણે સંપ્રદાય નામ આપ્યું.

આમ સંપ્રદાય એ કોઈ ધર્મ નથી. સંપ્રદાય એ એક વિચારસરણીને માનવાવાળું લોકોનું ટોળુંમાત્ર છે. પછી ચાહે તે હિન્દુ સંપ્રદાય હોય કે મુસ્લિમ સંપ્રદાય હોય કે ખ્રિસ્ત, પરંતુ જેને જેને આ સંપ્રદાય ઉપસ્થિત કર્યા તે તે સંપ્રદાયોના આચાર્યો અથવા સંસ્થાપક તરીકે ઓળખાયા. આમ તેઓએ દરેક સંપ્રદાયના વાડાઓ ઊભા કર્યા, પરંતુ છેવટે તો તેમને પાળવાના તો પેલા સનાતન સત્યના જ નિયમો. સંપ્રદાયોનું ભલે વર્ગીકરણ થયું, પરંતુ સત્ય એ સત્ય જ રહેવાનું છે." સનાતન સત્ય ના કદી કોઈ ભાગ પડતા નથી. એ અચળ, અમર છે. તેના નીતિ-નિયમોમાં કોઈ ફેરફાર કે બાંધછોડ થતી નથી. કોઈ ફેરબદલી સંભવ નથી. માટે જ ધર્મ એ ધર્મ છે કોઈ સંપ્રદાયની એ મિલ્કત નથી. દરેકને તે તરફ જવાની છૂટ જરૂર છે, સત્યના નિતિનિયમ પાળનાર સંસારનો કોઈપણ જીવમાત્ર અહીં પ્રવેશને પાત્ર છે."

- આજ સુધીમાં કોઈ સંપ્રદાયને સત્યને પોતાનો કરવાનો ઈજારો મળ્યો નથી.
- ધર્મ એ સ્વતંત્ર છે, શુદ્ધ છે, સનાતન સત્ય છે, પરમતત્વ પરબ્રહ્મ છે.

દુનિયાનો કોઈપણ સંપ્રદાય જો એવું કહેતો હોય કે પરમાત્મા ફક્ત અમારા બતાવેલા માર્ગે જ, અમારા ઘડેલા નીતિ-નિયમોને આધિન અમારા સંપ્રદાયના સભ્યો હશે તેને જ પ્રાપ્ત થશે, બીજા માર્ગો ખોટા છે તો તે તદ્દન બે-બૂનિયાદ હકીકત છે.

ધર્મ એ પરમપિતા પરમાત્માનો ઈજારો છે. તેની ઈચ્છાશક્તિથી જ તેનો ઈજારો મળે છે. અને તેની કૃપામાત્રથી તેની ઈચ્છાથી જ ધર્મનો રાહ જોવા પણ મળે છે. અને તેની કૃપા, દયા વડે જ આ ધર્મનો રસ્તો પસાર કરી શકાય છે.

અનેક જન્મોના ઉચ્ચવિચારો, સદ્દકાર્યો, પ્રભુપ્રત્યેની લગન અને સંપૂર્ણ સમર્પણ કરી જેણે ધર્મના આ રાહપર ચાલવાનું શરૂ કર્યું હોય તો કોટિકોટિજન્મો પછી પરમાત્માની જો કૃપા હશે તો જ તેને પામી શકાય છે અને તે પણ ધર્મના આ રસ્તે જ.

**સત્યના આ પથપર જવા માટે પથદર્શકની એટલે ગુરૂની જરૂરિયાત લગભગ આવશ્યક છે.** કારણકે આ એક જટિલ અજાણ્યો અને મુશ્કેલીઓ ભરેલો રસ્તો છે. જો કે આનંદિત તથા સરસ પણ છે. પરંતુ ચાલક ભૂલો પડે તેવો ભૂલભરેલો રસ્તો છે. માટે કરીને પથદર્શક ભોમિયાને શોધજો કે જેને ધર્મની આજ્ઞા પ્રમાણે તેના નીતિ-નિયમોનું પાલન કર્યું હોય. અહીંથી શરૂ કરીને પરમાત્માને મળવા સુધીનો રસ્તો જેણે પસાર કર્યો હોય.

જે આ રસ્તાનો અનુભવી હોય જે પોતે ભૂલો પડયો નથી પુરેપુરો માહિતગાર છે. જે પોતે આ રસ્તેજ પરમાત્માને મળી ચૂક્યા હોય તેવા જ પથદર્શકને શોધજો. તમારી સાથેની મુસાફરીમાં તેને જ નિયુક્ત કરજો. તેમાં જો ભૂલ કરી તો સંસારથી પરમાત્મા સુધીની તમામ યાત્રા ખોટા રસ્તે દોરવાઈ જશે. ભૂલભૂલામણીમાં ફસાઈ જશો.

ઘણા ધંધાદારી ભોમિયા આ તકનો લાભ લેવા, ધંધો કરી લેવા આ જગતમાં તલપાપડ, ઉત્સુક છે. **ચેતવણી એક જ છે, સત્ય એ કેવળ સત્ય જ છે. તેનો સાચો રસ્તો ફક્ત ધર્મ જ છે. સંપ્રદાય નહીં. ધર્મનો કોઈ ગુરૂ નથી.** કહેવાતા ધર્મગુરૂ એ ફક્ત સંપ્રદાયના ગુરૂ છે. બન્ને પ્રકારના ભોમિયા છે. તેમને જીવનની મુસાફરીમાં તમારી સાથે સામેલ કરતા સો વાર વિચારજો.

ધર્મનો જ રસ્તો સાચો છે, સત્ય છે. **જ્યાં સત્ય છે ત્યાં જ આનંદ છે અને જ્યાં આનંદ છે ત્યાં જ પ્રેમ છે. આ પ્રેમ એ જ પરમાત્મા, પરમતત્ત્વ, સર્વશક્તિમાન, નિરાકાર, નિર્મળ, પ્રકાશપૂંજ, નિયંતા પરબ્રહ્મ છે.** માટે જ કોઈપણ પથદર્શક તમોને મળે કે જીવનપથ માટે તેને નિયુક્ત કરતા પહેલાં તેને આટલું અવશ્ય પૂછજો કે -

***"ક્યા આપ સત્યકો અપને જીવનમેં પૂર્ણતયા પ્રસ્થાપિત કર ચૂકે હૈ ?"***

★★

दिक्कालाद्यनवच्छिन्नानन्तचिन्मात्र मूर्तये ।
स्वानुभूत्यके साराय नमः शान्ताय तेजसे ॥

**દિશા,કાળ વગેરેની જેની મૂર્તિને મર્યાદા નથી, (અને એટલા માટે જ ) જે અનંત અને કેવળ ચૈતન્યરૂપ છે, આત્માનુભવ જ જેનો એક માત્ર સાર છે, તેવા શાંત પ્રકાશરૂપ પરબ્રહ્મને નમસ્કાર હો.**

- વૈરાગ્ય શતક- શ્રી ભર્તુહરિ.

# યજુર્વેદ સંહિતા...

## (ગૂઢાર્થ- શાશન પદ્ધતિ અને સમાજવ્યવસ્થા)

લેખાંક : ૪

....✍ **શ્રી ભાનુશંકર દલપતરામ જાની**

**અસૌ યસ્તાम्रોડ અરુણડઉત બભ્રુ: સુમંગલ: ।
યે ચૈન ગૂઁ રુદ્રાડઅભિતો દિક્ષુ શ્રિતાઃ
સંહસ્રશોડવૈખા ગૂઁ હેડઈમહે ॥૬॥**

**પદ પ્રમાણે અર્થ :** હે પ્રજારૂપે રહેલા મનુષ્યો !

ય : = જે, અસૌ = તે, તામ્ર = તાંબા જેવા દૃઢ અંગવાળો, હેડ: = શત્રુઓનો અનાદર કરનાર, અરુણ: = સુંદર, ગોરા અંગવાળો, બભ્રુ: = કાંઈક પીળાશ પડતા કે ધૂળિયા રંગવાળો, ઉત = અને, સુમઙ્ગલ: = સુન્દર કલ્યાણકારી રાજા હોય, ચ = અને, યે = જે, સહસ્રશ: = હજારો, રુદ્રા: = દુષ્ટ કર્મ કરનારને રોવડાવનાર, અભિત: = ચારેબાજુ, દિક્ષુ = પૂર્વ વગેરે દિશાઓમાં, એનમ્ = એ રાજાના, શ્રિતા: = આશ્રયમાં રહેતાં હોય, એષામ્ = એ વીરોનો આશ્રય લઈને આપણે, અવે મહે = અનાચારની ઈચ્છા કરતાં નથી.

ફરીવાર એ જ રાજધર્મનો વિષય આ મંત્રમાં કહે છે.

**ભાવાર્થ :** હે મનુષ્યો! જે રાજા અગ્નિસમાન, દુષ્ટોને ભસ્મ કરી નાખે, શ્રેષ્ઠ લોકોને ચંદ્ર સમાન સુખ આપે, ન્યાય કરનાર હોય, સારા લક્ષણોવાળો હોય અને જે એના જેવાં જ કર્મચારી ગણ રાજ્યમાં એકે એક સ્થળે વસે, હરેફરે કે પાસે રહે; એમનો સત્કાર કરવો અને એમના દ્વારા દુષ્ટોનું અપમાન તમો કરાવ્યા કરો. (૬)

**અસૌ યોડવસર્પતિ નીલગ્રીવો વિલોહિતઃ ।
ઉતૈનં ગોપાડઅશ્રન્નદૃશ્રન્નુદહાર્ય્યઃ સ
દૃષ્ટો મૃડ્યાતિ નઃ ॥૭॥**

**પદ પ્રમાણે અર્થ :**

યઃ = જે, અસૌ = વહ, નીલગ્રીવ = નીલમણિઓની માળા પહેરનાર, વિલોહિત = વિવિધ પ્રકારના શુભગુણ, કર્મ અને સ્વભાવથી યુક્ત, શ્રેષ્ઠ, રુદ્રઃ = શત્રુઓની હિંસા કરનાર સેનાપતિ, અવસર્પતિ = દુષ્ટોની સામે ચાલે છે. જે, એનમ્ = આને, ગોપાઃ = રક્ષક, નોકર, અદૃશ્રન્ = જુએ, ઉત = અને, ઉદહાર્ય્ઃ = પાણી લાવનાર સ્ત્રીઓ, અદૃશ્રન્ = જુએ, સઃ = તે સેનાપતિ, દૃષ્ટઃ = જોયેલ, નઃ = અમને, બધાં ધાર્મિકોને, મૃડ્યાતિ = સુખી કરે.

ફરી આ જ વિષય :

**ભાવાર્થ** : જે સેનાપતિ દુષ્ટોનો વિરોધી, શ્રેષ્ઠોને માટે પ્રિયદર્શણીય, બધી સેનાઓને પ્રસન્ન રાખનાર હોય તે શત્રુઓને (ષડરિપુઓને) જીતી શકે. (૭)

**નમોઽસ્તુ નીલગ્રીવાય સહસ્રાક્ષાય મીઢુખે ।**
**અથો યેઽઅસ્ય સત્વાનોઽહં તેભ્યોઽકરં નમઃ ॥ ૮ ॥**

**પદ પ્રમાણે અર્થ :**

નીલગ્રીવાય = જેનો કંઠ અને સ્વર શુદ્ધ હોય તે, સહસ્રાક્ષાય = હજારો કર્મચારીઓના કામનું નિરીક્ષણ કરનાર, મીઢુખે = પરાક્રમયુક્ત સેનાપતિને માટે મારા વડે અપાયેલ, નમઃ = અન્ન, અસ્તુઃ = પ્રાપ્ત થાઓ, અથો = એના પછી, યે = જો, અસ્ય = એ સેનાપતિના અધિકારમાં, સત્વાનઃ = સત્વગુણી અને બળવાન જે સૈનિકો છે, તેભ્યઃ = તેમને માટે પણ, અહમ્ = હુ, નમઃ = અન્ન વગેરે વસ્તુઓને, અકરવમ્ = લાવી આપું.

વળી એ જ વિષય વિષે આ મંત્રમાં કહે છે :

**ભાવાર્થ** : સભાપતિ વગેરે રાજકર્તાઓએ અન્ન વગેરે વસ્તુઓ દ્વારા સેનાપતિના સત્કાર કરવા સાથે સેનાના કર્મચારીઓનો સત્કાર પણ કરવો જોઈએ.

**પ્રમુંગ્-ચ્ ધન્વનૂસ્ત્વમુભયો રાત્ન્યોર્જ્યામ્ ।**
**યાશ્ચં તે હસ્તઽઈખવઃ પરા તા ભગવો વય ॥ ૯ ॥**

**પદ પ્રમાણે અર્થ** : હે ભગવ : = ઐશ્વર્યવાન સેનાપતિ! તે = તારા, હસ્તે = હાથમાં, યાઃ = જે, ઈખવઃ = બાણો છે, તાઃ = એને, ધન્વનઃ = ધનુષ્યના, ઉભયોઃ = બંને, આત્ન્ર્યોઃ = પૂર્વ પશ્ચિમ કિનારાની, જ્યામ્ = દોરીમાં લગાવીને શત્રુઓ ઉપર, ત્વમ્ = તું, પ્ર, મુઞ્ચ = બળ પૂર્વક છોડ, ચ = અને શત્રુઓએ તારા પર છોડ્યાં હોય તે બાણોને, પરા વય = દૂર કર.

આ મંત્રમાં પણ રાજધર્મનો વિષય છેડ્યો છે.

**ભાવાર્થ** : સેનાપતિ વગેરે રાજપુષ્પોએ ધનુષ્યમાંથી બાણ ચલાવીને શત્રુઓને જીતવા જોઈએ અને શત્રુઓના ફેંકેલા બાણો (દુષ્કર્મ) નું નિવારણ કરવું જોઈએ. (૯)

**વિજ્યૂં ધનું કપર્દિનો વિશલ્યો બાણંવાંરઽ ઉત ।**
**અનેશન્નસ્ય યાઽઈખંવઽ આભુરેસ્ય નિખંઙ્ગમધિઃ ॥ ૧૦ ॥**

**પદ પ્રમાણે અર્થ :**

હે ધનુર્વેદ જાણનાર પુરુષો!

અસ્ય = આ, કપર્દિનઃ = સુંદર જટા ધારણ કરનાર સેનાપતિનું, ધનુઃ = ધનુષ્ય, વિજયમ્ = પ્રત્યંચા રહિત ન બનો તથા આ, વિશલ્યઃ = બાણના ફણાથી રહિત અને, આભુઃ = હથિયારોથી ખાલી ન થાઓ, ઉત = અને, અસ્ય = આ શસ્ત્રાસ્ત્રોને ધારણ કરનાર સેનાપતિનો, નિખંડ઼ગધિઃ = બાણો વગેરેનો ખજાનો ખાલી ન જાઓ અને આ, બાણવાન્ = ઘણાં બાણો ધરાવતો થાઓ, યાઃ = જે, અસ્ય = આ સેનાપતિનાં, ઈષવઃ = બાણ, અનેશન્ = નાશ પામે તો એને તમે ફરી ભરી દો. એ જ વિષય આગળનો.

**ભાવાર્થ** : યુધ્ધની ઈચ્છા ધરાવતા પુરુષે ધનુષ્યની પ્રત્યંચા વગેરે મજબૂત રાખવાં અને ઘણાં બાણો (તર્ક) સાથે રાખવાં. અને સેનાપતિ વગેરેએ લડતાં સૈનિકોને જોવાં અને જો તેમની પાસે યુદ્ધના બાણ વગેરે સાધનો ન રહ્યાં હોય તો પૂરાં પાડવાં, મદદ કરવી. (૧૦)

(-ક્રમશઃ)

★★

# સાધન સમર અર્થાત્ દેવી મહાત્મ્ય

લેખાંક : ૧૩

....✍ - પ્રો. શ્રી ધીરેન ઉપાધ્યાય
સહાયક : શ્રી ચંદ્રકાન્ત જાની

**जपा-सिन्दुरी, आरुणी, रूपराशी**
**महामूल्य - माणिक्य, मौलि प्रकाशी ।**
**त्रिनेत्रा नमः शांकरी - भास्वरानी**
**परब्रह्म रूपां भवानीं भजामि ॥**

**(श्री भवानी शतक - २)**

ગતાંકમાં આપણે **"કીલક" (અધિકાર-નિર્ણય)** બાબતે અવલોકન કરી રહ્યાં હતાં. આ બાબતે હવે આગળ વિચારીશું.

**"ददाति प्रतिगृह्णाति"** — અર્પણ અને ગ્રહણ બાબતે અગાઉ વર્ણવેલી અવસ્થા આવવાથી શ્રી ભગવતી માતા જોડે એક વ્યવહાર આપોઆપ બંધાઈ જાય છે તે જ ददाति અને प्रति गृह्णाति છે. જેના મનનો અડધો ભાગ પણ માતૃભિમુખી થયેલો છે તે માતૃ-મહિમા અને માતૃસ્નેહનો અવશ્ય અનુભવ કરી શકે છે. અને જેમણે એક વખત માતૃસ્નેહનો અનુભવ કર્યો છે તે કયારેય કૃતઘ્ની બનતો નથી. આવા (ઉપાસક) ના પક્ષે માતાની વિરૂદ્ધ થવું બિલકુલ અસંભવિત છે. શ્રીમાતાના ચરણમાં પોતા (આત્મા)નું કંઈને કંઈ અર્પણ કરવું તેવી ઈચ્છા તેનામાં પ્રગટ થશે જ અને પત્ર, પુષ્પ, ફળ, જળ તથા ભાવ,ભક્તિ અને શ્રધ્ધાપૂર્વકના પ્રણામ એવું કંઈકને કંઈક અર્પણભાવે નિવેદન કરીને તેનામાં કૃતજ્ઞતાની ઝલક દેખાશે. શ્રીમાતાને ઉપાસક દ્વારા આવું કંઈક જે અર્પણ છે તે જ 'ददाति' છે. અને આ રીતે અર્પણ જે થયું છે તે પ્રતિગ્રહ/અનુગ્રહના રૂપમાં અર્થાત્ શ્રીમાતાના કૃપાપ્રસાદના રૂપમાં વળતું પ્રાપ્ત થવાનું જ છે. તમે માતાને જે અર્પણ કરશો તે અનેકગણું 'કણના મણ' અને 'થોડાનું ઘણું' થઈને તમને જ પાછું માતા તરફથી પ્રતિઅર્પણ તરીકે મળવાનું છે. **આ ઉપાસના જગતના એક અપૂર્વ રહસ્ય સમાન છે અને માતૃસ્નેહની એ જ અંતિમ પ્રાપ્તિ છે.**

આવું કેમ બને છે કે તે સાંભળવું - સમજવું છે ? તો સાંભળો ! **મા તો આત્મા (અખંડ જ્યોત) છે.** દર્પણમાં રહેલા પ્રતિબિંબના ગળામાં માળા પહેરાવવાના પ્રયત્નરૂપ બાબત જેવું છે. કારણ કે એ માળા આપણા પોતાના જ ગળામાં ધારણ કરાતી હોય છે અને તો જ દર્પણમાં પ્રતિબિંબે એ માળા ધારણ કરેલી દેખાય છે. શ્રીમાતા પ્રત્યે ભાવપૂર્ણ આસ્થાએ કરીને થયેલું અર્પણભાવનું કતૃત્વ ઉપાસકના મનમાં એક અભૂતપૂર્વ તૃપ્તિને ઉત્પન્ન કરે છે. તે (ઉપાસક) માતાની મૂર્તિ કે યંત્ર સ્વરૂપને અથવા તો માનસિક સંકલ્પભાવે માતા પ્રત્યક્ષ હાજર છે તેમ કલ્પીને સ્નાન કરાવે છે તે ખરેખર તો શ્રીમાતાને સ્નાન કરાવવાને સ્થાને પોતાને જ સ્નાન કરાવે છે અને શુધ્ધ કરે છે. અને એવો અનુભવ પણ કરે છે કે જાણે પોતાના સહસ્રાર (ગુરૂસ્થાન - સહસ્રદળકમળ) થીમૂલાધાર સુધી એક સુખમય દિવ્ય સ્પર્શનો અનુભવ ન થયો હોય ? **આ એક એવી અવસ્થા છે જ્યાં ઉપાસક શ્રીમાતાને પ્રત્યક્ષરૂપે અનુભવે છે.** એનું જ નામ **'ददाति'** અને **'प्रतिगृह्णाति'** છે. જ્યાં સુધી ઉપાસનામાં આવી આત્મીયતા નથી આવતી, ત્યાં સુધી ઉપાસના એક નીરસ (યંત્રવત્) અને કષ્ટસાધ્ય અનુષ્ઠાન જેવી જણાય છે. પરંતુ આ એક બીજી બાબત થઈ.

'नान्यथैषा प्रसीदति' - આવી (ઉપર મુજબની) આત્મીયતા ન બંધાય તો ચણ્ડી-માતા પ્રસન્ન થતા નથી. **જે માતા સાથે ભાવાત્મક ઐક્ય સાધે છે તે જ ચંડિતત્ત્વમાં**

**પ્રવેશ કરવા માટેના અધિકારને પ્રાપ્ત કરે છે.** શ્રીમાતાનું સારી રીતે તાદાત્મ્ય ન અનુભવાય તે જ શ્રી મહાદેવનું કીલક છે. અર્થાત્ જ્ઞાનમય ગુરુનો આવો જ આદેશ છે. આ કીલક શ્રીગુરૂદેવનો મંગળમય આશીર્વાદ છે, જે ઉપાસક તેને નિષ્કલ કરીને ચણ્ડીનો પાઠ કરે છે તે ચંડી તત્ત્વમાં પ્રવેશ કરે છે. **નિષ્લ કરવું એટલે સિધ્ધિ માર્ગમાં આવતા અવરોધોને દૂર કરવા એવો અર્થ ઘટાવવાનો છે.** ચિત્તની સ્થિર અવસ્થા વગર આત્મબોધનો વિકાસ થતો નથી. અને આત્મબોધના મહિમાને જાણ્યા વગર અર્પણ અને ગૃહણની ક્રિયા સંપન્ન થતી નથી. આમ ચંડિ-તત્ત્વને જાણ્યા વગર તેમાં પ્રવેશ કરી સિદ્ધિ પ્રાપ્ત કરવાની આશા રાખવી તે શું યોગ્ય છે ? 'સાધન સમર' અર્થાત્ સમરાંગણામાં જય પ્રાપ્ત કરવા માટે જે બળ પ્રાપ્ત કરવાનું છે તે ક્રમશઃ અર્ગલા, કીલક અને દેવી કવચમાં વર્ણવવામાં આવેલ છે.

આ કીલક સ્તુતિનું એક બીજું પણ પ્રયોજન છે. ઈષ્ટની પ્રાપ્તિ જ્ઞાન દ્વારા થાય છે. "આ કાર્ય દ્વારા મને ઈષ્ટની (શ્રીમાતાની) પ્રાપ્તિ થશે" એ પ્રકારનું જ્ઞાન જ કર્મમાં જોડાવારૂપ પ્રવૃત્તિનું મૂળ છે. આ ઈષ્ટની પ્રાપ્તિ – જ્ઞાનાંશમાં ભ્રમ પેદા થવો કે અજ્ઞાનતાને વશ થવાથી કાર્યમાં સિધ્ધિ પ્રાપ્ત થતી નથી અને દૂર રહે છે. આવા અધૂરાપણા દ્વારા ચંડિતત્ત્વમાં પ્રવેશ કરવા માટે પ્રયત્નશીલ થવાથી શું લાભ ? સૌભાગ્ય, આરોગ્ય, વશીકરણ આદિ છ પ્રકારની શક્તિ આદિ ક્ષણિક (ક્ષણભંગૂર) સારા લગતા ભૌતિક ફળો (લાભો) ની જે ઇચ્છા કરે છે તે સઘળું મળશે તો ખરૂં જ, પરંતુ મુખ્ય લક્ષ્ય જે મોક્ષ પ્રાપ્તિનું છે તે પણ મળશે. સ્તોત્રના સમાપન ભાગમાં એ જ કહેવાયું છે કે - "शत्रु हानिः परो मोक्षः स्तूयते न स किं जनैः" । સાચી વાત તો એ કે ચંડિતત્ત્વ એ ભોગ અને મોક્ષ એમ બંનેનું સાધન છે. એ કારણે જે ચતુર્વિધ પુરુષાર્થ; ધર્મ - અર્થ - કામ અને મોક્ષરૂપી ફળના ઇચ્છુક છે, તે જ આ ચંડિપાઠ - ઉપાસનાના અધિકારી છે, એ પણ કીલક-સ્તુતિમાં પ્રતિપાદન કરવામાં આવેલ છે.

વેદાંત આદિ દર્શન મોક્ષમાત્રના શાસ્ત્ર છે, જે લૌકિક અને પારલૌકિક - ફળથી ઉપાસક બિલકુલ વિરક્ત છે તે જ એકમાત્ર એ શાસ્ત્રોના શ્રવણ માટેના અધિકારી છે. પરંતુ દેવી મહાત્મ્ય બન્ને પ્રકાર (લૌકિક અને પારલૌકિક) ની ઉપલબ્ધિઓ માટે ઉપાસના કરવા યોગ્ય છે. તે આ કીલક સ્તોત્રમાં વર્ણવ્યું છે. જે લોકો તેને સ્તુતિવાદ કહીને નવાજે છે તેમના મતની સાથે અમે સંમત થતા નથી. આ કીલક સ્તોત્રમાં જે કહેવાયું છે તે પ્રકારે ઉપાસક નિષ્કલ કરીને ઉપાસના કરે છે તે ચંડિ તત્ત્વમાં પ્રવેશ કરીને ભોગ અને મોક્ષ એવા બન્ને ફળને પ્રાપ્ત કરે છે.

પરંતુ હે મા ! અમારે માટે શું ઉપાય છે ? અમે તો (આવો) કોઈ અધિકાર પ્રાપ્ત કર્યો નથી ! જેના વડે અમે ઉપાસનાના સમરાંગણમાં પ્રવેશ કરીને વિજય (સિદ્ધિ) પ્રાપ્ત કરી શકીએ ? અમારામાં તો એવું કંઈ નથી ! જ્યારે પૂરતું જ્ઞાન જ પ્રાપ્ત કર્યું નથી તો મુમુક્ષુ કેવી રીતે થઈશું ? અમારા મનની તો સોળે કળાઓ ભૌતિકકતામાં રહેલી છે તેથી અમે અષ્ટમી-ચતુર્દશી તિથિ બાબતના વિશિષ્ટ સાધક કે અધિકારી બની શકતા નથી. તેથી કયા સાહસ (હિંમત)થી હે માતા ! અતિશય ગહન એવા ચંડિ તત્ત્વમાં પ્રવેશ કરી શકીશું. હે માતા ! તમે જ અમારા સાહસ (સુકાની) છો. અમે તમારા બાળકો છીએ. તમારાથી વિશેષ અધિક બળ અને સાહસ (નો સહારો) કયો હોઈ શકે ? **હે માતા ! અમે (એટલું) જાણીએ છીએ**

કે, મા ! મા ! કહેતાં કહેતાં (પોકાર કરતાં કરતાં ) ચંડિતત્ત્વમાં દાખલ થવા માટે વારંવાર ઉદ્યમ કરતાં રહીશું અને (તમારી કૃપાથી) અધિકારી બનીને સાચા સમરાંગણમાં જય-લાભ કરીને સિધ્ધિને વરશું. એવી અમારી અતૂટ આશા છે.

પૂજ્ય ભાઈ (અમૃતમ્)ની વાણીમાં કહે છે, "હે મા! મારી સુષુપ્ત ચેતનાને પ્રબુધ્ધ કર. મને તારા હૃદયમાં શાશ્વત્ સ્થાન આપી ચિરશાંતિ આપ. મા ! જ્યારે હું તારું વિરાટ સ્વરૂપ નિહાળું છું ત્યારે મુગ્ધ બની જાઉં છું. ભય અને વિસ્મય મને આવરી લે છે. પરંતુ જ્યારે તારું સ્વરૂપ અનુભવ છું ત્યારે મારું હૃદય ભીનું ભીનું બની જાય છે. કોઈ અકથ્ય આનંદની તીવ્ર અનુભૂતિ થાય છે. બીજી બાજુ તારામાં પણ પ્રસ્ફુરિત થતી પ્રેમની અસ્ખલિત ધારાઓ મને પરિપ્લાવિત કરી દે છે. મારામાં બળસુલભ ભાવ પ્રગટ થાય છે. તારામાં પણ વાત્સલ્ય નીતરતું નિહાળું છું. આ અપાર્થિવ સંબંધમાં મારી વ્યષ્ટિચેતના કૃતજ્ઞ ભાવે તારી સાથે નિગૂઢ સંભાષણ કરે છે. મા ! તારી વિશ્વમયતા કરતાં વાત્સલ્ય જ મારો તરણોપાય છે."

(-ક્રમશઃ)

★★★

> *The whole Universe is only a projection of the mind. The mind attached to the external sense-objects causes bondage for the individual soul; the same mind devoid of any hankering for the empirical worldly objects tends to confer liberation.*
>
> ***–Mandala Brahmanopanished.***

# કામાખ્યા તન્ત્રમ્...

લેખાંક : ૪

....✍ "દુર્ગાબાળ" સુ.શ્રી દમયંતી જાની

(સદ્દગુરૂદેવશ્રીના માર્ગદર્શન મુજબ ઉપાસના કરનારને જ સિધ્ધિ વરે છે.)

"વાઙમે મનસિ પ્રતિષ્ઠિતામનોમેવાચિ પ્રતિષ્ઠિતામ્"

અમારી ઈન્દ્રિય-પ્રાણ-મન-બુધ્ધિને અવલંબન (સાંકળીને) કરીને તમો અમારું કાર્ય સંપન્ન કરો.

चतुर्थ : पटलः

कामाख्या-मन्त्रः

ચતુર્થઃ પટલઃ

કામાખ્યા મન્ત્રઃ (કામાખ્યા દેવીનો મંત્ર)

वर-मन्त्रं प्रवक्ष्यामि सादरं श्रृणु पार्वति !
यस्य प्रसाद- मात्रेण ब्रह्म-विष्णु-शिवा अपि ॥ १ ॥
इन्द्राद्याः देवताः सर्वा भवन्ति कामनाऽ-युताः ।
गन्धर्वाः किन्नरा देवि ! तथा विद्याधरादयः ॥ २ ॥
यत्-प्रसादं समागत्य स्वकीय-विषयान्विताः ।
योगिनी डाकिनी विद्या भैरवी नायिकाऽऽदिकाः ॥ ३ ॥
कामाख्या- मन्त्रमासाद्य भजन्ति योग्यतां पराम् ।
स्वर्गे मर्त्ये च पाताले ये ये सिद्धयन्ति साधकाः ॥ ४ ॥

હે પાર્વતી ! (હું) શ્રેષ્ઠ મન્ત્ર બનાવું છું જેના પ્રસાદ વડે બ્રહ્મા, વિષ્ણુ, શિવ અને ઈન્દ્રાદિ સઘળા દેવોની (મનો) કામના પૂર્ણ થાય છે. હે દેવિ ! ગન્ધર્વ, કિન્નર અને વિદ્યાધર આદિ તથા યોગિની, ડાકિની,

ભૈરવી, નાયિકા આદિ વિદ્યાઓ જેમના (કૃપા) પ્રસાદથી પરિપૂર્ણતાને પામે છે, તે કામાખ્યા મન્ત્રને મેળવીને સ્વર્ગ, મૃત્યુ-લોક અને પાતાળ (લોક)માં જે જે સિધ્ધ સાધક / ઉપાસક છે, તે શ્રેષ્ઠ યોગ્યતા (પૂર્ણતા) ને પામે છે તેને આદર સહિત સાંભળો. (મંત્ર : ૧ થી ૪)

**निज- बीज- त्रयं देवि ! क्रोध-द्वयमतः परम् ।**
**वधू- वीज-त्रयं चैव कामाख्ये च पुनर्वदेत् ॥ ५ ॥**

**प्रसीदेति पदं चैव पूर्व- बीजानि कल्पयेत् ।**
**ठ-द्वयान्ते मनुः प्रोक्तः सर्व-तन्त्रेषु दुर्लभः ॥ ६ ॥**

**[त्रीं त्रीं त्रीं हूं हूं स्त्रीं स्त्रीं कामाख्ये !**
**प्रसीद स्त्रीं स्त्रीं हूं हूं त्रीं त्रीं त्रीं स्वाहा ]**

હે દેવી ! પોતાના ત્રણ બીજ (त्रीं, त्रीं, त्रीं), પછી બે 'ક્રોધ-બીજ' (हूँ-हूँ) અને ત્રણ 'વધૂ-બીજ' (स्त्रीं, स्त्रीं, स्त्रीं), પછી कामाख्ये કહેવું જોઈએ, ત્યાર બાદ 'प्रसीद' શબ્દ અને પહેલાં કહેલાં બીજોને ફરી જોડવાનો સંકલ્પ કરવો જોઈએ. અંતમાં બે 'ठ' (स्वाहा) આ સઘળું તન્ત્રોમાં દુર્લભ મંત્રમાં કહેવાયું (વર્ણવાયું) છે. (મંત્ર : ૫ અને ૬)

**प्रणवाद्या महा-देवि ! त्रैलोक्ये चाति- दुर्लभा ।**
**चतुर्वर्ग - प्रदा साक्षान्महा - पातक - नाशिनी ॥ ७ ॥**

**स्मरणादेव मन्त्रस्य सर्वे विघ्नाः समाकलाः ।**
**नश्यन्ति दहने दीप्ते पतङ्गा इव पार्वति ! ॥ ८ ॥**

હે મહાદેવી ! આ મંત્રની શરૂઆતમાં 'પ્રણવ' (ૐકાર) ને જોડવાથી તે ચારેય પુરૂષાર્થ (ધર્મ, અર્થ, કામ અને મોક્ષ) આપવાવાળું બને છે. આ મંત્રનું સ્મરણ કરતાં જ સઘળાં વિઘ્નો એવી રીતે નષ્ટ થઈ જાય છે જેવી રીતે અગ્નિમાં પતંગિયું બળીને ભસ્મ થઈ જાય છે. (મંત્ર : ૭ અને ૮)

**मन्त्र - ग्रहण - मात्रेण जीवन्मुक्तो भवेन्नरः ।**

**भुक्ति-मुक्ती करे तस्य सर्वेषां प्रियतां व्रजेत् ॥ ९ ॥**

**आवृणोति स्वयं लक्ष्मीर्वदने गीः सदा वसेत् ।**

**पुत्राः पौत्राः प्रपौत्राश्च भवन्ति चिर-जीविनः ॥ १० ॥**

આ મંત્ર ધારણ કરતાં જ મનુષ્ય જીવન્મુક્ત બની જાય છે. ભોગ અને મોક્ષ તેના હાથમાં (બે હાથમાં બે લાડુની જેમ) આવી જાય છે અને તે સર્વની પ્રીતિપાત્ર વ્યક્તિ બની જાય છે. સ્વયં લક્ષ્મી તેને વરે છે અને સરસ્વતી તેના (ઉપાસકના) મુખમાં આવી વસે છે. તથા તેના પુત્ર-પૌત્ર અને પ્રપૌત્ર ચિરંજીવી (દીર્ઘાયુષ્યવાન) થાય છે. (મંત્ર : ૯ થી ૧૦)

**पुथिव्यां सर्व-पीठेषु कामाख्यादिषु शङ्करि !**
**लिपिश्चलति तस्यैव नात्र कार्या विचारणा ॥ ११ ॥**

**तस्य नाम च संस्मृत्य प्रणमन्ति सदा जनाः ।**

**नाम श्रुत्वा वारमेकं पलायन्ते च हिंस्रकाः ॥ १२ ॥**

હે શંકરિ ! પૃથ્વી કામાખ્યા આદિ સઘળી પીઠોમાં તેના લેખ(કીર્તિ) ગવાય છે તેમાં કોઈ સંદેહ નથી. તેમનું (કીર્તિમાન ઉપાસકનું) સ્મરણ કરીને સારા ઉપાસકો તેમની વંદના કરે છે (અહોભાવ વ્યક્ત કરે છે). (અને વળી) આવા (ઉચ્ચકોટિના ઉપાસક)નું નામ

સાંભળીને હિંસક પ્રાણીઓ દૂર ભાગી જાય છે. (ચાલ્યા જાય છે. હિંસક સ્વભાવ છોડી દે છે). (મંત્ર : ૧૧ અને ૧૨)

**यावत्यः सिद्धयः सन्ति स्वर्गे मर्त्ये रसातले ।**
**साधकानां परिचर्यां कुर्वन्ति नात्र संशयः ॥ १३ ॥**
**तं दृष्ट्वा साधकेन्द्रं च वादी स्खलति दर्शनात् ।**
**सभायां कोटि-सूर्याभं पश्यन्ति सर्व- सज्जनाः ॥१४॥**

સ્વર્ગ, મૃત્યુલોક અને પાતાળ લોકમાં જેટલા પણ પ્રકારની સિધ્ધિઓ છે, તે સઘળી (આવા) સાધકોની સેવા કરે છે, તેમાં (કોઈ) સંદેહ નથી. આવા સાધકોમાં ઈન્દ્રસમાન (ઉચ્ચ કોટિના) ને જોઈને જ શાસ્ત્રાર્થ કરવા આવેલ કુંઠિત થઈ જાય છે - (સહમી જાય છે - પાછો પડે છે) અને સભાસ્થાનમાં બેઠેલ બધા સજ્જનો આવા (સાધક) ને કરોડો સૂર્ય સમાન કાંતિવાળા જૂએ છે. (મંત્ર : ૧૩ અને ૧૪)

**जिह्वा कोटि-सहस्रैस्तु वक्त्र-कोटि-शतैरपि ।**
**वर्णितुं नैव शक्नोमि मन्त्रमेतन्महेश्वरी ॥ १५ ॥**
**न्यास - पूजादिकं सर्वं पूर्वमुक्तं वरानने !**
**पुरेश्वर्या - विद्यौ किन्तु षट्-सहस्रं मनुं जपेत् ॥ १६ ॥**
**यथा-विधि षट्-शतानि होमादींश्च समाचरेत् ।**
**सिद्धो भवति मन्त्रज्ञः प्रयोगेषु ततः क्षमः ॥ १७ ॥**

હે મહેશ્વરિ ! હજાર-કરોડ જીભો વડે તથા સેંકડો-કરોડ મુખો વડે પણ હું આ મંત્રના મહિમાનું વર્ણન કરી શકતો નથી. હે વરાનને ! તેના ન્યાસ, પૂજન સઘળી વાતો અગાઉ કહેવાઈ ગઈ છે પરંતુ તેના પુરશ્ચરણમાં છ હજાર મન્ત્ર જાપ કરવા જોઈએ. (તેમજ) વિધિ પ્રમાણે (દશાંશ) છ સો હોમાદિ કરવા જોઈએ. આમ કરવાથી સાધકનો મંત્ર સિધ્ધ થાય છે. અને (પછી) તે તેનો યથાયોગ્ય પ્રયોગ (ઉપયોગ) પણ કરવાને સમર્થ બને છે. (મંત્ર : ૧૫ થી ૧૭)

**ध्यानं शृणु महा-देव्या धन-धान्य-सुत - प्रदम् ।**
**दारिद्र्य-हननं देवि ! क्षणेनैव न चान्यथा ॥ १८ ॥**

હે દેવિ ! (આ) મહાદેવીનું ધ્યાન સાંભળો, જે ધન-ધાન્ય અને પુત્રને આપવાવાળું તથા ક્ષણમાત્રમાં દરિદ્રતાનો નાશ કરવાવાળું (સમૃધ્ધિને ઓપવાવાળું) છે, તેમાં કોઈ સંદેહ રાખવાનું કારણ નથી. (મંત્ર : ૧૮)

## (કામાખ્યા દેવીનું ધ્યાન)

**अति-सुललित-वेशां हास्य-वक्त्रां त्रिनेत्राम्,**
**जित - जलद - सुकान्तिं पट्ट-वस्त्र-प्रकाशाम् ।**
**अभय - वर - कराढ्यां रत्न - भूषाति-भव्याम्,**
**सुर - तरू-तल-पीठे रत्न - सिंहासनस्थाम् ॥ १९ ॥**
**हरि- हर- विधि- वन्द्यां बुद्धि- वृद्धि- स्वरूपाम्,**
**मदन - शर - समाक्तां कामिनीं काम - दात्रीम् ।**
**निखिल- जन- विलासोल्लास- रूपां भवानीम्,**
**कलि-कलुष-निहन्त्रीं योनि - रूपां भजामि ॥ २० ॥**

હું (એ) યોનિ-રૂપા ભવાનીનું સ્મરણ કરું છું, જે કળિકાળમાં પાપોને નાશ કરનારી છે અને સઘળાં જનોને ભોગ-વિલાસથી પરિપૂર્ણ કરી દે છે. તે અત્યંત સુંદર કેશ (કલાપ)વાળાં, સ્મિતમુખી, ત્રણ નેત્રવાળાં

અને તેમની સુંદર કાંતિની પાસે મેઘની છબિ (આકૃતિ) પણ ફીકી પડી જાય છે, રેશમી વસ્ત્રોથી પ્રકાશતાં, અભય અને વરદાન આપવાની મુદ્રાવાળા હાથોથી શોભતાં, રત્નજડિત આભૂષણોથી ઘણાં ભવ્ય લાગે છે. કલ્પવૃક્ષની નીચે રત્નજડિત - બાજઠ સિંહાસન પર તેઓશ્રી બિરાજમાન થયેલાં છે. બ્રહ્મા, વિષ્ણુ, મહેશ દ્વારા વંદન કરાયેલાં તે (શ્રીમાતા) અસીમ-બુધ્ધિવાળાં છે. કામદેવના મનને મોહ પમાડતાં બાણ જેવાં તેઓ અત્યંત સુંદર અને દરેકની મનોકામનાઓને પરિપૂર્ણ કરવાવાળાં છે. (મંત્ર : ૧૯ અને ૨૦)

**गुह्याद - गुह्यतरं देवि ! ध्यानं दारिद्र्य-नाशकम् ।**
**गोपितं सर्व-तन्त्रेषु तव भावात् प्रकाशितम् ॥ २१ ॥**

હે દેવી ! આ ધ્યાન ગુપ્તથી પણ ગુપ્ત છે અને દરિદ્રતાને દૂર કરવાવાળું છે. બધા તન્ત્રોમાં આ (ધ્યાન) અત્યંત ગુપ્ત છે. તમારા પ્રત્યેના પ્રેમને કારણે આ પ્રકટ કરેલ છે. (મંત્ર : ૨૧)

(ઉપાસના પધ્ધતિ)

૨૨ થી ૩૭ એ (કામાખ્યા) મન્ત્રની સાધનાના વર્ણનરૂપ છે, જે (સર્વજનસમુદાય) સાધારણ ઉપાસક માટે નથી. જેમને એ બાબતે ઉપાસના કરવી હોય તેઓ પોતાના ગુરૂદેવ પાસેથી રૂબરૂ સમજણ મેળવી લેવી આવશ્યક છે. (મંત્ર : ૨૨ થી ૩૭)

(આ પ્રકારે શ્રી કામાખ્યા તન્ત્રે દેવીશ્વર-સંવાદે સતુર્થઃ પટલઃ સંપૂર્ણમ્) - **ક્રમશઃ**

★ ★ ★

## ॐ सर्वे वै देवा.......

લેખાંક : ૧

....✍ - **પ્રા. શ્રી જનાર્દન દવે**

ॐ सर्वे वै देवा देवीमुपतस्थुः "कायि त्वं महादेवीति".....

શીર્ષક દેવી અથર્વશીર્ષમાંથી લીધુ છે પણ તંત્રાગમો સાથે સવિસ્તર સ્વાધ્યાય કરશું. ભગવાન વેદ નારાયણ જ છે. શ્રીમદ્ ભાગવતમાં "વેદો નારાયણઃ સાક્ષાત્ સ્વયંભૂરિતિ શુશ્રુમઃ" એમ પ્રમાણ છે. ऋषेर्दर्शनात् એ સૂત્ર પ્રમાણે તપસ્યા પરિપૂત ઋષિઓને સમાધિમાં પ્રકાશમય મંત્રોનાં દર્શન થાય છે. મહર્ષિ યાસ્કે નિરુક્ત નામના શાસ્ત્રમાં ઋષિઓની પેઢીઓ વર્ણવી છે. મહર્ષિ લખે છે : साक्षात्कृतधर्माणऋषयो बभूवुः । ते अवरेभ्यः असाक्षात्कृतधर्मभ्य उपदेशेन मन्त्रान् संप्रादुः । उपदेशाय ग्लायन्तः अवरे बिल्म ग्रहणाय इमं ग्रन्थं समानासिषु :, वेदं च वेदांगानि च અર્થાત્ ઋષિઓની આદિ પેઢીએ મંત્રોનો સમાધિમાં સાક્ષાત્કાર કરેલો, પણ પછીની પેઢીના ઋષિઓ જે મંત્ર સાક્ષાત્કાર કરી ન શક્યા તેમને પૂર્વજોએ ધર્મનું- મંત્રોનુ ઉપદેશ દ્વારા પ્રશિક્ષણ આપ્યું. પછીની પેઢીમાં ઉપદેશ અપાતો હતો ત્યારે પણ સમજણમાં મુશ્કેલી પડતાં આ ગુરુજનોએ 'ગો' થી'દેવપત્ની' સુધીના ૧૭૭૦ શબ્દો જે સમજવા વેદના મંત્રોમાં અઘરા લાગ્યા તેને એકત્ર કરી નિઘંટુ નામનું શાસ્ત્ર રચ્યું અને વેદોને પણ શાખામાં વહેંચી વેદાંગો પણ રચ્યા.

તો આ વેદો નારાયણરૂપ જ છે. તેમાં મંત્રભાગ અને બ્રાહ્મણભાગ છે. એટલે તો मन्त्रब्राह्मणर्वेद नामधेयम् મંત્ર સંહિતાઓ અને બ્રાહ્મણો મળીને વેદ કહેવાય છે. સંહિતા એટલે પદો શબ્દોનો સન્નિકર્ષ - શબ્દોનું સાથોસાથ ગાન સંહિતા કહેવાય. સંહિતા - પદ - ક્રમ-

જટા - ઘનપાઠ એ મંત્રોના સંરક્ષણની ગાન વ્યવસ્થા છે જેના પ્રતાપે રામાયણ - મહાભારતાદિમાં પ્રક્ષેપ કોઈએ રચી વાલ્મીકિ વ્યાસના નામે ચડાવી દીધેલા શ્લોકો છે પણ વેદમાં પ્રક્ષેપો નથી.

સંહિતાઓ = સંગ્રહ - ચાર છે. ઋગ્વેદ સંહિતા, યજુર્વેદ સંહિતા, સામવેદ સંહિતા, અથર્વવેદ સંહિતા. આ ચાર વિભાગો દ્વાપરમાં ભગવાન કૃષ્ણ દ્વૈપાયન વ્યાસે કર્યા તે પૂર્વે વેદ માત્ર એક જ હતો. ઋગ્વેદની ૨૧, યજુર્વેદની ૧૦૦, સામવેદની ૧૦૦૦ અને અથર્વવેદની ૯ શાખાઓ ભગવાન વ્યાસે અભ્યાસની સુગમતા માટે કરી. વ્યાકરણ પણ ૮ પ્રકારના અને નિરુક્ત પણ ૧૪ પ્રકારના થયા. અલ્પાયુષી અને મંદમતિના લોકોની સુગમતા માટે આ પ્રયત્નો થયા. પણ આ ચાર ઋગ્વેદ-યજુર્વેદ, સામવેદ - અથર્વવેદ એવી સંહિતાઓ ઉપરાંત તે તે વેદના બ્રાહ્મણગ્રંથો, આરણ્યકો અને ઉપનિષદો મળીને વેદ કહેવાય.

અથર્વશીર્ષ એટલે અથર્વવેદનો શિરોભાગ- અર્થાત્ ઉપનિષદ.

ઉપનિષદે વેદના ઉત્તમાંગ- શિરસ્ - મસ્તિષ્ક છે. અથર્વવેદના ઉપનિષદો ઘણાં છે. સંસ્કૃતમાં ઉપનિષદ્ શબ્દ સ્ત્રીલિંગ શબ્દ છે. "ઉપનિષદ્ કેવી?" એમ સંસ્કૃતવાળા કહે છે. પાંચ દેવોના પંચ અથર્વશીર્ષ છે. ગપણતિ અથર્વશીર્ષ, વિષ્ણુ અથર્વશીર્ષ, શિવ અથર્વશીર્ષ, સૂર્ય અથર્વશીર્ષ, અને દેવી અથર્વશીર્ષ.

આમાંથી દેવી અથર્વશીર્ષમાંથી આ લેખનું શીર્ષક લીધું છે. ૐ બધા જ દેવોએ દેવીની સમીપમાં ઉપસ્થિત થઈ પૂછયું ? "હે મહાદેવી, આપ કોણ છો ?"

બહુ સારી વાત. સીધું દેવીમા ને જ પૂછયું. ઘડીભર માનો કે સાંખ્યવાળાને પૂછયું હોત તો ?

**સાંખ્ય સિદ્ધાન્ત :** અહીં ૨૪ તત્ત્વોનું સંખ્યાન = ગણત્રી છે માટે સાંખ્ય નામ પડયું અથવા તત્ત્વનિર્ણય કરવો એ પણ સાંખ્ય કહેવાય. ૨૪ તત્ત્વોમાં બે સર્વોપરિ છે. પુરુષ અને પ્રકૃતિ. પુરૂષ નિર્ગુણ, ઉદાસીન, અસંગ, ભોક્તા છે પણ કર્તા નથી, ચેતન છે. પ્રકૃતિમાં બે સ્વરૂપો છે - અવ્યાકૃત અથવા મૂળપ્રકૃતિ અને વ્યાકૃતરૂપા પ્રકૃતિ. **ત્રણગુણોની સામ્યાવસ્થાવાળી હોય ત્યારે વિકાર રહિત હોય છે** પણ પુરુષના સાનિધ્ય અને સંકલ્પથી તેમાં ક્ષોભ ઉત્પન્ન થતાં મહત્ ઉત્પન્ન થાય છે. મહત્ વળી વિકાર પામતાં ત્રણ અહંકારો ઉત્પન્ન થાય છે. **સાત્વિક અહંકારમાંથી મન, રાજસ અહંકારથી દસ ઈન્દ્રિયો, તામસ અહંકારથી પંચ તન્માત્રા અને તન્માત્રાઓથી પંચમહાભૂતો થાય છે.**

શાક્તો ૩૬ તત્ત્વો માને છે. તેમાંથી ૨૪ તો સાંખ્યના છે. પણ પ્રકૃતિ જડ, ત્રણ ગુણોવાળી, કર્તુત્વશીલ, પુરુષને માટે ભોગ નિર્માણ કરનારી. આ પ્રકૃતિપુરુષ વચ્ચે અંધપંગુ ન્યાય છે. પ્રકૃતિ પુરુષને અલગ અલગ જાણી લઈ વ્યવહાર કરવાથી મોક્ષ મળે છે એમ સાંખ્યવાળા માને છે. આમ સાંખ્યમાં પ્રકૃતિ શક્તિ તત્ત્વ છે પણ જડ અને ગુણ-દોષમય છે. એટલે દેવોએ સાંખ્યવાળાને ન પૂછયું કે મહાદેવી કેવાં છે ?" જવાબ યોગ્ય ન મળત.

હવે વેદાન્તીઓને પૂછયું હોત તો ?

**વેદાન્તમાં માયા શક્તિ :** વેદાંતીઓ કહેત નિર્ગુણ નિરંજન નિરાકાર, અદ્રેશ્ય, અગ્રાહ્ય, અચક્ષુ, અશ્રોત્ર, અપાણિપાદ પણ નિત્ય, વિભુ, સર્વગત, સુસૂક્ષ્મ, ભૂતયોનિ એવું બ્રહ્મ શુદ્ધ સત્ત્વગુણી માયા સ્વીકારે ત્યારે સર્વજ્ઞ સર્વશક્તિમાન ઈશ્વર દેખાય છે.

શુદ્ધ ચેતન + શુદ્ધત્ત્વગુણીમાયા = ઈશ્વર.

પણ રજસ તમસથી અભિભૂત મલિનમાયા વડે જગતનાં

નામરૂપોનો આભાસ અને અવિદ્યા માયા વડે જીવભાવ આવે છે.

પણ માયા સત્ કે અસત્ કેવી ? તો કહે, માયા સદ્ પણ નથી, અસત્ પણ નથી - અનિર્વચનીયા છે. સૃષ્ટિકાર્ય છે. કારણ તેનાં હોય જ. આ કાર્યકારણવાદને સમજાવતા મત દર્શનશાસ્ત્રમાં 'ખ્યાતિ' કહેવાય છે.(૧) સત્ખ્યાતિ, (૨) અસત્ખ્યાતિ,(૩) અખ્યાતિ,(૪) અન્યાથાખ્યાતિ, (૫) અનિર્વચનીય ખ્યાતિ. વેદાંતીઓની (શાંકરમતની) અનિર્વચનીય ખ્યાતિ છે. હવે બીજો પ્રશ્ન : માયા તમારા મતમાં અનાદિ છે ? તો કહે હા અનાદિ તો છે તો ત્રીજો પ્રશ્ન પૂછે કે, માયા અનાદિ માનો છે તો તેનો અંત પણ નથી ને ? અને એમ માનો તો તમે દ્વૈતવાદી. તો કહે ના, અમારા મતમાં માયા અનાદિ છે. પણ સાન્ત - અંતવાળી છે. વેદાંતવાક્યોના શ્રવણ માત્રથી ઉત્તમ અધિકારીઓને મુક્તિ પણ મધ્યમ અને મંદ અધિકારીઓને મનન નિદિધ્યાસનથી અવિદ્યા - માયાથી મુક્તિ માટે માયાનો અંત તો આવે.

હવે ભગવતી દેવી મા કંઈ માયારૂપા નથી. એટલે દેવોએ ખુદ મા ને જ પૂછયું -

कायि त्वं महादेवि ? હે મા, તમે કોણ છો ?

**શાક્તદર્શનમાં માતૃતત્વ :** શાક્તદર્શનમાં 'મા' જડ નથી. ત્રિગુણાત્મક ખરી પણ **"લોકાતીતા, ગુણાતીતા, સર્વાતીતા" છે. શક્તિ મા શાક્તદર્શનમાં ચેતના છે.** चितिरूपेण या कृत्स्नमेतद् व्याप्य स्थिता जगत् જે કંઈ આ જગતમાં છે સર્વવ્યાપક ચિતિ શક્તિ જ છે. દેવી ભાગવતના મંગલાચરણમાં પણ-

ૐ સર્વ ચૈતન્યરૂપાં તામાદ્યાં દેવીં' ચ ધીમહિ ।
બુદ્ધિં યા નઃ પ્રચોદયાત્ ॥

"સર્વમાં ચૈતન્યરૂપે વિરાજતી એ આદ્યા દેવીનું અમે ધ્યાન કરીએ છીએ જે અમારી બુદ્ધિને પ્રેરો"

કાશ્મીરી ત્રિક દર્શનના એક મહત્ત્વના શાસ્ત્ર પ્રત્યભિજ્ઞા હૃદયમ્માં પ્રથમ સૂત્ર જ છે-

**ચિતિઃ સ્વતંત્રા વિશ્વસિદ્ધિ હેતુઃ** । ચિતિ સ્વતંત્ર પણે વિશ્વની ઉત્પત્તિમાં હેતુરૂપ છે. સ્વતંત્રા એટલે પરમાણુઓ વગેરેની સહાયની તેને અપેક્ષા નથી. પછી આગળ પણ લખે છે. સા સ્વભિત્તૌ વિશ્વમુન્મીલયતિ ॥ (સૂત્ર-૨ તે પોતાની જ ભીંત પર અર્થાત્ પોતાની પર જ વિશ્વનું ઉન્મીલન પ્રગટીકરણ કરે છે. ઉન્મીલન કરે તો નિમીલન પણ પોતાના પર જ દેખાડે એ સિદ્ધ છે. એટલે જ દેવોએ પૂછયું ત્યારે શ્રીદેવીમા બોલ્યાં છે. "અહં બ્રહ્મસ્વરૂપિણી મત્તઃ પ્રકૃતિપુરુષાત્મકં જગત્. હું જ બ્રહ્મરૂપ છું - મારાથી જ આ પ્રકૃતિ પુરુષાત્મક જગત છે."

"મહાત્રિપુરસુન્દરી બહિરન્તરંમનુપ્રવિશ્ય સ્વયમેકૈવ વિભાતિ । યદસ્તિ સન્માત્રં યદ્વિભાતિ ચિન્માત્રં યત્પ્રિયમાનન્દં તદૈતત્ સર્વાકારા મહાત્રિપુર સુન્દરી"- બહ્વૃચોપનિષદ્ અર્થાત્ **મહાત્રિપુરસુન્દરી જ એક માત્ર બહાર અંદર બધામાં પ્રવેશ કરીને એકલાં જ શોભી રહ્યાં છે. જે કંઈ સત્તામાત્ર છે. ચિન્માત્ર છે અને પ્રિયમાનંદરૂપ જ છે તે આ બધા આકારોરૂપ મહાત્રિપુર-સુન્દરી જ છે."**

શ્રીમા પોતે જ શ્રીદેવી ભાગવતમાં કહે છે : "સર્વં ખલ્વિદમેવાહં નાન્યદસ્તિ સનાતનમ્" સર્વ આ કંઈ છે તે હું જ છું. મારાથી અન્ય કંઈ અન્ય સનાતન છે જ નહિ." વળી શ્રી મા પોતે જ બ્રહ્મતત્ત્વ અને પોતાની વચ્ચે કોઈ અંતર નથી એમ સમજાવતાં કહે છે :

સદૈકત્વં ન ભેદોઽસ્તિ સર્વદૈવ મમાસ્ય ચ ।
યોઽસૌ સાહમહં યોઽસૌ ભેદોઽસ્તિ મતિવિભ્રમાત્ ॥
(દેવી ભા.૧-૬-૨)

મારામાં ને એ બ્રહ્મમાં સદા એકત્વ જ છે. ભિન્નતા નથી,

જે તે જ છે તે જ હું છું અને હું છું તે એ જ છે, ભેદ માત્ર મતિભ્રમના લીધે છે.

નાહં સ્ત્રી ન પ્રમાન્ ચાહં ન કલીબં સર્ગસંક્ષયે ।
છાયૈવાદર્શમધ્યે વા પ્રતિબિંબં તથાવયોઃ ॥
(દેવી. ભા.૧-૬-૭)

"સૃષ્ટિના અંત પછી હું સ્ત્રી નથી. પુરુષ નથી. નપુંસક નથી. મારી અને બ્રહ્મ વચ્ચે અરીસામાં પ્રતિબિંબ હોય કે છાયા હોય તેવુ છે."

અહં બુદ્ધિરહં શ્રીશ્ચ ધૃતિઃ કીર્તિઃ સ્મૃતિસ્તથા ।
શ્રદ્ધા મેધા દયા લજ્જા ક્ષુધા તૃષ્ણા તથા ક્ષમા ॥
કાંતિઃ શાન્તિઃ પિપાસા ચ નિદ્રા તંદ્ર જરાઽ જરા ।
વિદ્યાવિદ્યા સ્પૃહા વાંછા શક્તિશ્ચાશક્તિરેવ ચ ॥
વસા મજ્જા ચ ત્વક્ચાહં દૃષ્ટિ વાંગનૃતાનૃતા ॥
પરા મધ્યા ચ પશ્યંતી નાટયોઽહં વિવિધાશ્ચ યાઃ ॥
કિં નાહં પરદ્ય સંસારે મદ્વિયુક્તં કિમસ્તિ હિ ।
સર્વમેવાહ મિત્યેવં નિશ્ચયં વિદ્ધિ પદ્મજ ॥
(દેવી. ભા. ૧-૬-૮ થી ૧૧)

હે બ્રહ્મા, સંસારમાં જુઓ તો ખરા, મારી વિના બીજું છે શું ? હે પદ્મજન્મા, હું જ બધું છું એમ તમે નિશ્ચયપૂર્વક જાણો.

(-ક્રમશઃ)

★ ★ ★

Brahman is bliss itself, beyond the causality of happiness, difficult to be cognised by the senses, birthless, immutable, free from all functions of the mindstuff, eternal, constant and imperishable.

**–Tejobindu Upanishad**

# યોગ વિષે મહર્ષિ અરવિન્દ...

....✍ **શ્રી રામજીભાઈ કડિયા**

યોગમાત્ર એટલે જેનામાં ભગવાન માટે આવેગ અને આકર્ષણ જાગેલાં છે એવાં માનવ-મન અને માનવ-આત્માનું ભગવાન તરફનું વલણ. આ વલણ ભાવપ્રધાન રીતે આગળ વધે ત્યારે તે સહુથી પહેલાં આરાધનાનું જ સ્વરૂપ લે છે. સામાન્ય ધર્મોમાં આ આરાધના બ્રાહ્મ પૂજાનું સ્વરૂપ ધારણ કરે છે અને પછી તે પૂજા એનાથી ય વધારે બાહ્ય એવી વિધિ બની જાય છે. આવી જાતની વિવિધ સામાન્ય રીતે જરૂરી પણ હોય છે. કારણ કે **સામાન્ય જનસમૂહ ભૌતિક મનમાં જ જીવતો હોય છે.** ભૌતિક પ્રતીકના દબાણ વિના તેને કોઈપણ વસ્તુ સાક્ષાત થતી નથી. ભૌતિક કર્મોના આચરણ વિના તે જીવી રહ્યો છે એવું તેને લાગતું નથી.

જ્યાં સુધી કોઈ દેવના ખ્યાલને જ આવો પૂજ્યભાવ કે ભક્તિ અર્પણ થયેલાં હોય ત્યાં સુધી યોગની શરૂઆત ગણાય નહિ. યોગનું લક્ષ્ય એકતા છે. તેથી તેની શરૂઆત માત્ર ભગવાનની જ ખોજથી, તેના કોઈ જાતના સ્પર્શ, સાનિધ્ય કે સ્વામીત્વની ઝંખનાથી જ થઈ શકે. જ્યારે જ્યારે આ બાબત જાગી ઊઠે ત્યારે ત્યારે આરાધના મુખ્યત્વે આંતરિક પૂજા બની જાય છે. આપણે આપણી જાતને ભગવાનનું મંદિર માનીએ, આપણા વિચારો અને લાગણીઓમાં અભીપ્સા જાગે, આપણા અસ્તિત્વની સમગ્ર ઝંખનાથી પ્રાર્થના સ્ફૂરે અને સેવાપૂજાનું બાહ્ય સ્વરૂપ વિકાસ પામે, ભક્તનું આત્મવલણ રૂપાંતર ધરે ત્યારે આ ધાર્મિકતા યોગ બનતી જાય છે ને પ્રભુના સંપર્ક તરફ ગતિ થાય છે.

તત્ત્વચિંતન કે પ્રચલિત ધર્મોની માફક યોગ એ કોઈ સિદ્ધાંત કે મતાગ્રહની વસ્તુ નથી. એ તો

અનુભવવાની વસ્તુ છે. એવો અનુભવ જે વિશ્વાતીત સચેતનતા સાથે આપણને એક કરી દે છે. **યોગમાત્રનો સારરૂપ ઉદ્દેશ તો એ જ હોય છે કે, આપણે આપણી જાતને દિવ્ય સત્યમાં જેડી દેવી.** યોગ માટેની ગતિ ભગવાન તરફની હોય. મહર્ષિ અરવિન્દ કહે છે કે, આ ગતિ એટલે અતિમનસની પ્રાપ્તિ. અતિમનસ એટલે પરમ સર્વોચ્ચ દિવ્ય શક્તિ. આ પ્રાપ્તિ આનંદ અને મહત્તા માણવા માટે નહિ પણ ભગવાનના મિલનને નિરપેક્ષ અને સંપૂર્ણ બનાવવા હોય છે. આપણી પ્રકૃત્તિના બધા પ્રદેશો, પ્રવાહોમાં, ખૂણેખૂણામાં આપણી જાતને પરોવી, ઓતપ્રોત કરી સક્રિય બનાવવી. અતિમનસ યોગનો હેતુ માત્ર અંગત વ્યક્તિત્વની સાર્થકતા પ્રાપ્ત કરવાનો જ નથી પણ આપણો અહંકાર, મિથ્યાભિમાન અને મહત્ત્વકાંક્ષા વધી ન પડે તે માટે તેને જીતી લઈ આધ્યાત્મિક અધઃપતન અટકાવવાનું છે. આ પરિવર્તન માટે અતિમનસ યોગની પહેલી શરત એ છે કે અહમ્‌નું વિસર્જન.

તેનું ધ્યેય વ્યક્તિને મહાન બનાવવાનું નથી પણ આધ્યાત્મિક પરિપૂર્ણતા સાધી પોતાની જાતની સાચી શોધ કરવાનું છે. અને દિવ્ય ચેતના તથા દિવ્યપ્રકૃત્તિ ધારણ કરવાનું છે. તેમજ ભગવાનનું મિલન કરવામાં. અવરોધરૂપ અહમ્‌કેન્દ્રિત આવેગો, આકાંક્ષાઓ, સત્તા અને મહત્તા માટેની ઈચ્છાઓ, જાતને આગળ લાવવાના ઉદ્દેશો એ સર્વ ત્યજવાનાં છે. **વિશાળ ચેતનાથી સભર આત્મ-સ્વરૂપ પામવા માટે પોતાની પામર વૃત્તિઓ છોડવી જ પડે. માત્ર ભગવાનના મિલનની સર્વવ્યાપી ઝંખના બની રહેવી જોઈએ.** કારણકે માનસિક પરિવર્તન અતિ મુશ્કેલ છે. તે કોઈ તત્કાળ હેતુ કે દેખાયા કરતું લક્ષ્ય હોવાનો સંભવ નથી. આપણી પ્રકૃતિનું રૂપાંતર આ યોજના પાયાનું મૂળ છે.

ઉત્ક્રાંતિકાળથી માછલીમાંથી બનેલા મનુષ્યની પ્રકૃતિ આજસુધી એવીને એવી છે. પશુતાનાં લક્ષણો વિદ્યમાન છે. એટલે શ્રી અરવિન્દના પૂર્ણયોગના પ્રવેશમાં આવી માનવીય દુર્બળતાઓ ઉપર વિજ્ય મેળવવાનો છે. એ માટે એકાંતમાં જવાની, ગુફામાં બેસી તપ કરવાની જરૂર નથી. મોક્ષ કે નિર્વાણ પ્રાપ્તિની યાચના કરવાની નથી પરંતુ **સદેહે આ જીવનમાં, આ સંસારમાં રહી નિત્યકર્મો કરતાં કરતાં સચ્ચાઈ ભરેલું જીવન વ્યતિત કરવાનું છે.** આ બ્રહ્માંડની સર્વોત્તમ ચેતના પ્રતિ ખુલ્લા થવાનું છે. એ પરમ શક્તિને સર્વ સમર્પણ ભાવે ભજવાનું છે. ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણે કહેલો "મામેકમ્ શરણમ્ વ્રજ" નો ભાવ અહીં સ્વીકાર્યો છે. ગીતામાં ત્રણ યોગ : જ્ઞાનયોગ, કર્મયોગ અને ભક્તિયોગનો ઉલ્લેખ છે. શ્રી અરવિન્દે ચોથો યોગ- પૂર્ણયોગ એમાં ઉમેર્યો છે.

અધિમનસની બાબતમાં શ્રી અરવિન્દે કૃષ્ણચેતના સ્વીકારી છે. શ્રીકૃષ્ણનો તેમને થયેલો સાક્ષાત્કાર અધિમનસ ચેતનાની શરૂઆત છે. ઉત્ક્રાંતિકાળથી આવેલા મનુષ્યમાં નવા માનવીનું રૂપાંતર કરવું એ શ્રી અરવિન્દના પૂર્ણયોગની મહત્ત્વની વાત છે. જગત સમક્ષ આ બાબત મૂકનાર શ્રી અરવિન્દ પ્રથમ છે. તેમણે કોઈ ધર્મ કે સંપ્રદાયની વાત કરી જ નથી. નવી પૃથ્વી ઉપર નવતર માનવી જન્મે એ દિશામાં અધિમનસ પછી અતિમનસની સર્વોચ્ચ ચેતના ભણી પ્રગતિ કરીને પામવાની બાબતને રજૂ કરી છે.

વિશ્વવ્યાપી પૂર્ણચેતનામય ભગવાન પ્રત્યે શરીર, મન, પ્રાણથી ખુલ્લા થઈ એક થવું; તેમાં જોડાઈ જવું- ઓગળી જવું. સત્-ચિત્-આનદ સાથે જોડાણ કરવા, જીવમાત્રમાં વસતા પરમાત્મા સાથે એક થવા માનવ પ્રકૃતિને દિવ્યપ્રકૃતિમાં પલટી નાંખવી આવશ્યક છે. **ભૌતિક ભાગોનું રૂપાંતર થાય અને ભાગવત ચેતનાનું મિલન થાય એ શ્રી અરવિન્દના યોગનું મૂળ તત્ત્વ છે.**

★★★

## PIMAGE...
## [5] 'જીવનના રંગ'

....✍ **Lt. Cal. C. C. Bakshi**

(Contd. letter dt. 14-4-92)

Before the second World War, Douglas Bader was a pilot in the Royal Air Force in Britain. In a nasty accident, he lost both his legs; one above the knee, the other at the thigh. The legs had to be amputated. In London he got a pair of prosthetic legs. In September 1939 Hitler let loose a reign of terror and destruction. England went to war with Germany. Hitler was a maniac. England is a small country, but those days the Pax-Britannica ruled half the world. Every single British man, woman, old and young joined the war effort. They were ready to sacrifice their all for the fatherland. How could Douglas sit back ? He reported to the HQ RAF and volunteered for any job he could do so that an able bodied man can be spared for active combat duties. He was employed on sedentary jobs like the flight control duties, etc. But Parul, the cannons feed on the young. Soon the paucity of fighting personnel was acutely felt. Again Douglas came forward with an offer to fly aircrafts that had controls mostly operated by hand. He said "my artificial legs can do some work. Permit me to take the bombers over Germany." Once as he flew a bombing sortie over the enemy territory, an ack-ack got him. Those days the aircrafts had low ceilings. His seat along with his parachute was ejected. He started floating down. The German officers trained their binoculars on him. They saw that he had only one leg. "Send for an ambulance, pronto." As Douglas hit the ground, the other prosthetic leg also came off. The Germans were flabbergasted. When they discovered that Douglas's both legs were artificial and that he was severely disabled, they were full of praise for him. "What a brave man !" they exclaimed. They lifted him gently and lodged him in the Officer's POW camp. They made much of him and treated him with awe and respect. A few days later, Douglas requested the German camp commandant to get in touch with prosthetic shop in London. They had his measurements. They could approach the shop through the Red Cross to contact the HQ RAF via the neutral country, Switzerland. Parul, through a neutral, country the warring nations maintain contact; so does the Red Cross. To cut the story short, Douglas received the pair of prosthetic legs. The same night he escaped from the POW camp. But how far could he go ? He was soon captured and brought back to the camp. His captors roared with laughter. "What a guy", they said. After the war Douglas was decorated with medals and crosses for valour and was promoted to

the rank of a Group Captain from Wing Comander. Later Gp. Capt. Douglas Bader purchased a twin-engine aeroplane and flew to many countries including India. He addressed officers of the three services. He said, "The obstacles and difficulties are the products of our minds. Even though I am badly handicapped, I made a strong resolve to fight for my country. That resolve generated indomitable courage in me and invested me with audacity and a devil-may-care attitude, I became a fearless dare-devil." His story is given in the book "Reach for the sky."

Do your understand this Beti ? To an extent, our society, religious beliefs, customs and habits and traditions are negative, pessimistic. People are cent per cent fatalists. This is a totally wrong attitude. In Gujarati and Sanskrit there is a word ***kabandh***. In one of Shri Rama' s prayers, there is a line extolling his bravery. "Shri Rama chopped off the hands of a ***kabandh***". The dictionary meaning of ***kabandh*** is "a headless trunk which retains life". In the olden times, during a close combat and hand to hand fight, when swords were used, often a head would be hacked off. Because of the din and frenzy of the battle, the headless trunk would fight the enemy. In my book COSCON, I have discussed this phenomenon in detail. The functions of the brain and head are taken over by the solar plexus, ***Manipur Chakra,*** and a vicarious brain is established there. So strong is the power of a firm resolve, ***sankalp a*** *Sit down* quietly and examine all facts, pros and cons, of the problem. Then ignore the negative advice and opinions of the family and friends and forge ahead on the road to attain your objective. For success in any endeavour, there are laws; laws of success. There are seven such laws. **If you fulfil the condition of six laws, the seventh law, help of God, is always there.**

Parul, my letters tend to be long. But as yet, I do not have the energy to talk for long and give you lectures. And then, once you go to Godhara, this correspondence will be suspended for the time being.

Oh. yes, Beti, do grasp the mantra "Where is the ***Attock***?" Now, very briefly, I will explain the seven laws of success. They are :

| | | |
|---|---|---|
| (1) | Selection of the right goal | 14% |
| (2) | Preparation and education | 14% |
| (3) | Good health | 14% |
| (4) | Drive and initiative | 14% |
| (5) | Resourcefulness | 14% |
| (6) | Perseverance | 14% |
| (7) | Help of God | 16% |

The total is 14 x 6 = 84 + 16 = 100%

Sure Success !

Just as a cobra coming out of its hole scans the surroundings, so also you should scan the areas of scope. There are numerous areas of activities. From the lot,

you select a field of activity. Suppose you want to be a doctor, select the field of speciality. Do you want to acquire a super speciality ? Do you want to be a teacher ? At what level ? B.A. ? B.Ed. ? M.A. ? M.Phil. ? Ph. D. ? D. Litt. ? This is the first law. **Select the right goal.**

Then we have **preparation and education.** Do you want to go for mountaineering ? Collect all the necessary equipment, knowledge, etc.

Then comes **good helth.** Plan for a healthy body. Tell you what. Do thirty ***suryanamaskaras*** morning and evening. Follow it up by about forty ***pranayamas;*** both cyclic and by holding the breath. The ratio should be 1:4:2:1. Here I have in mind a unit of six seconds, which makes each ***pranayama*** of 48 seconds 6:24:12:6. Inhale for six seconds, hold the breath in for twenty-four seconds, exhale for twelve seconds and hold. the breath out for six seconds. For twelve seconds and immediately exhale gently without jerks for twelve seconds. You must learn ***pranayamas*** from an expert and start with small doses. ***Pranayamas*** should be practised twice daily. Then there is slow breathing. It is not deep but long. With practice you can inhale for thirty seconds and exhale for thirty seconds. It should be steady, continuous without jerks.

The next law for success is **drive and initiative** Grab the moment, exploit the opportunity. Do not sit around for things to happen.

Then comes **resourcefulness.** Do think of the Sanskrit stanzas about the sun's chariot having only one wheel. Don't be held up or get stuck for want of an implement. Learn to improvise. In the Army we are taught a lot about improvisation.

The next law is **perseverence.** If you fail at the first attempt do not quit; keep at it again and again; persist until you succeed.

Once you fulfil the conditions of these six laws, **help of God** is guaranteed. All the forces of nature form up behind you in a solid phalanx.

Parul, dear girl, I must jam the parking brakes to my pen.

Bear in mind always that for a person to live a meaningful life, there is no time to waste at street corners and squares. Everywhere you will find-the-good-for-nothing Toms, Dicks and Harrys sitting around gossiping. Do understand that in life the most precious wealth and resource is **time.** Do not give your time to these loafers. All of them don masks. May Baba grant all your wishes for success.

We shall discuss the seven laws of success in detail later.

**Love**
**DADU**

(–contd.)

# સમજો અને અનુભવો

....✍ શ્રી રજનીકાન્ત મ. ભટ્ટ

જે દેખાય છે એના કરતાં જે નથી દેખાતું તેનું મહત્ત્વ વધારે છે. જે દેખાય છે એને જ આપણે સત્ય માનીને આપણે સમાપ્ત થઈ જ જઈએ. ક્યાંક એવું ન બની જાય કે જે દેખાય છે એને જ સર્વસ્વ માનીને આપણે રોકાઈ જઈએ. જે નથી દેખાતું તે પણ છે. નથી દેખાતું એનો અર્થ એટલો જ છે કે સામાન્ય આંખોથી સામાન્ય જ્ઞાનથી નથી દેખાતું પરંતુ ગુરૂદેવે આપેલ જ્ઞાનનો આપણે અનુભવ કરીએ, વિવેક દૃષ્ટી પેદા કરીએ તો જે નથી દેખાતું તે દેખાવું શરૂ થઈ જશે, એ દેખાતું શરૂ થઈ જશે તો જ આત્મા જે લોકો ધ્યાનમાં ઊંડાણમાં જાય છે એમને જ એક અર્થમાં આત્મા દેખાતો થઈ જાય છે.

વૃક્ષો દેખાય છે, મૂળ દેખાતા નથી. મૂળ ધરતીની અંદર છૂપાયેલા છે. આ કારણે મૂળ દેખાતા નથી એટલે એ મૂળનું મહત્ત્વ ઓછું થઈ જતું નથી, કારણ જે વૃક્ષો દેખાય છે તેનો આધાર એ મૂળ છે. જે વૃક્ષોની કાળજી રાખશે અને મૂળની ચિંતા નહિ કરે તો તે વૃક્ષ સુકાઈ જશે. તેના વૃક્ષ પર ન તો પાંદડા આવશે કે ન તો ફૂલ આવશે, અને ફળ પણ નહિ આવે. કારણ મૂળ એ વૃક્ષોનો આત્મા છે જે દેખાતો નથી.

એવી જ રીતે માનવીના શરીર જે બહારથી દેખાય છે તે ખાલ છે જે નથી દેખાતો તે આત્મા છે એટલા માટે જે નથી દેખાતું તેનું મહત્ત્વ વધી જાય છે અને એની શોધ કરવાનું શરૂ કરવું પડે છે.

જેવી રીતે વૃક્ષોના મૂળ દેખાતા નથી પરંતુ આજુબાજુ ખાડો ખોદવામાં આવે તો મૂળ દેખાવા શરૂ થઈ જાય છે તે પ્રમાણે આત્મા દેખાતો નથી તે શરીરની અંદર રહેલો છે જે માનવી શરીરની અંદર ધ્યાનરૂપી ખાડો ખોદવાનું શરૂ કરશે અને આત્મા દેખાતો શરૂ થઈ જશે.

ધ્યાનરૂપી ખાડો ખોદવાનું શરૂ કરો ત્યારે આ દૃષ્ટાંતને સમજી લઈ પછી નક્કી કરો કે ધ્યાન કેવું હોવું જોઈએ.

બુદ્ધ ધ્યાનસ્થ બેઠા હતા. પહાડ ઉપરથી એક શીલાખંડ ગબડતો આવી રહ્યો હતો એ બુદ્ધ ઉપર પડે એ પહેલાં જ એ એક બીજી શીલા સાથે અથડાયો. ભયંકર અવાજ થયો તેની સાથે જ એ ગબડતી શીલાના બે ભાગ થઈ ગયા અને એ બન્નેએ એમનો માર્ગ બદલી નાખ્યો ધ્યાનસ્થ બુદ્ધની બન્ને બાજુથી એ બન્ને ભાગ પસાર થઈ ગયા. બુદ્ધ બચી ગયા.

આવું ધ્યાન અને એ ધ્યાન સાચું ધ્યાન ધરવાનું જ્ઞાન ગુરૂદેવ પાસેથી પ્રાપ્ત કરો અને ગુરૂની આજ્ઞાનું પાલન કરો તો ખાડો ખોદવાનું સાચું ફળ તમે પ્રાપ્ત કરી શકો અને તે સાચા ધ્યાનમાં ન દેખાતું બધું જ જોઈ શકાશે.

★★★

# સમજ...

....✍ શ્રી મયંક શુકલ

***"સમજ ને સમજીએ તો જીંદગી ઘણી સહેલી છે. જો ના સમજાઈ સમજ, તો જીંદગી પણ એક પહેલી છે".***

પ્રો. શ્રી કાંતિભાઈ ઠાકરે એક વખત સત્સંગમાં ખુબ સુંદર વાત કરી હતી. આપણે બહાર નીકળીએ અને રિક્ષામાં જઈએ. રીક્ષાવાળો કહે પાંચરૂપિયા અને પચ્ચીસ પૈસા થયા આપણે કહીશું પચ્ચીસ પૈસા છૂટા નથી લો પાંચ લઈ લો. પણ આવું શું કરવા ? આપણે પહેરેલાં વસ્ત્રોમાં સુંદર મજાના મોટા ખિસ્સા છે, તો તેમા થોડુંક પરચુરણ રાખીએ. પણ આ એક ગ્રંથિ (વૃત્તિ) થઈ ગઈ છે માનવીની, જે સારા સમજના ઘડતર માટે યોગ્ય નથી.

મારા એક વડીલ છે શ્રી દવે સાહેબ. શરૂઆતમાં અમારી બન્નેની પ્રકૃતિ અને પ્રવૃત્તિમાં તદ્દન વિરોધાભાસ હોવાથી તેમને મારા ધાર્મિક હોવાના કારણે અને ધર્મ પ્રત્યે લગાવ હોવાના કારણે અણગમો રહેતો. પરંતુ જેમ જેમ તેમની સાથે પ્રસંગોપાત વિચારોની આપ-લે થતી ગઈ તો મારે તેમને કહેવું પડ્યું કે તમારે કોઈ મંદિરે જવાની જરૂર નથી. કારણ કે જે ધર્મને જાણીને જાણવાનું છે તે તો તેમનામાં પહેલેથી જ છે. માનવતા-લાગણી-નિખાલસતા વગેરે. અને એક જ લીટીમાં તેમણે મને જણાવ્યું કે "સુખી થવું હોય તો "Expectation" બહુ ન રાખો. પરંતુ હવે ધીમે ધીમે તેમની પણ ધર્મ પ્રત્યેની લાગણીનાં અંકુર ફૂટવા લાગ્યા છે. કોઈપણ વસ્તુ કરતા તે વસ્તુની રજૂઆત ખૂબ જ અગત્યની હોય છે. અને આ જ કારણ છે અમારી ચર્ચા-વિચારણાઓથી તેમની ધર્મ તરફ લાગણીના ઢોળાવની.

આપણામાં એક કહેવત છે, "જેવું વાવો તેવું લણો" અને આવી જ રશિયન રમત છે 'બૂમરેંગ' જેમાં જે રીતે તમે ડીસ ફેંકો છો તે જ રીતે તે ડીસ પરત આવે છે. આવું જ કાંઈક જીવન વિશે પણ કહી શકાય. તમે જીવનને કેવી રીતે જીવો છો તે રીતે જીવન તમારી અને સમાજ સામે આવે છે. ઘણાં કહે છે મેં તો આમ કર્યુ તો ય આમ ના થયું. અહી કાં તો કર્મનો નિયમ કામ કરી જાય છે અથવા તો ઉપર મુજબ તે કાર્ય કરવામાં આપના સંકલ્પમાં કમી રહેલી હોય છે. ફક્ત તે કાર્ય એક ક્રિયા થઈ ને રહેલું હોય છે.

વાતને થોડોક વળાંક આપીને જોઈએ તો "વર્ષોથી **આ દેશમાં સારુ જીવન જીવવા માટે અનેક ઋષિ મુનિઓ, ધર્મગુરુઓ, ફિલસૂફોએ રસથાળ પિરસેલો છે. કમી છે આપણે તેને યોગ્ય રીતે સમજવાની !"** ધર્મમાં કરવામાં આવતી દરેક ક્રિયા, કર્મ, કે વિધિ પાછળ યોગ્ય કારણ હોય છે. તે તે વખતની પરિસ્થિતિ પ્રમાણે કોઈ ચોક્કસ ઉપયોગી વસ્તુ હોય છે. એક ઉદાહરણ લઈએ તો મંદિરમાં ઘંટનાદ કરવામાં આવે છે. ભક્ત સમજે છે કે ભગવાન ને જગાડવા માટે આ છે. **અરે ભગવાન તો જાગેલા જ છે. જગાડવો હોય તો તારા અંદરના રામને જગાડ!** ખરેખર ઘંટનાદથી જે અવાજના Vibration (સ્પંદનો) ઉત્પન્ન થાય છે તે ત્યાં રહેલાં જંતુઓના મગજમાં વાગે છે અને જંતુઓ ત્યાંથી જતા રહે છે. આ એક તથા કથિત વાત છે.

અને અંતમાં જોઈએ તો **જીવનને દરેક રીતે વહેતું રાખવામાં જ સાચી સમજ છે.** દા.ત. પાણી તો નદી અને તળાવ બંનેમાં હોય છે પરંતુ નદીનું પાણી વહેતુ હોય છે અને તેમાં પથ્થર નાખીશું તો કશું નહિ થાય. પરંતુ તળાવમાં જો નાની કાંકરી પણ નાખીશું તો તેમાં વમળો થશે. આમ બંધિયાર જીવનમાં પણ કુંડાળા થાય છે અને **ભક્તિને પણ તે રીતે નદીની જેમ વહેતી રાખવી જોઈએ. તો જ તે પ્રભુરૂપી સાગરને મળશે.**

તો ચાલો, આજથી ગુરૂજીના આશીર્વાદ લઈ ભક્તિરૂપી નદી (જીવન) ને વહેતું કરી સાગરરૂપી પ્રભુજીમાં સમાઈ જવાનો પ્રયાસ કરીએ.

**વિશેષમ્ :** "સાચો કલાકાર એ છે જે બીજાને નુકશાન કર્યા વગર સારું પાત્ર ભજવી જાય".

**"જમાનો ઝડપનો છે માટે તું દોડે છે તે સાચું**
**પરંતુ તું જેની પાછળ દોડે છે તેનો કોઈ અંત નથી**
**તેની તને ખબર છે ?"**

★★★




## ગુરુભક્ત- એકલવ્ય ( ક્રમાંક- ૨ )

....✍ - શ્રી રમેશભાઈ ખમાર

ગુરુદેવના પ્રત્યક્ષ દર્શન થતાં તેમના ચરણોમાં દંડવત્ પ્રણામ કર્યાં. રોમાંચ અનુભવતો ભીલકુમાર કહે

***"અહો! અહો! શ્રીસદ્ગુરુ, કરુણાસિંધુ અપાર,***
***આ પામર પર પ્રભુ કર્યો, અહો! અહો! ઉપકાર".***

હે ગુરુદેવ! આપની કરુણા અપાર છે. આપે આ પામર બાળક ઉપર ઘણો જ ઉપકાર કર્યો છે. આપ અહીં પધાર્યા તે આપની અનંત કૃપા જ છે. પોતાની ઓળખાણ આપતાં ભીલકુમાર કહે છે : "હું હિરણ્યધનુનો પુત્ર એકલવ્ય છું. અહીં આપની મૂર્તિ સમક્ષ બેસી આપની પ્રેરણા દ્વારા વિદ્યાભ્યાસ કરું છું. આ શિષ્ય ઉપર આપે ઘણી જ કૃપા કરી." એકલવ્યની વાત દ્રોણાચાર્ય સાંભળી રહ્યા છે અને થોડા જ સમય પહેલાં અર્જુને કરેલી વાત વિચારી રહ્યા છે કે અર્જુન બધા શિષ્યો કરતાં આગળ રહેશે, એ વાત કેવી રીતે સત્ય થશે!

***"કપટી કો મધુરાં વચન, જ્યોં મેં બહુત વિકાર;***
***મધુરા બોલે મોર જ્યું, કરે અહીં કા આહાર".***

કહેવાય છે કે જેના મનમાં કપટ અને કુટિલતા હોય છે તે બહારથી (જાહેરમાં) મીઠું મીઠું મધુરું (મનને ગમે તેવું) વચન બોલે છે. આવા લોકોના મનમાં બહુ વિકાર-વિકૃતતા અને કપટીપણું હોય છે. મોર બહારથી કેવો સુંદર લાગે છે. તેની બોલી 'ટહુકો' પણ કેવો કર્ણપ્રિય હોય છે. પરંતુ જરાક ઊંડાણથી જોઈએ તો તેનો આહાર કેવો હોય છે- તે સર્પનો આહાર કરે છે. સર્પને પકડીને ખાઈ જાય છે. કેવું વિચિત્ર. દ્રોણાચાર્ય કહે : "અરે એકલવ્ય તું તારી જાતને મારા શિષ્ય તરીકે ઓળખાવે છે તો તારે ગુરુદક્ષિણા આપવી પડે ને ? મફતમાં વિદ્યા શીખીએ તો દ્રોહ કર્યો કહેવાય. પાપ લાગે. માટે મને ગુરુદક્ષિણા આપ." ઘણા જ ભક્તિભાવે, નમ્રતાથી અને હાથ જોડતાં એકલવ્ય કહે -

***"શું પ્રભુ ચરણ કને ધરું, આત્માથી સૌ હીન;***
***તે તો પ્રભુએ આપિયો, વર્તું ચરણાધિન".***

હે ગુરૂદેવ! આજ્ઞા કરો. એવી કોઈ વસ્તુ નથી કે જે આપને અર્પણ ન કરી શકાય. દ્રોણાચાર્યે આજ્ઞા કરી : "તારા જમણા હાથનો અંગૂઠો મને કાપી આપ."

તુરત જ જરા પણ સંકોચ વગર એકલવ્યે પોતાની કેડે બાંધેલી કટાર બહાર કાઢી પળવારમાં (તુરત જ ) જમણા હાથનો અંગૂઠો કાપી ગુરુદેવને અર્પણ કરતાં બોલ્યો : "ગુરુદેવ, આપની દક્ષિણાનો સ્વીકાર કરો." એકલવ્યનો અંગૂઠો માગી લેવાથી અર્જુનને ગુરુદેવ પ્રત્યે અહોભાવ વધ્યો અને પોતાની બરોબરી હવે કોઈ નહીં કરી શકે તેવો સંતોષ મેળવ્યો. હવે એકલવ્ય અંગૂઠા વગર આંગળીઓના ઉપયોગથી બાણ ચલાવવાનો વધારે અભ્યાસ કરવા લાગ્યો. ગુરુભક્તિને લીધે એકલવ્ય બાણવિદ્યામાં પારંગત થઈ ગયો.

***"શુભ કરે ફળ ભોગવે, દેવાદિ ગતિમાંય;***
***અશુભ કરે નરકાદિ ફળ, કર્મ રહિત ન ક્યાંય".***

એકલવ્યે શુભ આશયથી ગુરુદેવને સમર્પણ કર્યું તેથી તેને આજે પણ સૌ માન અને આદરથી જુએ છે. જ્યારે કપટથી અને કુટિલતાથી દ્રોણાચાર્યે એકલવ્ય પ્રત્યે જે કર્મ કર્યું તેનું ફળ સારું તો ન જ હોય. આપણે જાણીએ છીએ કે તેના કર્મનું ફળ ભોગવવું પડ્યું. મહાભારતના યુધ્ધમાં "અશ્વત્થામા હતઃ" એવું જાહેર થતાં દ્રોણાચાર્યને લાગ્યું કે તેનો પુત્ર મરાયો કે શું ? તેથી

યોગબળ વડે યમરાજ પાસે ગયા કે અશ્વત્થામા કોણ ? તેનો પુત્ર કે અન્ય કોઈ! અને આ તકનો લાભ લઈ દ્રોણાચાર્યને મરેલા જાહેર કરી તેનો અગ્નિસંસ્કાર કરી દેવામાં આવ્યો, જેથી તેમનો પ્રાણ પોતાના મૂળદેહમાં આવી ફરી જીવનધારણ કરી પાંડવો સામે દારુણ યુધ્ધ ન કરે.

વિદ્યા પ્રાપ્ત કરવી તે દરેક વર્ણને માટે સમાન અધિકારની વાત છે. **બ્રહ્મવિદ્યા માટે બ્રહ્મત્વને ધારણ કરવું પડે.** ક્ષાત્ર વિદ્યા એટલે અસ્ત્રવિદ્યા માટે ક્ષત્રિયત્વને ધારણ કરવું પડે. દ્રોણાચાર્ય રાજકુમારો સાથે એકલવ્યને શિક્ષણ આપવું યોગ્ય ન માન્યું કારણ કે તે જમાનામાં રાજકુળ અને સમાજના અન્ય વર્ગો વચ્ચે સામાજિક ભેદ રખાતો. આ બાબતને એક મોટી સામાજિક ભૂલ તરીકે મૂલવવી જોઈએ. કર્ણને પણ સૂત પુત્ર કહીને અપમાનિત કરવામાં આવ્યો હતો. એકલવ્યનો અંગૂઠો જો દ્રોણાચાર્ય દ્વારા માગી લેવામાં ન આવ્યો હોત તો તે અર્જુન અને કર્ણ કરતાં પણ આગળ નીકળી જાત અને એક નવોજ ઈતિહાસ સર્જાયો હોત. (સંપૂર્ણ)

★ ★ ★

**: સાધના :**

મહર્ષિ પતંજલિએ ચિત્તવૃત્તિ નિરોધને યોગ કહ્યો છે અને ચિત્તવૃત્તિ નિરોધ થયે આત્મા સ્વસ્વરૂપમાં સ્થિત થાય છે એમ કહ્યું. આત્માની આવી નિરોધ સ્થિતિમાં આત્માની સર્વ વિભૂતિઓ નિઃસ્પંદ થાય છે. તમામ વૃત્તિસંસ્કારથી મુક્તિ એ આત્માનો મોક્ષ. આ મોક્ષ સ્થિતિ પામ્યા પછી આત્માનું સચ્ચિદાનંદ જીવન શરૂ થાય એટલે સચ્ચિદાનંદ અસ્તિત્વમાં પ્રવેશવાનો પ્રયાસ એ સાધના છે.

**- અમૃતની આરાધનામાંથી સાભાર**




## પૂજ્યશ્રી દેવીબાની પૂર્વ જીવનગાથા

**...✍ - શ્રી મણિભાઈ આ.નાયક**

પૂણ્યશાળી ભૂમિ દેશ ભારતની, ગુજરાતના પાટનગર તણી;
પ્રગટી એક જ્યોત પ્રકાશ તણી, ઝળકાવી ભૂમિ દેશ-વિદેશની.
ભાઈશંકર નામ પિતાનું હતું, કમળાદેવી માતનું નામ હતું.
એવા પાવનકારી ગૃહે જન્મ્યાં, જેનું જન્મનું નામ જશુબા હતું.
ઓગણીસો છયાસી સંવત હતી, માસ માગશરની સુદ બીજ હતી,
પ્રગટ્યાં પૂર્વ યોગના કારણીએ, જેને માત ત્રિપુરાની પ્રિત હતી.
બા બાળ વયે મા વિહોણાં થયાં, કમળાદેવી સ્વર્ગ વિષે સંચર્યાં.
ફુઆ-ફોઈ ગૃહે કડી શહેર મહીં, બાના બાળપણાનો આરંભ થયો.
કાળીદાસ ફુઆ, ડાહીબા ફોઈએ, સાચા માતપિતા સમ લાડ કીધાં
સદાચારી હતાં. વ્રતધારી હતાં, બાને ભક્તિ તણાં સંસ્કાર દીધા.
ગુજરાતીના ધોરણ છ ભણીને, શિવશક્તિની ભક્તિના પાઠ ભણ્યાં.
પૂર્વની બૂઝથી આગવી સૂઝથી, દિવ્ય જીવન કેરાં સોપાન ચઢ્યાં
વય સત્તરની શરૂઆત મહીં, પગલાં પ્રભુતા મહીં બાએ ભર્યાં.
સુરેન્દ્રકુમાર ત્રિવેદી ગૃહે, ગૃહસ્થાશ્રમનાં મંડાણ કર્યાં.
સસરા રામશંકર દેવ સમા, જનેતા સમાં મેનાંબા સાસુ હતાં.
નટુભાઈ અને જગદીશ નામે, જેઠ, દિયરના સંગાથ હતા.
કડી શહેરની ઊંડી ફળી પોળમાં, કંઈ વરસ લગી બા એ નિવાસ કીધો.
આફ્રિકા અને ઈંગ્લેન્ડની ભૂમિએ બાને ભાવભીનો આવકાર દીધો.
ગૃહસ્થાશ્રમની શુભ સ્મૃતિ રૂપે, સંતાનો તેજસ્વી ત્રણ થયાં.
પુત્ર એક કિરીટનું નામ હતું, પુત્રી ઉર્વશી ને નીતા નામ પડ્યાં.
વર્ષ ત્રીસની પૂર્ણ યુવાન વયે, જેણે સંયમના શણગાર સજ્યા.
પતિદેવની સંમતિ સાથ લઈ સંસારી જીવનના સ્વાંગ તજ્યા
સંચર્યા જ્યારે સાણંદ શહેર વિશે, માસાજી વાસુદેવનો સાથ હતો.
ગુરુપૂર્ણિમાનો શુભ દિવસને, ગુરૂદેવનો પહેલો મેળાપ હતો.
બે હજાર અઢાર સંવત મહીં, જશુબા મટી શ્રીદેવી નામ ધર્યાં.
લલિતામ્બાની લાડકી દીકરીએ, ગુરુદેવથી દિક્ષાનો જ્ઞાન ગ્રહ્યાં.

જેણે ઊંઘ ત્યજી, જેણે ભૂખ ત્યજી, શુભ મંત્રો તણા અનુષ્ઠાન કર્યા.
ત્રિપુરામાની પ્રીતિના કારણીએ, પાત્રાસાદન પૂજન ખૂબ કર્યાં.
યાત્રાઓ ઘણાં તીરથોની કરી, ગંગાના જળમાં બેસી ધ્યાન ધર્યાં.
માતા નર્મદા નદીના તીરે વસી વરસો ત્રણ મંત્રોના જાપ કર્યાં.
વર્ષ સોળ સુધી તપ આદરીને, મા ત્રિપુરાની પ્રીતિનાં પાત્ર બન્યાં.
ત્યારે સદ્‌ગુરુએ સઘળું સમજી, બાને પૂર્ણાભિષેકને યોગ્ય ગણ્યાં.
બે હજાર ને ચોત્રીસ સંવતમાં, મહાયાગ તણાં શુભ આરંભથી
બાને પૂર્ણાભિષેકથી પૂર્ણ કરી, નવાજ્યાં **કુલસુંદરી** નામ થકી
બાપુજી પણ બાનો સંગાથ કરી, ડગલે ડગલે બાની સાથે રહ્યા.
અવતારી હતા અવતાર ધરી, અસલી રૂપ પોતાનું પામી ગયા.
બે હજારને ચાલીસ સંવતમાં, બાપુજી પણ પૂર્ણાભિષેક થયા.
સંસારી સુરેન્દ્રનું નામ ત્યજી, પોતે **'આનંદનાથ'**ના નામી થયા.
અલ્પબુદ્ધિ છતાં શુદ્ધ ભાવથકી, લખાયું જેવું તેવું ઉચિત જ છે
ત્યારપછીનું બાને બાપુજીનું જીવન દેશ-વિદેશે પ્રકાશિત છે.
હજારો જીવ દેશ-વિદેશ મહીં જેના નામના મંત્રની માળા કરે
એવાં શ્રીદેવીબા-શિવ ગુરુજી પિતા બાળ આપનાં કોટિ પ્રણામ કરે
જેને ક્રોધ નથી કશો લોભ નથી, મુખે પ્રસન્નતાના ફુવારા ઝરે.
એવા શ્રીદેવીબા - શિવ ગુરુજી પિતા, બાળ આપનાં કોટિ પ્રણામ કરે.
શ્રી વિદ્યાના જ્ઞાન વિકાસવાને, જેણે જન્મ ધર્યો પૃથવી ઉપરે
એવાં શ્રીદેવીબા- શિવગુરુજી પિતા બાળ આપનાં કોટિ પ્રણામ કરે
જેના દર્શનથી દુઃખ દૂર ટળે, દાઝેલાં હૈયા હિમ સમાં ઠરે,
એવાં શ્રીદેવીબા-શિવગુરુજી પિતા,બાળ આપનાં કોટિ પ્રણામ કરે.

★ ★ ★

## ભજને ભીંજનારી... ('માઈ કલાપી')

....✍ પ્રસ્તુતિ - કુ.કનીનિકા જાની

કેમ ભૂલું 'મા'! ક્યાંથી ભૂલું 'મા'! અનહદ ઉપકારી,
જીવન ક્યારી તેં જ ઉજાળી, વરસાવી વારિ... કેમ.
કાલી ઘેલી અરજી મારી, 'મા'! તેં સ્વીકારી,
મંદિરમાં તું પ્રેમે બિરાજી, પૂર્ણ પ્રભા તારી... કેમ.
પ્રીતિ, પ્રતીતિ આપે જાતી, અતિ આનંદકારી,
પળપળની 'મા'! રક્ષા તારી, અતિ પાવનકારી... કેમ.
ભાવસમાં તું દર્શન દેતી, અતિ મંગલકારી,
સાચવતી, જાળવતી અમને, અતિ કૃપા તારી... કેમ.
ભજને ભજને ભીંજી રીઝી, અમૃત સિંચનારી,
'માઈકલાપી' ખમ્મા માડી! ભજને ભીંજનારી... કેમ.

★ ★ ★

## ઉમીયા માતાજીનો ગરબો
## (રાગ : વગોવ્યાં ઘરનાં ખોરડાં રે લોલ)

....✍ : **'બહુચરબાળ'-બાબુ**

ઊંઝા નગર ગુજરાતમાં રે લોલ
આવો સૌ ઉમીયા માને દ્વાર જો...આવી પુનમ વૈશાખની રે લોલ.

હાલો સવારી ફરશે માની ગામમાં રે લોલ
માને વધાવે લીલા લ્હેરજો. આવી પુનમ વૈશાખની રે લોલ.

છડી ચામર માને ઢોળતાં રે લોલ
વાગે શરણાઈઓના સુર જો ... આવી પુનમ વૈશાખની રે લોલ.

મા.નં દિવાહન પર શોભતાં રે લોલ
સાથે સિંઘવાઈને ખોડીયાર જો ... આવી પુનમ વૈશાખની રે લોલ.

પગપાળા સંઘ આવે માતનો રે લોલ
લાવે ને જાને નિશાન જો... આવી પુનમ વૈશાખની રે લોલ.

મા, ખોડીયારે અન્નકુટ મોકલ્યા રે લોલ.
લાવ્યા કુળદેવીના બાળજો... આવી પુનમ વૈશાખની રે લોલ.

પુજન કરીશું માનાં પ્રેમથી રે લોલ
આરતીમાં ઉડે-ગુલાલ જો ... આવી પુનમ વૈશાખની રે લોલ.

ફુલ ગુલાબ ગૂંથી લાવશું રે લોલ
માને ચુંદડી ચઢ્યાનો શણગારજો... આવી પુનમ વૈશાખની રે લોલ.

અન્નકુટ પુરાશે માના ચોકમાં રે લોલ
એકસોહ એકાવન પકવાન જો... આવી પુનમ વૈશાખની રે લોલ.

ભાત કઢીને છુટી દાળ છે રે લોલ.
લાડુના ભર્યા એવા થાળ જો ... આવી પુનમ વૈશાખની રે લોલ.

શાક કઠોર માને ભાવતાં રે લોલ
ખીર પુરીને રસ દાળ જો... આવી પુનમ વૈશાખની રે લોલ.

જમજો ઉમીયામા તમે પ્રેમથી રે લોલ.
નોતરે કડીના તારા બાળ જો... આવી પુનમ વૈશાખની રે લોલ.

જળ મુક્યાં છે માને તીર્થનાં રે લોલ
પાનથી થશે મુખ લાલ જો ... આવી પુનમ વૈશાખની રે લોલ.

અન્નકુટ ભરાશે પુનમના રે લોલ
જમશે ઉમીયામાનો પરિવાર જો ... આવી પુનમ વૈશાખની રે લોલ.

ધજાઓ ચઢશે માના શીખરે રે લોલ
ગુણલા ગાશે નરનાર જો... આવી પુનમ વૈશાખની રે લોલ.
સર્વે બાળ માને વિનવે રે લોલ
મા તારી દયાનો નથી પાર જો ... આવી પુનમ વૈશાખની રે લોલ.
બે હજાર એકાવનની સાલ છે રે લોલ
મા ફરી તેડાવો તારે દ્વાર જો... આવી પુનમ વૈશાખની રે લોલ.
બાબુ આવ્યો છે, તારા ધામમાં રે લોલ
ગાવા બેસી ગયો છે ગમાર જો ... આવી પુનમ વૈશાખમાં રે લોલ.

★★

## રુકમામ્બાસ્તવન

....✍ : શ્રી હરિલાલ કે. ભારદીયા

માતૃમંદિરમાં માતા રુકમા વસે!
માઈભક્તોના હૈયે રુકમાં હસે!... (ટેક.)
શાંત, નિર્મળ ને નિશ્ચળ માજી હતાં,
માત અનસૂયાના સતીત્વથી એ ભર્યા;
એની કૂખે જન્મ્યા પાંડુરંગ જી. માતૃમંદિરમાં. ॥ ૧ ॥
સ્નેહનિર્ઝર ને પૂર્ણપતિવ્રતા હતાં,
માએ આતિથ્યભાવથી હૈયાં ઠાર્યાં;
તમે ચૂકશો ના માનો સત્સંગ જી. માતૃમંદિરમાં. ॥ ૨ ॥
માજી આઠે પહોર પ્રભુસેવા કરતાં,
માજીએ સમદષ્ટિથી જીવો ઉગાર્યા;
અનેરો છે માજીનો ઉમંગ જી. માતૃમંદિરમાં. ॥ ૩ ॥
વિશ્વમાતા બનવાની માજીની ક્ષમતા,
સિંહપુત્રોની માતા કદી ના વિફર્યાં;
એણે જીત્યો'તો જીંદગીનો જંગ જી. માતૃમંદિરમાં. ॥ ૪ ॥
જ્ઞાન, ભક્તિ ને કર્મની ત્રિવેણી હતાં,
ઝૂરીઝૂરીને માતા કદી ના હાર્યાં;
નિત્યસેવામાં રુકમા અભંગ જી. માતૃમંદિરમાં. ॥ ૫ ॥
પિતાતુલ્ય શિરછત્ર મા બનતાં હતાં,
માજીએ રેતીમાં વહાણો હંકાર્યાં;
કોઈ કરશો ના માજીનો વ્યંગ જી. માતૃમંદિરમાં. ॥ ૬ ॥
માજી પરસેવાથી પર-સેવા કરતાં,
માતૃસેવાનાં ફૂલડાં કેવાં ફોર્યાં!
સતીને સ્પર્શે શીદને અનંગ જી ? માતૃમંદિરમાં. ॥ ૭ ॥
અન્નદાનેશ્વરી માજી મહિમાવંતાં,
શિવવત્સલ માએ કીડીયારાં પૂર્યાં;
માતૃદર્શનથી દુનિયા થઈ દંગ જી. માતૃમંદિરમાં. ॥ ૮ ॥
સાર ગ્રાહીજીવન જીવનારાં હતાં,
ડામ વેઠીને ચિત્કાર હૈયે ધર્યા;
માએ બિછાવ્યો ના કદી પલંગ જી. માતૃમંદિરમાં. ॥ ૯ ॥
પુત્રના મૃત્યુથી મા ઘવાયાં હતાં,
મહામૃત્યુંજય પાસે ખોળા પાથર્યા;
માજી તો જાણે હિમાલયશૃંગ જી. માતૃમંદિરમાં. ॥ ૧૦ ॥
હૂંફ, આશ્રય ને પ્રેમદાન માજી દેતાં,
એણે હૈયે વિયોગના અગ્નિ ભાર્યા;
માતૃજીવનપાથેય રાખો સંગ જી. માતૃમંદિરમાં. ॥ ૧૧ ॥
માજી ભક્તો કાજે કષ્ટ વેઠી લેતાં,
જીંદગીના શ્વાસો આવકારે ભર્યા;
નથી થાતાં કે કરતાં એ તંગ જી. માતૃમંદિરમાં. ॥ ૧૨ ॥
માતૃઆશિષ લેવા બાળકો ખેંચાતાં,
દૂરદૂરથી આવે છે વણનો તર્યા;
માજી સત્કારે ઢોર ને વિહંગ જી. માતૃમંદિરમાં. ॥ ૧૩ ॥
માતૃશરણાગત બાળકો હસતાં-રોતાં,
દુર્જનોને માએ સત્યમાર્ગે દોર્યા;
જાણે છે મા દુખતી સૌની રગ જી. માતૃમંદિરમાં. ॥ ૧૪ ॥
કરી વંદન સૌ માતૃધૂળ માથે લેતા,
માઈભક્તોએ માતૃમંડપ શણગાર્યા;
માતૃભક્તિ તડકો છે, નથી આગ જી. માતૃમંદિરમાં. ॥ ૧૫ ॥
નીરક્ષીર વિવેકદષ્ટિથી મા જોતાં,
મા રુકમામ્બા શક્તિપાતથી અવતર્યાં;
એની નવધાભક્તિમાં નથી ઢોંગ જી. માતૃમંદિરમાં. ॥ ૧૬ ॥
માતૃમંદિરના શણગારોમાં દિવ્યતા,
માતૃમંદિરમાં તેજપુંજ કેવા ભર્યા!
અહીં આવી જાણે નાહ્યા ગંગ જી. માતૃમંદિરમાં. ॥ ૧૭ ॥
પ્રેમલક્ષણાભક્તિયુક્ત માજી હતાં,
બ્રહ્મવિદ્યાસંધાન એમણે વિસ્તાર્યાં;
માતૃમંદિર સોપાનભક્તિયોગ જી. માતૃમંદિરમાં. ॥ ૧૮ ॥

★★

## સંસ્થા સમાચાર ...

....✍ - ડૉ.અશોક પી.નાયક

**પ.પૂ.શ્રીદેવીબાનો જન્મ મહોત્સવ :**

આતુર સાધકને સચોટ પંથ ચિંધનારા એવા પરમકૃપાળુ કલ્યાણકારી સદ્‌ગુરુ પૂ.શ્રીદેવીબાના આ જન્મદિન નિમિત્તે શ્રી રાજરાજેશ્વરી પરામ્બાનું એક લાખ દીવાથી લલિતા સહસ્ર નામ સાથે પૂજન સંપન્ન થયું. પૂ.શ્રી દેવીબાએ અંતરાત્માની અસંખ્ય જ્યોત ને ભક્તિ માર્ગે પ્રજ્વલિત કરી છે.

★ માગશર સુદ પૂર્ણિમાના રોજ શ્રીમહાત્રિપુર સુંદરી પૂજન સંપન્ન થયું.

★ ભૂતપૂર્વ શંકરાચાર્ય પૂ.શ્રી સત્યમિત્રાનંદએ શ્રીરાજરાજેશ્વરી પીઠમ્‌ના દર્શને પધાર્યા શ્રી લલિતામ્બાના આ સુંદર સ્થાન તથા પધ્ધતિસરના રીતે થતાં પ્રત્યેક કાર્યથી પ્રસન્ન થયા. તેમણે ભક્તવૃંદને શ્રી રાજરાજેશ્વરીની ઉપાસના બાબતે માર્ગદર્શન રૂપ સંબોધન કર્યું અને સત્સંગ કર્યો.

★ પ્રખર વકતા શ્રી નારસિંહદાસજી (નારગઠ-દાતાવાળા) શ્રી રાજરાજેશ્વરી પીઠમ્‌ના દર્શનાર્થે પધાર્યા અને કૃતકૃત્યતા અભિવ્યક્ત કરી.

★ માગશર વદ પાંચમના રોજ પંચદશપ્રકાર પૂજન સંપન્ન થયું તથા વદ અષ્ટમીના રોજ મહાગણપતિ પૂજન સંપન્ન થયું.

★ તા.૮-૧૨-૯૮ તથા ૯-૧૨-૯૮ ના રોજ ટ્રસ્ટ સંચાલિત શ્રી મેનાબા-બાળમંદીરના બાળકોના સ્વાસ્થ્ય શિબિરનું આયોજન કરાયું હતું. જેમાં આચાર્યશ્રી જાનીબેને બધા બાળકોની ડૉ.અશોકભાઈ નાયક પાસે શારીરિક તપાસ કરાવી હતી.

★ તા.૧૧-૧૨-૯૮ ના રોજ પૂ.શિવગુરુજી પરદેશથી રાજરાજેશ્વરી પીઠમ્‌માં આવ્યા. તેમનું સ્વાસ્થ્ય સારું છે. પરદેશમાં શ્રીવિદ્યા પ્રસારના કાર્યમાં પ્રગતિ કરીને પરત આવ્યા. શ્રી ચક્રપૂજન તથા ઉત્સવો ત્યાંના ચાલતાશ્રીવિદ્યા ઉપાસક મંડળ (લંડન) દ્વારા સંપન્ન કરાવ્યા. ત્યાં દર શનિવારે સત્સંગ થાય છે. તેમણે શ્રી ઉપાસના અંકના નવા સભ્યો પણ નોંધ્યા. શ્રીવિદ્યા ઉપાસના મંડળ લંડનના ભક્તો તરફથી રૂા. ૧,૪૨,૭૦૦ની સખાવત અત્રે ઉપાસના અર્થે થનાર સાધના ગૃહ અંગે મેળવેલ છે. જેમના તરફથી આ ફંડ મળેલ છે તેઓના નામ તકતીમાં મૂકવામાં આવશે. લેસ્ટર ખાતે ભાઈશ્રી રમેશભાઈ અને શ્રી જશવંતભાઈ ઝહા તથા શ્રી હિતેન્દ્રભાઈ રાજ્યગુરૂને ત્યાં શ્રી યંત્રરાજનું પાત્રાસાદન પૂજન કરવામાં આવેલ, જેમાં લંડનના તથા લેસ્ટરના ભક્તસમુદાયે આનંદપૂર્વક ભાગ લીધો હતો.

★★

**✦ શ્રી દેવીબા પ્રેરિત શ્રી ઉપાસના અંકની સૂચના ✦**

**દરેક લેખ/રચના જે તે લેખકની વ્યક્તિગત જવાબદારી છે. જેની સાથે સંસ્થા/સંપાદક મંડળ સંમત છે તેવું માનવું નહિ.**

**-તંત્રીશ્રી**

# "गोरख गोपालं"

- શ્રી આત્મારામ ભારદ્વાજ

बसती न शून्य शून्यं न बसती अगम अगोचर ऐसा ।
गगन - सिषर महिं बालक बोले ताका नाँव धरहुगे कैसा ॥

( - ગોરખવાણી )


શ્રી ગોરખનાથના નામથી પ્રચલિત વિવિધ ચાળીસ પ્રકારની રચનામાંથી 'सबदी' વિભાગમાંની ઉપરોકત રચના છે. નાથ ગુરૂઓની વાણીમાં તેમના શિષ્યો અને અનેક શ્રધ્ધાળુઓમાં તેમના વિશે પ્રગાઢ વિશ્વાસની ભાવના ભરેલી છે.

શ્રી ગોરખનાથજી પરમ તત્ત્વ બાબત ઉપરોકત રચનામાં જણાવે છે કે, એ અગમ તત્ત્વ સુધી પહોંચવાની કોઈની શકિત (ક્ષમતા) નથી. આ પરમ તત્ત્વ ઈન્દ્રિયોથી જાણી સમજી શકાય તેવું નથી. અર્થાત્ અગોચર છે. તે એવું છે કે તેને વસ્તી (ભાવ) અને અભાવ (શૂન્ય) બન્ને કહી શકાય. આ પરમ તત્ત્વ સત્ અને અસત્ બન્ને ભેદોથી પર છે. એને 'આકાશ-મંડળમાં બોલવાવાળું બાળક' એવી ઉપમા આપેલ છે. આકાશમંડળ એટલે શૂન્ય અથવા આકાશ અર્થાત્ બ્રહ્મરન્ધ્રમાંજ બ્રહ્મ શકિતનો નિવાસ મનાયો છે. આ સ્થાનમાં પહોંચવાથી બ્રહ્મનો સાક્ષાત્કાર થઈ શકે છે. આ સ્થાનમાં જ આત્માને શોધવો પડે ! વળી બાળકની ઉપમા એટલા માટે આપેલ છે કે બાળક પાપ-પૂણ્યથી પર છે. વૃદ્ધાવસ્થા અને મરણથી જે પર છે, કાળ જેને સ્પર્શી શકતો નથી. તેવું સનત (નિત્ય) બાળસ્વરૂપ જ યોગીજનોને સિધ્ધ કરવાનો આદર્શ છે. એટલા માટે તો "गोरख गोपाल" - ગોરખનાથજીને 'बूढा बाल' કહ્યા છે !

આ અગોચર તત્ત્વનું નામ કેવી રીતે રાખી (આપી) શકાય ? કારણ કે તે સ્વયં નામ અને રૂપથી પર છે.

Registered with the Register of Newspapers for India New Delhi under No. 63479/95 Dated 29-3-96





શ્રી યંત્રરાજ